RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

## માસિક પત્રિકા

Issue: 9, Year: 67, December, 2020, Pages: 52, Price Rs. 7.00





આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# Bio Data



## Sagar Upen Shah

Education : M.S (Computer Science)
George Washington University,
Washington DC, U.S.A

**Personal Info**

Birth Date/Time : 18th Nov., 1988, 2.25 pm
Height/Weight : 5'4", 62 Kgs.
Horoscope : Clear
Birth Place : Dombivali (Mumbai)
Work Profile : Hadoop Developer Ford Motor Company, Michigan USA
USA Residential : Dearborn Michigan
Visa Status : H1-B (Green Card Applied)
Cell No. USA : +12022471070



## Jinal Upen Shah

Education : Bachelors in Commerce

**Personal Info**

Birth Date : 5th October 1992
Birth Time : 7.20am
Height : 5 Feet
Weight : 50 Kgs.
Horoscope : Clear
Birth Place : Borivali (Mumbai)
Work Profile : Working at CA Firm

Native Place : Sayla Dist. Surendranagar
Religion : Dasha Shrimali Sthanakvasi Jain
Address : D-135, Dev Nagar, Off: Saibaba Nagar, Kandivali (W) Mumbai-67
Tel. No. : 022-28620801 Contact: ✆ 9820129748 / 9664294990
Email : upen.shah01@gmail.com / i.sagarshah88@gmail.com

**Family Background**

Grand Parents : Late Jayantilal Vadilal Shah (Press Reporter)
Late Prabhaben Jayantilal Shah
Father : Upen Jayantilal Shah (B.Com) +91 9820129748
Mother : Panna Upen Shah (B.A) House Wife +91 9664294990

**Father's Business**

Company : Midas Commodity:
Broking, Shares, Commodity & Mutual Fund
Shop No.4&5, Siddhi Avenue, Chikuwadi, Borivali (W).
Mumbai - 92 Tel.: 022-28998079

**Paternal**

Uncle : Late Shashikant Jayantilal Shah — Late Sandhya Shashikant Shah
Kirti Jayantilal Shah +91 9833129748 — Late Nayana Kirti Shah

**Maternal**

Grand Parents : Late Mansukhlal Hakamshi Vora (Rojid)
Uncle : Ramesh Vora +91 9324151941 (Ghatkopar)
Arvind Vora +91 9821255784 (Ghatkopar)
Rashmin Vora +91 9821429381 (Mulund)
Ashok Vora: +91 9833154210 (Ghatkopar)
Shailesh Vora +91 9820422015 (Ghatkopar)

**Visiting India Second week of November 2020**

Advt.



# VATSAL MINESH DOSHI

**Education:** Chartered Accountant (18th rank), CFA, B.com

**Work Profile:** Executive Director at Shalibhadra Finance Limited

**Religion:** Zalawadi Visashrimali Sthanakwasi Jain

**Native Place:** Wadhwan City, Gujarat

**Grandparents:**

Late Mukundrai Himatlal Doshi
Late Kalavati Mukundrai Doshi

**Parents:**

Minesh Mukund Doshi (CA, B.com) - 9821054777
Sheetal Minesh Doshi (Homemaker) - 9892716000

Younger Sister: Ayushi Doshi (Pursuing CA)
Younger Brother: Dhruvil Doshi (Pursuing CA)

**Family Business:**

Shalibhadra Finance Limited
(BSE Listed Finance company)
Prabhadevi, Mumbai
www.shalibhadrafinance.com

**Paternal:**

Amit Mukund Doshi (Kaka), Vile Parle (East)
Stock Market Investing - 9324257468
Heena Amit Doshi (Kaki) – Homemaker

Mahendra Himatlal Doshi – 9821277966 (Ashish)
Mukund Automobiles (Bearing Business)

**Maternal:**

Rakesh Chandulal Parekh (Mama), Vile Parle (East)
Gold Leaf Purses - 9821125589

**Contact**

**Mob:** 9821714641
**Email:** doshivatsal1@gmail.com

**Personal Information**

**Birth Date:** 18th August, 1995
**Birth Time:** 10:27 a.m.
**Birth Place:** Vile Parle, Mumbai
**Height:** 5' 6''
**Weight:** 64 kg
**Complexion** Fair

**Address**

101-102, A wing,
Krishna Kunj,
Malviya Road,
Vile Parle (East),
Mumbai

Advt.



11th Aug 1995

# JAYNEEL JATIN SHAH

B/705, Dev Drasti,
Opp. Indira Complex,
60 Feet Road, Bhayander
(West), Mumbai.

**Shifting In Shortly**
A-1902,Nandanvan Society,
Nr. St. Annes School,
L.T.Road, Borivali (West)
Mumbai.

+91 82866 66819
+91 82863 81727

jayneelshah0909@gmail.com

## PERSONAL DETAILS:

**DATE & TIME OF BIRTH:** 11-AUG-1995; 5:21 A.M.

**BIRTH PLACE:** WADHWAN CITY(GUJARAT)

**HEIGHT:** 5.9" **WEIGHT:** 65KG

**EDUCATION:** B.COM-RITUMBHARA COLLEGE - ANDHERI (MUMBAI UNIVERSITY)

**NATIVE PLACE:** BOTAD (GUJARAT)

**RELIGION:** ZALAWADI STHANAKWASI VISHA SHRIMALI JAIN

**OCCUPATION:** BROKER OF CHEMICAL & SOLVENTS & CHEMICAL SUPPLIER (PRAGNA CORPORATION)

**OFFICE ADDRESS:** #11/15, ISSAJI STREET, KHIMJI MEGHAJI HOUSE, GROUND FLOOR, VADGADI, MASJID BANDAR, MUMBAI - 400003

**HOBBIES:** MUSIC & TRAVELING

## FAMILY DETAILS:

**FATHER:** JATIN MAHENDRABHAI SHAH
M: +91 92234 32760 / +91 92234 32761

**OCCUPATION:** CHEMICAL BROKER

**MOTHER:** PRAGNA JATIN SHAH
M: +91 93230 34398 / +91 79770 56207

**BROTHER:** PARV JATIN SHAH (YOUNGER BROTHER)

**GRAND FATHER:** LT. MAHENDRABHAI MOHANLAL SHAH

**GRAND MOTHER:** LT. KALABEN MAHENDRABHAI SHAH

**UNCLE:** LT. KETAN MAHENDRABHAI SHAH

**FAIBA/FUVA(3):** BHAMINI JAYESHKUMAR SHAH (KANDIVALI), JAYESHKUMAR(M) +91 93201 33699

**MOSAL DETAIL:**

**NANA:** LT.PRANLAL SOMCHAND VORA (WADHVAN CITY)

**NANI:** LT.DHIRAJBEN PRANLAL VORA (WADHVAN CITY)

**MAMA:** JIGNESH PRANLAL SOMCHAND VORA WADHVAN CITY NIVASI, RESIDING AT NALASOPARA
M: +91 93232 34561

**MASI/MASA (5):** RITABEN ASHOKKUMAR SANGHVI KANDIVALI, ASHOKKUMAR (M) +91 99308 10186

Advt.

## Bio-Data

# BHAVYA SAMIR SANGHVI



Mob. : 9821796187

Email Id. : bhavyasanghvi33@gmail.com

Address : 402- Abhilasha -2, Punjabi lane,
Above - Nawjeevan Blood Bank,
Borivali - West, Mumbai - 400 092

## Personal Detail

| | | |
|---|---|---|
| Date of Birth | : | 23rd June 1994 |
| Birth Time | : | 6:00 pm. |
| Birth Place | : | Sion (Mumbai) |
| Height | : | 5' 11" |
| Weight | : | 70 KG |
| Native Place | : | Limbdi (Gujarat) |
| Religion | : | Visha Shrimali Sthanakwasi Jain |
| Hobbies | : | Traveling / Trekking / Music |

## Education & Profession

| | | |
|---|---|---|
| Education | : | Chartered Accountant<br>CFA (USA) Level-2 (Pursuing Level-3)<br>B.com-N.M. College, M.com |
| Profession | : | Equity Analyst at Fortress Group<br>(Family Office of Ask Group) |

## Family Detail

| | | |
|---|---|---|
| Grand Father | : | Late Champaklal Ujamsi Sanghvi |
| Grand Mother | : | Late Shantaben Champaklal Sanghvi |
| Father | : | Samir Champaklal Sanghvi |
| Business | : | Share & Stock Advisor - 9821084320 |
| Mother | : | Bela Samir Sanghvi - 9821563331 |
| Younger Sister | : | Yashvi Samir Sanghvi (B.Com, M.Com) |
| Faiba/ Fua | : | Ritaben Ashwinbhai Shah - 9930524864<br>Nipaben Milanbhai Gandhi - 9820476688 |

| | | |
|---|---|---|
| Nana | : | Kirtibhai Pranlal Sakhidas - 9773935855 |
| Nani | : | Naynaben Kirtibhai Sakhidas- 9821452350 |
| Mama/Mami | : | Dr. Ketul (USA) / Dr. Zarine (USA) |

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાજંલિ



જન્મ :
૩૦- ૦૧-૧૯૪૮

મૃત્યુ:
૯-૧૨-૨૦૧૯

## ધર્માનુરાગી સ્વ. અશોકકુમાર વાડીલાલ શાહ

આપના વાત્સલ્યના વિયોગને એક વર્ષ પૂર્ણ થયુ છે. આપના આદર્શ અમારું માર્ગદર્શન. આપનુ સાદગીભર્યુ નિ:સ્વાર્થ જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ  સ્વભાવ તથા લાગણીશીલતા અમે હંમેશા યાદ રાખશુ.

ચંદન સમુ  જીવન જીવીને, સુખ સહુને આપી ગયા.

તમારી સચ્ચાઈ, મહેનત, હિંમત, સહનશક્તિ તથા સાધના અને ધર્મભક્તિને નમસ્કાર.

જીવન એવુ જીવી ગયા કે કદી ભૂલાય નહી. વિદાય એવી લીધી કદી વિસરાય નહી.

મળે આપને શાશ્વત સુખ એજ જિનેશ્વર પ્રભુને પ્રાર્થના.

### મુક્તિ માર્ગના યાત્રીને
### વંદન કરતા આપના સ્વજનો

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | સ્વ. રેખાબેન અશોકકુમાર |
| પુત્ર-પુત્રવધુ | : | સોહિલ-હેતલ |
| દિકરી જમાઈ | : | જલ્પા બ્રિજેશકુમર શાહ |
| દિકરી | : | સ્વ. રિધ્ધિ અશોકકુમાર શાહ |
| પૌત્ર-પૌત્રી | : | સિધ્ધ, કંગના |
| દોહિત્ર | : | આગમ |

**શ્રી વાડીલાલ મોહનલાલ શાહ પરિવાર (પેરેડાઈઝ વાળા)**
**શ્રી હરીલાલ શાંતીલાલ શાહ (હડાળા વાળા)**

Advt.

|| શ્રી મહાવીરાય નમઃ ||

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ અશ્રુભીની શ્રધ્ધાંજલિ.

# સ્વ. ચંદ્રકાંત ચંદુલાલ શાહ.

(ધાંગધ્રા નિવાસી હાલ સાન્તાક્રુઝ)

જન્મ
૧૬.૧.૧૯૩૭



અરિહંતશરણ
૪.૧૨.૨૦૧૯

દેહ નશ્વર છે આત્મા અજર અમર અવિનાશી છે.
ભલે દેહથી તમે દૂર વસ્યા પણ આત્મસ્વરૂપે સદાય અમારી સાથે જ છો...

હરપળ હરક્ષણ તમને યાદ કરનાર તમારા આત્મીય સ્વજનો...

ધર્મ પત્ની રસીલા ચંદ્રકાંત શાહ.
દીકરી – જમાઈ – ભાવના આશિષ શાહ.
દીકરી પીના ચંદ્રકાંત શાહ.
દોહિત્ર – સિધ્ધાર્થ આશિષ શાહ.

"જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની,
આંસુ મહીં યે આંખથી યાદી ઝરે છે આપની."

પપ્પા એટલે પરમેશ્વરના પુરાણો કરતાં પણ વધુ
પ્રેક્ટીકલ પ્રેરણાદાઈ પુસ્તક.

માતા – પિતા સ્વ. કમળાબેન ચંદુલાલ શાહ.
મોટાભાઈ – હસમુખભાઈ ચંદુલાલ શાહ.
ભાભી – સ્વ. તરુલતા હસમુખભાઈ શાહ.
બેન – ગં. સ્વ. કોકિલાબેન મહેન્દ્રકુમાર શાહ.
સ્વ. રમાબેન પ્રવિણકુમાર શાહ.

સાસુ – સસરા – સ્વ. ધીરજબેન પ્રેમચંદ ગોસલિયા.
સાળા – સ્વ. ગૌતમ પ્રેમચંદ ગોસલિયા.
સાળી – અ.સૌ. રેખા ભરતકુમાર શાહ.

**પ્રભુ આપના દિવ્ય પવિત્ર આત્માને**
**શાશ્વત પરમ શાંતિ અર્પે એજ અભ્યર્થના.**

Advt.

## પાંચમી પુણ્યતિથિ સ્નેહની સ્મરણાંજલિ

પામો આપ પરમ સમાધિ

જન્મ :
૦૯-૦૪-૧૯૪૨



પામો આપ મોક્ષ ગતિ

અરિહંતશરણ :
૨૫-૧૦-૨૦૧૫

# જીતેન્દ્રભાઈ મણિલાલ શાહ


આપની હાજરી હતી જાજરમાન
આપની વાચા હતી વજનદાર
છે પળ પળ યાદ આપની હૃદયસ્થાન
વ્યવહારિકતા, દૂરંદર્શી, સજ્જનતા;
અને શ્વેત પોશાક હતી આપની ઓળખાણ,
શૂન્યથી સર્જ્યુ ને કર્યો જીવન ઉધ્ધાર
ઉપકારી અમારા, રહીશું અમે ઋણી તમારા,
આપના સદ્ગુણો અપનાવીએ અમે,
અર્પીએ આપને સાચી સ્નેહાંજલી

**શ્રધ્ધાંજલિના સુમન અર્પણ કરતાં આપના**

ધર્મપત્ની : સરલાબેન જીતેન્દ્રભાઈ શાહ
પુત્ર-પુત્રવધુ : તુષાર-નીતા
તેજસ-સેજલ
મીતુલ-પુનિતા
દિકરી-જમાઈ : કવિતા અક્ષયભાઈ ડેલીવાલા
પૌત્ર-પૌત્રી : પ્રિયલ-ધર્મીલ, વત્સલ, હિતાર્થી
રાહિલ, દિશા, ભૂમિ
દોહિત્રી-જમાઈ : લબ્ધિ-નીલ, નમિતા

**નેપચ્યુન પેપર કંપની • નેપચ્યુન ઈમપેક્સ**
**(સમસ્ત સ્ટાફ પરિવાર)**

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)

સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ડિસેમ્બર ૨૦૨૦

વર્ષ : ૬૭ : : અંક : ૯

: તંત્રી :

સંધ્યાબેન બિપિનભાઈ શાહ

માલિક :

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા

: મુદ્રક અને પ્રકાશક :

પ્રવીણચંદ્ર જી. શાહ

: પ્રકાશન સ્થાન :

૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન), પહેલે માળે, ચીરાબજાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.

ટેલિફોન : ૨૨૦૧૨૮૭૦, ૨૨૦૦૦૦૯૭

Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી, ૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ૩૧૬, એન. એમ. જોશી માર્ગ, ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ) મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૪૦૦૩૨૪૯૬

: ફક્ત પત્રિકાનું લવાજમ :

ત્રણ વર્ષના રૂપિયા ૪૦૦/–

છૂટક નકલ રૂા. ૭/–


શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
બપોરના ૧૨–૦૦ થી સાંજના ૫–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



## તંત્રી લેખ... ✍

૨૦૨૦ નું વિદાય લેતું વર્ષ બહુ ઉઝરડા આપી ગયું. સ્વજનો અને પરિચિતોની આકસ્મિક વિદાયે સર્જાયેલો ખાલીપો, અસ્તિત્વને ટકાવવાની મથામણ, આર્થિક સંકડામણ અને ભવિષ્યની આશંકાએ આપણે સહું સતત ફફડતા રહ્યા. ઈશ્વરની કૃપા, વડીલોના આર્શીવાદ, પરિવારની હૂંફ અને મિત્રોના સ્નેહનું મૂલ્ય સમજાયું છે. એથી કહું છું સહુને કે આ કપરા કાળમાં

***''સૌ તમે સાથે રહ્યા તો વર્ષ આ સારું રહ્યું***
***સૌ તમે સાથે રહ્યાં તો વર્ષ જોશ એકધારું રહ્યું''***

હવે તો એજ ઝંખના છે કે ઘવાયેલા, પીડાયેલા, વિખૂટા પડી ગયેલા સહુને કળ વળે, શાતા મળે, રાહત મળે... આપણે નવા વર્ષે એવી જ પ્રાર્થના કરીએ કે હવેના વરસો હાડમારી, આર્થિક અનિશ્ચિતતા અને બીમારીથી મુક્ત હોય... જગતના સર્વ લોકો સુખ, શાંતિ, સંપદા અને નિરામય આરોગ્યનો અનુભવ કરે..

ઈશ્વરની અપાર કરૂણાના આપણે નિમિત્ત બનીએ. આંખમાં કરૂણા આંજીને કોઈના હમદર્દ બનીશું તો અપાર સુખ મળશે.. કારણ કશુંક આપવાથી મળતો આનંદ આપણને સાચું સુખ આપે છે. ચાલો, હૈયાનું વહાલ વહેંચીને સ્વજનોને આપદામાંથી ઉગારીએ.. નવા વર્ષના સોનેરી સુર્યોદયની પ્રતિક્ષા કરીએ.

નવું વર્ષ સહુને કાજે રચનાત્મક અને શાતાકારી બની રહે તેવી અભ્યર્થના.

**– સંધ્યા શાહ**

એક સામાન્ય પેન્ટ અને શર્ટ પહેરીનેએક વ્યક્તિ તેના લગભગ ૧૫ થી ૧૬ વર્ષના દીકરા સાથે મોટી હોટલમાં પ્રવેશ કરે છે. બંને જગ્યા જોઈને ખુરશી પર બેસે છે. ખુરશી પર બેસે છે એટલે તેને જોઈને એક વેઈટર તેઓ પાસે જાય છે અને એકદમ સ્વચ્છ પાણીના બે ગ્લાસ તેમની સામે રાખે છે અને તેઓને પૂછે છે નમસ્કાર સાહેબ, તમારા માટે શું લાવું ?

તે માણસે જવાબ આપ્યો કે મેં મારા દીકરાને વચન આપ્યું હતું કે જો તુ દસમા ધોરણમાં સારા માર્કે પાસ થઈ જઈશ તો હું તને મોટી હોટલમાં જમવા માટે લઈ જઈશ. આજે મારા દીકરાએ એનું વચન પૂર્ણ કર્યું છે, અને તે માત્ર દસમા ધોરણમાં ઉત્તીર્ણ નથી થયો તે તેનો બોર્ડમાં પણ નંબર આવ્યો છે. એટલે તમે કૃપા કરીને તેના માટે અહીંની સ્પેશિયલ થાળી લઈને આવો.

વેઈટરે પૂછ્યું, ઓકે તમારા દીકરા માટે હું અહીં ની સ્પેશિયલ પંજાબી થાળી લઈને આવું છું, તમારા માટે શું લઈને આવું ? તે માણસ ફક્ત ઈશારો કરીને કશું નહીં લાવવા માટે વિનંતી કરી.

વેઇટર નું ધ્યાન તે માણસે પહેરેલા શર્ટ માં પડ્યું, શર્ટનો કોલર ઘસાઈ ઘસાઈને સહેજ ફાટી ગયો હતો. વેઇટરને એ ભાઈના કપડા તેમ જ તેની વાતો સાંભળીને એવું જ લાગ્યું કે તે ભાઈ ની આર્થિક પરિસ્થિતિ નબળી હશે તેમ છતાં દીકરા માટે થઈને તેઓ મોટી હોટલમાં દીકરાને જમાડવા માટે આવ્યા હતા. આ દૃશ્ય જોઈને વેઈટર ભાવુક થઈ ગયો અને તે હોટેલના માલિક પાસે ગયો અને આખી વાત માલિકને જણાવી, સામાન્ય રીતે કોઈ મોટા હોટલમાં ડિસ્કાઉન્ટ પણ નથી હોતું એવામાં આ હોટલના માલિકે તે વેઈટરની વાત સાંભળીને કંઇક અલગ પ્રકારનો જ નિર્ણય લીધો.

તેણે વેઇટરને કહ્યું, હમણાં એ ટેબલના ઓર્ડરને લઈને ટેબલ પર ન જઈશ, અને તે ટેબલ પર એક કેક લઇને પહોંચ એટલામાં હું પણ ત્યાં આવું છું. અચાનક જ વેઈટર ટેબલ પર કેક લઈને જાય છે એટલે પેલા માણસે આશ્ચર્યચકિત થઇને વેઇટરને કહ્યું અમે આ કેક નો ઓર્ડર નથી કર્યો. તમારી કંઈક ભૂલ થતી લાગે છે.



## ઔદાર્ય

એવામાં જ હોટલના માલિક આવ્યા અને તેણે જણાવ્યું સાહેબ આમાં અમારી કંઈ જ ભૂલ નથી થતી, તમારા દીકરાની ઉપલબ્ધિ વિશે મને વેઈટરે બધી વાત જણાવી એટલે આ કેક તેમ જ આજની આ સાંજ અમે તમારા માટે યાદગાર બનાવીશું. કેક આવ્યાના થોડા જ સમય પછી ટેબલ શણગારી દીધું, અને દીકરાની સફળતાની ઉજવણી કરી.

પછી હોટલના માલિકે પૂછ્યું, તમારા ઘરેથી બીજું કોઈ નથી આવ્યું ? પેલા માણસે કહ્યું મારી પત્ની ઘરે છે.

હોટલના માલિકે તે માણસને હોટલની સ્પેશિયલ થાળી પાર્સલ કરી અને મોટી મોટી ત્રણ થેલીઓ આપી તેમ જ સાથે દીકરાને એક સુંદર મજાની સોગાદ પણ આપી. દીકરો આ બધું જોઇને એકદમ ખુશ થઈ ગયો. અને તે હરખના આંસુ સાથે ઘરે ગયો, ઘરે ગયા પછી દીકરો અને તેના માતા-પિતાએ સાથે મળીને ભોજન કર્યું બધા લોકો એકદમ ખુશ થઈ ગયા હતા. ખાસ કરીને હોટલના માલિકનું આવું અભૂતપૂર્વ વર્તન જોઈને દીકરો ખૂબ રાજી થઈ ગયો હતો.

ધીરે-ધીરે સમય પસાર થતો ગયો, દીકરો પહેલેથી જ ભણવામાં હોશિયાર હતો તે ભણી ગણીને મોટો અધિકારી બની ગયો. અને થોડા સમય પછી દીકરો પોતાના શહેરમાં કલેકટર તરીકે આવ્યો. તેણે આવીને સૌથી પહેલા એ હોટલમાં સંદેશ પાઠવ્યો કે કલેકટર સાહેબ આજે રાત્રે આ હોટલમાં જમવા માટે આવશે.

હોટેલના માલિક આ વાત સાંભળીને ખુશ થઈ ગયા અને તરત જ એક ટેબલ ને ખૂબ જ સરસ રીતે શણગારી દીધું. અને કલેકટર સાહેબ રાત્રિનું ભોજન આ હોટલમાં કરવાના છે આ સમાચાર મળતા જ તે હોટલ ગ્રાહકોથી ભરાઈ ગઈ હતી.

પરંતુ કલેકટર સાહેબ માટે એક ટેબલ ખાલી રાખવામાં આવ્યું હતું, પોતાના સમય અનુસાર કલેકટર સાહેબ તેના માતા-પિતા સાથે હોટલ પહોંચ્યા એટલે હોટલના માલિક સહિત હોટેલના તમામ સ્ટાફ કલેકટર સાહેબનો સન્માન કરવા માટે ઊભો થયો. હોટલના માલિક ખુદ તેના ટેબલ પર આવ્યા અને તેને પુષ્પગુચ્છ આપીને તેને ઓર્ડર આપવા માટે વિનંતી કરી.

ત્યારે એ નવયુવાન કલેકટરે પોતાની જગ્યા પરથી ઊભા થઈને હોટલના માલિક તેમ જ વેઈટર સામે નમી ગયા, અને કહ્યું કદાચ તમે બંને લોકો મને નહીં ઓળખી શક્યા હોય પરંતુ હું એ જ છોકરો છું જેના પિતાએ એક થાળી નો ઓર્ડર તો કર્યો હતો પરંતુ બીજી થાળી લેવા માટે પૈસા નહોતા અને એ સમયે તમે બંને માનવતાનો સાચો દાખલો રજૂ કરીને મારા દસમા ધોરણમાં પાસ થવાની ખુશીમાં મને એક અદભુત પાર્ટી આપી હતી અને તમે મને હોટલની સ્પેશિયલ થાળી પાર્સલ કરીને પણ આપી હતી.

આજે હું કલેક્ટર બની ગયો છું પરંતુ એ રાત્રી મને આજે પણ યાદ છે, અને આજે હું તમને બધાને પાર્ટી આપું છું અહીં જેટલા ગ્રાહકો છે તેમ જ જેટલો સ્ટાફ છે તે બધા લોકોના બિલ આજે હું આપીશ. અને તમને એક બેસ્ટ સીટીઝનથી સન્માનિત પણ કરવામાં આવશે.

વાત માત્ર થાળીની નથી, આ વાત તમારી સાથે શેર કરી છે તે મહત્વનો ઉપદેશ આપીને જાય છે કે આપણે જે સમાજમાંથી આવ્યા છીએ એ સમાજમાં ઘણા એવા લોકો છે જે ગરીબ - લાચાર પણ છે. અને આ ગરીબ અને લાચાર વ્યક્તિઓની ક્યારેય મજાક ઉડાવવી ન જોઈએ પરંતુ ઊલટું તેની પ્રતિભાને માન આપવું જોઈએ, અને તેને પ્રોત્સાહન આપવું જોઇએ.

તમારી નાની એક પહેલ ને લીધે એવું પણ શક્ય બને કે તમારી ઉદારતાને લીધે કોઈપણ છોકરો કે છોકરી આગળ વધીને તેના લક્ષ્ય સુધી પહોંચે તો આપણા સમગ્ર સમાજને લાભ કરી શકે છે. ✱✱✱



# ભગવાન પર ભરોસો

એક જૂની ઇમારતમાં વૈદજીનું મકાન હતું. પાછળના ભાગમાં રહેતા હતા અને આગળના ભાગમાં દવાખાનું ખોલી રાખ્યું હતું. તેમનાં પત્નીની આદત હતી કે દવાખાનું ખોલવાના પહેલા, તે દિવસના માટે આવશ્યક ચીજ-વસ્તુઓ એક ચિઠ્ઠીમાં લખીને દેતાં હતા. વૈદજી ગાદી પર બેસીને પહેલા ભગવાનનું નામ લેતા પછી તે ચિઠ્ઠી ખોલતા.

પત્નીએ જે વસ્તુઓ લખી હોય તેના ભાવ જોતાં, પછી તેનો હિસાબ કરતા. પછી પરમાત્માને પ્રાર્થના કરતા કે હે ભગવાન ! હું કેવળ તારાં જ આદેશના અનુસાર તારી ભક્તિ છોડીને અહીં દુનિયાદારીના ચક્કરમાં આવી બેઠો છું. તેઓ ક્યારેય પોતાના મુખેથી કોઈ પણ દર્દીથી ફીસ નહોતાં માગતા. કોઈ દેતું હતું, કોઈ ન પણ દેતું પરંતુ એક વાત નિશ્ચિત હતી કે જેવો તે દિવસનો આવશ્યક સામાન ખરીદવા પુરતા પૈસા આવી જાય, તેનાં પછી કોઈની પાસેથી દવાના પૈસા લેતા ન હતા ભલેને તે દર્દી કેટલો પણ ધનવાન કેમ ન હોય !

એક દિવસ વૈદજીએ દવાખાનું ખોલ્યું. ગાદી પર બેસીને પરમાત્માનું સ્મરણ કરીને પૈસાનો હિસાબ કરવાં આવશ્યક વસ્તુઓવાળી ચિઠ્ઠી ખોલીને એકીટસે જોતાં જ રહી ગયા. એક વાર તો તેમનું મન ભટકી ગયું. તેમને પોતાની આંખોના સામે તારા ચમકતા નજર આવ્યા પરંતુ શિઘ્ર જ તેમને પોતાની તંત્રિકાઓ પર નિયંત્રણ કરી લીધું. લોટ, દાળ-ચોખાના પછી પત્નીએ લખ્યું હતું, દીકરીના લગ્ન ૨૦ તારીખના છે, તેના દહેજનો સામાન. થોડી વાર માટે બાકીની ચીજોની કિંમત લખવાના બાદ દહેજના સામાનની સામે લખ્યું, આ કામ પરમાત્માનું છે, પરમાત્મા જાણે.

એક-બે દર્દી આવ્યા હતા. તેઓને વૈદજી દવા દઈ રહ્યાં હતા. તે દરમ્યાન એક મોટી કાર તેમનાં દવાખાનાની સામે આવીને રોકાઈ. વૈદજીએ કોઈ ખાસ ધ્યાન આપ્યું કેમકે ઘણા કારવાળા તેમની પાસે આવતા રહેતા હતા. બન્ને દર્દી દવા લઈને ચાલ્યા ગયા. તે સૂટેડ-બૂટેડ સાહેબ કારમાંથી બહાર નીકળ્યા અને નમસ્તે કરીને બેંચ પર બેસી ગયા. વૈદજીએ કહ્યું કે જો આપે દવા લેવાની છે તો અહીં સ્ટૂલ પર આવો જેથી નાડી જોઈ લઉં અને કોઈ બીજા માટે લઈ જવાની હોય તો બીમારીની સ્થિતિનું વર્ણન કરો.

તે સાહેબ કહેવા લાગ્યા, વૈદજી ! આપે મને ઓળખ્યો નહીં. મારું નામ કૃષ્ણલાલ છે. હાં... આપ મને ઓળખી પણ ક્યાંથી શકો ? કેમકે ૧૫-૧૬ વરસ બાદ આપના દવાખાના પર આવ્યો છું. આપને પાછલી મુલાકાતના હાલ સંભળાવું છું, પછી આપને બધી વાત યાદ આવી જશે. જ્યારે હું પહેલી વાર અહીં આવ્યો હતો તો હું જાતે આવ્યો ન હતો પરંતુ ઈશ્વર આપની પાસે લઈ આવ્યો હતો કેમકે ઈશ્વરે મારા પર કૃપા કરી હતી અને તે મારું ઘર હર્યુ-ભર્યુ કરવા ઈચ્છતો હતો. થયું એમકે હું કારથી પિતરાઈના ઘરે જઈ રહ્યો હતો અને બિલકુલ આપના દવાખાનાની સામે અમારી કાર પંકચર થઈ ગઈ. ડ્રાઈવર વ્હીલ કાઢીને પંકચર કરાવવા લઈ ગયો. આપે જોયું કે ગરમીમાં કારની પાસે ઊભો હતો તો આપ મારી પાસે આવ્યા અને દવાખાનાની તરફ ઇશારો કર્યો કે ત્યાં છાયામાં ખુરશી પર બેસવાનું કીધુ. હું આવીને ખુરશી પર બેસી ગયો. ડ્રાઈવરે કંઈક વધારે વાર લગાવી દીધી હતી.

એક નાની બેબી પણ ત્યાં મેજની પાસે ઊભી હતી અને ઘડીયે ઘડીયે કહી રહી હતી, ચાલો ને બાબા ! મને ભૂખ લાગી છે. આપ તેને કહી રહ્યાં હતા કે બેટા ! થોડી ધીરજ ધરો, આવું છું. હું તે વિચાર કરી રહ્યો હતો કે આટલી વારથી હું આપની પાસે બેઠો હતો અને મારા જ કારણે આપ ખાવા પણ નથી જઈ રહ્યાં ! મારે કંઈક દવા ખરીદી લેવી જોઇએ જેથી આપની પાસે બેસવાનો ભાર ન લાગે. મેં કહ્યું, વૈદજી ! છેલ્લા ૫-૬ વરસથી ઇંગ્લેંડમાં રહીને કારોબાર કરી રહ્યો છું. ઇંગ્લેંડ જવાના પહેલા લગ્ન થઈ ગયા હતા પરંતુ હજી સુધી સંતાન - સુખથી વંચિત છું. અહીંયા પણ ઇલાજ કરાવ્યો અને ત્યાં ઇંગ્લેંડમાં પણ પરંતુ કિસ્મતે નિરાશા સિવાય કાંઈ ન દીધું.

આપે કહ્યું હતું, મારા ભાઈ ! ભગવાનથી નિરાશ ન થાવ. યાદ રાખો કે તેના કોષમાં કોઈ ચીજની કમી નથી. આશ-ઓલાદ, ધન-ઇજ્જત, સુખ-દુખ બધું જ એના હાથમાં છે. એ કોઈ વૈદ કે ડોક્ટરના હાથમાં નથી હોતું અને ન તો કોઈ દવામાં હોય છે. જે કાંઈ થવાનું હોય છે તે બધું ભગવાનના આદેશથી થાય છે. ઓલાદ દેવી છે તો તે જ દેવાના છે. મને યાદ છે આપ વાતો કરતા જઈ રહ્યા હતા અને સાથે પડીકીઓ બનાવતા પણ જઈ રહ્યા હતા. બધી દવા આપે બે ભાગોમાં વિભાજિત કરીને બે લિફાફામાં નાખી હતી અને પછી મને પૂછીને એક લિફાફા પર મારું નામ અને બીજા પર મારી પત્નીનું નામ લખીને દવાનો ઉપયોગ કરવાની રીત કહી હતી.

મેં ત્યારે એમ જ તે દવા લઈ લીધી હતી કેમકે હું ફક્ત થોડા પૈસા આપવા ઇચ્છતો હતો. પરંતુ જ્યારે દવા લઈ લીધા બાદ મેં પૈસા પૂછ્યા તો આપે કહ્યું હતું, કાંઈ લેવાનું નથી. પરંતુ આગ્રહ કર્યો તો આપે કહ્યું હતું, આજનું ખાતું બંધ થઈ ગયું છે.

મેં કહ્યું, આપની વાત સમજમાં ન આવી ! તે દરમ્યાન એક માણસ ત્યાં આવ્યો, તેણે અમારી ચર્ચા સાંભળીને મને બતાવ્યું કે ખાતું બંધ થવાનો મતલબ એ છે કે આજના ઘરેલુ ખર્ચના માટે જેટલી રાશી વૈદજીએ ભગવાન પાસે માગી હતી તે ઈશ્વરે તેમને દઈ દીધી છે. અધિક પૈસા તેઓ નથી લઈ શકતા.

હું થોડો હેરાન થયો અને થોડો લજ્જિત

પણ કે મારા વિચાર કેટલા નિમ્ન હતા અને એ સરલચિત્ત વૈદ કેટલા મહાન છે. મેં ઘર પર જઈ પત્નીને ઔષધિ દેખાડી અને બધી વાત કહી તો તેના મોઢામાંથી શબ્દો નીકળ્યા, તે ઇન્સાન નહીં કોઈ દેવતા છે અને તેમની દીધેલી દવા જ અમારા મનની મુરાદ પૂરી કરવાનું કારણ બનશે. આજે અમારા ઘરમાં બે ફૂલ ખીલેલા છે. અમે પતિ-પત્ની હર સમય આપના માટે પ્રાર્થના કરતા રહીયે છીએ. આટલાં વરસો સુધી કારોબારે ફૂરસદ જ ન દીધી કે સ્વયં આવીને આપથી ધન્યવાદના બે શબ્દો કહી જતા. આટલા વરસો બાદ આજે ભારત આવ્યો છું અને કાર કેવળ અહીં જ રોકી છે.


વૈદજી ! અમારો પરિવાર ઇંગ્લેંડમાં સેટલ થઈ ચૂક્યો છે. કેવળ મારી એક વિધવા બહેન પોતાની દીકરીની સાથે ભારતમાં રહે છે. અમારી ભાણેજના લગ્ન આ મહિનાની ૨૧ તારીખના થવાના છે. ન જાણે કેમ જ્યારે-જ્યારે અમારી ભાણેજના આણાંના માટે કોઈ સામાન ખરીદ કરતો તો મારી નજરના સામે આપની તે નાનકડી દીકરી પણ આવી જતી હતી અને હર વસ્તુ હું બમણી ખરીદી લેતો. હું આપના વિચારોને જાણતો હતો કે સંભવતઃ તે વસ્તુઓ ન લો પરંતુ મને લાગતું હતું કે મારી પોતાની સગી ભાણેજના સાથે જે ચહેરો હર વાર દેખાતો રહ્યો છે તે પણ મારી ભાણેજ જ છે. મને લાગતું હતુ કે ઈશ્વરે આ ભાણેજના લગ્નના આણું ભરવાની જવાબદારી દીધી છે.

વૈદજીની આંખો આશ્ચર્યથી ખૂલી રહી ગઈ અને બહુ ધીમા અવાજે બોલ્યા, કૃષ્ણલાલજી ! આપ જે કાંઈ કહી રહ્યા છો તે મારી સમજમાં નથી આવી રહ્યું કે ઈશ્વરની આ શું માયા છે. આપ મારી શ્રીમતીના હાથની ચિઠ્ઠી જુઓ ! અને વૈદજીએ ચિઠ્ઠી ખોલીને કૃષ્ણલાલજીને પકડાવી દીધી. ત્યાં ઉપસ્થિત બધા એ જોઈને હેરાન રહી ગયા કે, 'દહેજનો સામાન' ના સામે લખ્યું હતું, 'આ કામ પરમાત્માનું છે, પરમાત્મા જાણે !' કાંપતા અવાજમાં વૈદજી બોલ્યા, કૃષ્ણલાલજી ! વિશ્વાસ કરજો કે આજ સુધી એવું થયું નથી કે પત્નીએ ચિઠ્ઠી પર આવશ્યક્તા લખી હોય અને પરમાત્માએ તે જ દિવસે તેની વ્યવસ્થા ન કરી દીધી હોય ! આપની વાત સાંભળીને તો એવું લાગે છે કે ક્યા દિવસે મારી શ્રીમતી શું લખવા વાળી છે અન્યથા આપનાથી એટલા દિવસ પહેલા જ સામાન ખરીદવા આરંભ ન કરાવી દીધો હોત પરમાત્માએ !!

વાહ પ્રભુ વાહ ! તું મહાન છે, તું દયાવાન છે !!! હું હેરાન છું કે તે પોતાનો રંગ કેવો કેવો દેખાડે છે !!!

વૈદજીએ આગળ કહ્યું, સવારે ઊઠીને ઉંઘમાંથી ઉઠાડવા બદલ પરમાત્માનો આભાર માનો, સાંજે સારો દિવસ પસાર થયાનો આભાર માનો, અને રાત્રે સૂતા સમયે તેનો આભાર માનો. ✱✱✱

# આંબો ને તુલસી



ફળિયાના ક્યારામાં ગોળ કરી, આંબાના છોડને ગોમતી ખાતર આપી રહી હતી.

નાની લાભુ રમતી હતી.

"બા.. આ તુલસીને પણ ખાતર આપને...''

"ના..એને ખાતરની જરૂર નહીં.. ખાલી પાણી જ અપાય...''

"કેમ ?"

"આંબો મોટો થઈને છાંયો કરશે..ને કેરી આપશે.. એને ધ્યાન દઈ ઉછેરવો પડે..ને તુલસી તો આપમેળે ઉગે-ઉછરે..ને એક વરસે સુકાઈને વનમાં જાય.''

બા રોજ ભાઈને પરાણે ઘી-ગોળ ખવડાવતી તે દૃશ્ય લાભુના મનમાં ચીતરાયું... કંઈક સમજાયું... કંઈક ન સમજાયું...

તેને લાગ્યું... શું આંબા ને તુલસીમાં ફેર... એટલો જ ભાઈ ને બેનમાં પણ.. બપોરે ખાવા ટાણે બાએ પુછ્યું, ''તને શું આપું.''

આંબો અને તુલસી... હજી પણ તેના મનમાંથી ખસ્યાં નહોતાં...

મોંમાંથી પરાણે શબ્દો સરી પડ્યા...

"બા, મને ઘી-ગોળ ના ભાવે..હો..''

ને એક આંચકો ગોમતીના હૃદય સુધી પહોંચી ગયો.. મનોમન વિચાર્યું.. મારી દીકરી બહુ સમજુ છે.. મેં ક્યારેય ભઈલાની જેમ આગ્રહ કરીને ઘી-ગોળ આપ્યા નથી.. એટલે એનાથી બોલાઈ ગયું લાગે છે... તરત જ વાટકી ભરીને ઘી-ગોળ આપ્યા.



" ભલે ના ભાવે.. પણ આટલું ખુટાડ.. પછી જ બીજું માંગીશ તે આપીશ.."

ખાતાં-ખાતાં લાભુએ પુછ્યું.." બા.. ભગવાનને પ્રસાદ ધરીએ.. એમાં તો તુલસીનું જ પાંદડું નખાય ને..? આંબાનું કેમ નહીં..?"

ગોમતી હસી.. " દીકરી.. તુલસી પવિત્ર છે.. એટલે ભગવાનને ગમે છે.."

લાભુના ચહેરા પર સંતોષની લેરખી ફરી વળી.. ભાઈ ભલે ને આંબો થાય.. હું તો તુલસી છું ને... ✱✱✱

# જીવન ઉન્નતિ

## છોડવા જેવો કુસંગ...કરવા જેવો સત્સંગ... અને અંતે થવા જેવું નિઃસંગ

□ આચાર્ય વિજયરાજરત્નસૂરિ

સંપર્ક-સંબંધ-સંગત જો ખરાબની હોય તો જીવન દોષોની-દુવૃત્તિઓની-દુષ્પવૃત્તિઓની દુર્ગંધથી ખદખદી ઊઠયા વિના ન રહે. અને જો સંપર્ક-સંબંધ-સંગત સારાની હોય તો જીવન સદ્વૃતિઓની-સત્ય પ્રવૃત્તિઓની સુવાસથી તરબ-તર થયા વિના ન રહે, આ વાસ્તવિકતાને લક્ષ્યમાં રાખી 'યોગશાસ્ત્ર' ગ્રન્થમાં કાલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે 'માર્ગાનુસારી' જીવોનો આઠમો ગુણ દર્શવ્યો છે સદાચારી વ્યક્તિઓનો સંસર્ગ, એમણે આ અંગે ત્યાં શબ્દ પ્રયોગ કર્યો છે. ''કૃત્તસંગ : સદાચારે'' મતલબ કે જેમના આચારો સત્ છે. શિષ્ટજનોને માન્ય છે તેવી વ્યક્તિઓના સંપર્કમાં-સંબંધમાં માર્ગાનુસારી વ્યક્તિ રહે.

અલબત, મોક્ષથી ઉપદેશધારા ધરાવતી જૈન પરંપરા પ્રથમ ક્રમે તો એમ જ કહે છે કે નિસર્ગ બની જવું-કોઇ પણ પ્રકારના સંગથી રહિત થઈ જવું એ સર્વશ્રેષ્ઠ સ્થિતિ છે. કારણ કે સાધનાના અંતે સિદ્ધિ વરતા તમામ સિદ્ધાત્માઓ નિઃસંગ હોય છે. આ કક્ષા હાંસલ કરવાની સાધના પણ બાહ્ય-અભ્યંતર નિઃસંગદશા કેળવવા દ્વારા થતી હોય છે. પરંતુ જ્યાં સુધી એવું સામર્થ્ય ન આવે ત્યાં સુધી સત્સંગ જ એનો રામબાણ ઉપાય છે. સત્સંગ એવો સરસ વિકલ્પ છે કે જે વર્તમાન જીવન સદ્ગુણોથી સજાવે અને પરંપરાએ નિઃસંગદશા તરફ લઇ જાય, એથી વિપરીત, કુસંગ એવો ખતરનાક વિકલ્પ છે કે જે વર્તમાન જીવનને દોષોથી-દૂષણોથી નિધ બનાવે અને પરંપરાએ દુર્ગતિ તરફ લઇ જાય. આપણે આ બન્નેના સારા-નરસા પરિણામોના ખ્યાલ માટે ચાર પ્રકારના મણિનાં માધ્યમથી એમની વિચારણા કરીએ :

*પારસમણિ સમા સદ્ગુરુના સ્પર્શે એમનું જીવન એવું ઝળહળી ઊઠયું કે એમના અઢાર દેશનાં સામ્રાજ્યમાં ક્યાંય જીવહિંસા થતી નહિ. અરે ? 'માર' શબ્દ પણ ન બોલી શકાય એવી જડબેસલાખ અહિંસા સ્થાપના એમણે કરાવી હતી*

૧) રિષ્ટમણિ : મણિ અર્થાત રત્નો ભલે મૂલ્યવાન ગણાતા હોય, પરંતુ એમાંય જાતજાતની વિલક્ષણતા ધરાવતા રત્નો હોય છે. એમાં આ રિષ્ટમણિ એવો છે કે જે ઘરમાં આવે તો વ્યક્તિનું જીવન બરબાદ કરી નાખે. વ્યવસાયમાં એ નુકસાનોની વણથંભી વણઝારો કરતી, તો પરિવારમાં ક્લેશ-કંકાસની હુતાશનિ પ્રગટાવી દે, સમાજમાં બદનક્ષી-બદનામી અપાવી દે, તો મનપાં અજપો-અશાંતિ છવાઇ રહે. પરખ આ મણિની જલ્દી થઇ શકતી નથી. જ્યારે ઉપરાછાપરી નુકસાનો વગેરે ત્યારે વ્યક્તિને ખ્યાલ આવે છે. આ આવી ગયેલ મણિ રિષ્ટ જાતિનો છે.

બસ, કુમિત્રોનો-કુસંસ્કારી જનોનો સંપર્ક-સંબંધ આ રિષ્ટમણિ જેવો છે. ઘણીવાર વ્યક્તિ આવાઓના સંપર્કને મૂલ્યવાન ગણી એમને પોતાનાં જીવનમાં હોંશે આવકારતી હોય છે. પરંતુ આગળ જતાં જયારે જીવનનો સર્વતોમુખી વિનાશ સર્જાવાની નોબત આવે ત્યારે ખ્યાલ આવે કે આ સંબંધ કેવો ખતરનાક નુકસાનકારી છે. પરંતુ ત્યારે એટલું મોડું થઇ ગયું હોય છે કે વ્યક્તિ સમજવા છતાં એની ચુંગાલમાંથી છટકી ન શકે.

જૈન શાસ્ત્રોએ એટલે જ 'પરિહર્તવ્ય : અદલ્યાણમિત્રયોગ :' શબ્દો દ્વારા કુસંગથી જોજનો દૂર રહેવાનો નિર્દેશ કર્યો છે.

૨) કાયમણિઃ પ્રથમ કમના અપશકુનિયાળ મણિની જેમ આ મણિ કોઇ ભયાનક ઊથલ-પાથલ ભલે નથી સર્જતો, પરંતુ આનાથીય નુકસાન તો પ્રકારાંતરે થાય જ છે. એ હોય છે એ માત્ર હાય, પણ આભાસ એનો મણિ જેવો હોય છે, જેમ સાચી નોટની થપ્પીમાં બબ્બે હજારની પાંચ-છ નકલી નોટ કોઇ પધરાવી દે ત્યારે આપણને દશ-બાર હજારનું નુકસાન થઇ જતું હોય છે તેમ સાચો મણિ સમજીને લાખો રૂપિયાના મૂલ્યે ભૂલતા કાયમણિ ખરીદી લેવાય તો નુકસાન લાખો રૂપિયાનું થઇ જાય. કેમકે એ મણિને કોઇ પારખુ ઝવેરી ખરીદે નહિ. સમજી શકાય છે કે આ મણિની નુકસાની પહેલા પ્રકાર જેવી ખતરનાક નથી, પણ તો ય નુકસાની તો છે જ.

બસ આ જ રીતે બીજા પ્રકારનો સંગ પણ નુકસાનકારી તો છે જ, પરંતુ પહેલા પ્રકાર જેવો ખતરનાક નુકસાનકારી નહિ. પહેલા પ્રકારમાં સ્થાન પામતા કુમિત્રોની જેમ આ વ્યસનો - દુરાચાર-ચોરી વગેરેના રવાડે ચડાવી જીવન તહસનહસ ન કરે. કિંતુ નાજુક તબક્કે અવળી સલાહ-ખોટાં કાર્યમાં મદદ વગેરે દ્વારા એ આપણી ગુણવત્તાનો ગ્રાફ નીચે ઉતારી દેવાનું નુકસાન તો કરે જ. જેમ કે વ્યવસાયમાં ગોલમાલની ક્ષણે તમે ખચકાતા હો અને સલાહ માગો તો આ કાચમણિ જેવા મિત્રો કહી દેશે કે થોડું ઘણું આડું-અવળું ન કરીએ તો આ જમાનામાં બે પાંદડે થવાય નહિ. સિદ્ધાંતની વાતો આદર્શમાં શોભે, વ્યવહારમાં નહિ.' પિતા કે ભાઇ દ્વારા થતાં તથાકથિત અન્યાયની ક્ષણે તમે એમનો અભિપ્રાય માગશો તો એ કહી દેશે કે' ભલે કોર્ટે જવું પડે. પણ જે હકનું હોય એ લીધા વિના ન રહેવું.' તમારે રાત્રિ ભોજનત્યાગનો નિયમ હોય અને નિકટના સ્વજનના લગ્નની રાત્રિ ભોજન સમારોહમાં જવા અંગે અવઢવની ક્ષણોમાં તમે પૂછો તો આ કાયમણિ છાપ મિત્રો કહેશે કે' બધે કાંઇ ધર્મનું પૂંછડું પકડી ન રખાય અવસરે બાંધ-છોડ કરવી જ જોઇએ.'

આવી આવી રીતે આ બીજા પ્રકારના મિત્રો આપણને એ દિશા તરફ દોરે કે જે સરવાળે નુકસાન કરાવે. માટે આવા મિત્રોનો સંગ પણ કુસંગરૂપ હોવાથી ત્યાજ્ય છે..

૩) નીલમણિ : આ મણિ આભાષી નહિ, સાચો હોય છે.

એને લાખોના મૂલ્યે ખરીધા પછી ય નુકસાન જરાય નથી થતું. એ એટલું જ કે એથી ય સવાયું વળતર અપાવનાર નીવડે છે. ત્રીજા પ્રકારનો સંગ હોય છે આ નીલમણિ જેવો. એ નુકસાન ન કરે, બલ્કે સવાયો લાભ કરે. જેમ કે, સંયમ સ્વીકારવા સજજ બનેલ રાજપુત્ર ગજસુકુમારને રાજમાતા દેવકીએ સલાહ આપી હતી કે' તું એવી સંયમસાધના કરજે કે હું તારી છેલ્લી જ મા બનું. અર્થાત્ તારે નવો જન્મ લેવો ન પડે એવી સાધના કરજે.' રાજરાણી મદાલસા એનાં સંતાનને પારણે ઝુલાવતાં હાલરડાનાં બદલે શ્લોક સંભળાવતી કે' તું તો શુધ્ધ-બુધ્ધ અને નિરંજન છે. તારું એ સ્વરૂપ પ્રગટાવવા માટે જ તારે આ જનમમાં પૂરષાર્થ કરવાનો છે. 'અરે ? ખુદ અમારી વાત કરીએ તો અમારા સાંસારિક માતા લીલાબહેન અમને ચાર-પાંચ વર્ષની વયે ધર્મકથાઓના માધ્યમ દઢતાથી એ સંસ્કાર સિંચન કરતા કે 'લેવાની તો દીક્ષા જ અને એ પણ નાની વયમાં જ.' આ બધી માતાઓના સંસર્ગને આપણે કહીશું નીલમણિની કક્ષાનો સંગ, એ જીવનની ગુણવતા ઘડાઇ નહિ. બલ્કે સવાથી સવાથી વધારે. નિઃશકપણે એમનો સંપર્ક છે સંત્સગ. માટે આવી વ્યક્તિઓનો સંસર્ગ આવકાર્ય છે.

૪) પારસમણિ :- મણિના વિશ્વમાં સીધી શ્રેષ્ઠ હોય તો તે છે પારસમણિ. એની કમાલભરી કરામત એ છે કે લોખંડ જેવા મામૂલી-અલ્પમૂલ્યના પદાર્થને પણ એ પોતાના વરદાનસમા સ્પર્શથી મૂલ્યવાન સુવર્ણમાં પરિવર્તિત કરી દે છે. પારસમણિ જેને હસ્તગત થઇ જાય એ વ્યક્તિ સાવ દરિદ્ર હોય તો પણ જોતજોતામાં વિશ્વની સૌથી શ્રેષ્ઠ સર્વોચ્ચ શ્રીમંત વ્યક્તિ બની શકે છે. પારસમણિના સંપર્કમાં નુકસાનનું નામોનિશાન નહિ અને લાભનો કોઇ પાર નહિ.

બસ, આ પારસમણિના સંગ જેવો છે સદ્ગુરુભગવંતનો સંગ, એમનું સામર્થ્ય એવું છે કે એમના સંસર્ગથી લોખંડથી મામુલી અને બદતર સ્થિતિમાં રહેલ દુરાત્માઓ પુણ્યાત્મા જ નહિ, એથી પણ આગળ પરમાત્મા બનવાનું સ્તર પ્રાપ્ત કરી શક્યા છે. આ સદ્ગુરુ જેવા કલ્યાણમિત્ર આ સૃષ્ટિમાં એક પણ નથી, એટલે જ 'પંચસૂત્ર' ગ્રન્થકારે 'કલ્યાણમિત-ગુરુભગવંતવયાણાઓ' પક્તિ દ્વારા સદ્ગુરુની ઓળખ કલ્યાણમિત્રરૂપે આપી છે.

સદ્ગુરુ ભગવંતાની મહાન પરંપરાના એક ઝળહળતા સિતારા કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યને જ આપણે આ સંદર્ભમાં યાદ કરીએ કે જેમણે 'યોગશાસ્ત્ર' ગ્રન્થમાં માર્ગાનુસારી ગુણોના આધારે આપણે આ સદ્ગુરુના સંપર્કમાં આવ્યા ન હતા ત્યાં સુધી ધર્મથી જોજનો દૂર હતા. ન એમના જીવનમાં ધર્મની સમ્યક્ સમજ હતી, ન સાધના હતી, ન વ્રત-નિયમ હતા, ન અહિંસાનું પાલન હતું. માંસાહાર સુધ્ધાં એમના જીવનમાં હતો. પરંતુ પારસમણિ સમા સદ્ગુરુના સ્પર્શે એમનું જીવન એવું ઝળહળી ઊઠયું કે એમના અઢાર દેશનાં સામ્રાજ્યમાં ક્યાંય જીવહિંસા થતી નહિ ખરે ? 'માર' શબ્દ પણ ન બોલી શકાય એવી જડબેસલાખ અહિંસા સ્થાપના એમણે કરાવી હતી. વ્યક્તિગત જીવનમાં શ્રાવકના બાર વ્રતોનું સન્નિષ્ટ પાલન કરીને તેઓ 'પરમ અહિત' રૂપે પંકાયા, તો આત્મવિશુદ્ધિની વર્ધમાન ધારાનાં કારણે એક ભવનાં અંતરે તેઓ ગણધર પરમાત્મા બની મોક્ષે સિધાવશે, સદ્ગુરુરૂપ પારસમણિનો આ પ્રભાવ હતો.

એક મજેદાર પંક્તિમાં તો સદ્ગુરુને પારસમણિ કરતાંય શ્રેષ્ઠ ગણી રજૂઆત છે કે :-

'પારસ ઔર સદગુરુમેં' બડા અંતર જાણ,
એક લોહા કંચન કરે, બીજા આપ સમાન.''

છેલ્લે આજના લેખનાં અનુસંધાનમાં અગત્થનું સૂત્ર કે છોડવા જેવો કુસંગ... કરવા જેવો સત્સંગ.. અને અંતે થવા જેવું નિઃસંગ.

✸✸✸

## ખુબ જ સરસ વિધાન, બે વાર વાંચજો

''હુ જે કાંઈ બોલુ, તેની માટે હુ જવાબદાર છુ'' પણ, ''તમે જે સમજો છો, તેના માટે નહિ''

✸

વિશ્વાસ હશે તો મૌન પણ સમજાશે..., વિશ્વાસ નહિ હોય તો, શબ્દોમાં પણ ગેરસમજ થશે,

✸

દરેક નિર્ણય વ્યક્તિનો નથી હોતો.. અમુક નિર્ણય પરિસ્થિતિનો પણ હોય છે...!!!

✸

ચાલવાથી શરીર સુધરે અને ચલાવી લેવાથી સંબંધ...!!!.

✸

જે માણસ પોતાનો સ્વભાવ પરિસ્થિતિને અનુકુળ બનાવી શકે, તે માણસ આ જિંદગીના મંચ પરનો સૌથી બેસ્ટ કલાકાર છે.

✸

પાણીને ગમે તેટલું ઉકાળો, બળીને વરાળ થઈ જશે, પણ ક્યારેય ઉભરાશે નહીં... આ વાત ખાનદાનીને પણ લાગુ પડે છે.

✸

લક્ષ્ય સાચું હોવું જોઇએ, કેમ કે...
ઉધઈ પણ રાત-દિવસ કામ કરે છે
પરંતુ, તે નિર્માણ નહીં વિનાશ કરે છે.



# અણસાર

□ રજની વ્યાસ

ડૉરબેલ વાગ્યો.

ઋચાએ બારણું ખોલ્યું.

જોયું તો સામે એક યુવાન ઊભો હતો.

એની આંખોમાં અમી અને મોં પર મલકાટ જ એવો હતો કે એને આવકારવાનું મન થઈ જાય.

'માફ કરશો. જણાવ્યા વિના આવ્યો છું. અજાણ્યો છું - પણ મારી પાસે તમારો ફોન નંબર ન હતો. સરનામું પણ જેવું તેવું હતું એટલે પૂછતો પૂછતો પહોંચ્યો છું.' આગંતુકે કહ્યું.

'ભલે, આવો અંદર'. ઋચાએ આવકાર આપ્યો.

આવનારે સોફામાં બેસીને કહ્યું : હું ઋષિકેશ. મુંબઈનો છું. અમદાવાદમાં થોડા દિવસથી આવ્યો છું. સંગીત મારો વ્યવસાય છે. સંગીતના કાર્યક્રમો પણ કરું છું.

ઋષિકેશ પરિવેશ - વાણી વર્તન પરથી સંસ્કારી હતો, તેવું સ્પષ્ટ જણાઈ આવતું હતું. તેણે ઝભ્ભો લેંઘો પહેર્યાં હતાં. અર્ધગોળાકાર ગળાની ફરતેથી નીચે ઊતરેલી પટી પર આકર્ષક અમ્બ્રોયડરી કરેલી હતી. ઘઉંવર્ણો અને ગૌર વચ્ચેનો કહેવાય તેવો વર્ણ હતો. એણે ન કહ્યું હોત તો પણ એના મીઠા અવાજ અને ઘૂંટાયેલા શબ્દો પરથી એમ કહી શકાય કે તે જો ગાતો ન હોત તો તેણે ગાવું જોઈએ. પહેલી નજરે ગમી જાય એવું એનું વ્યક્તિત્વ હતું. એણે પોતાની ઓળખાણ આપી તે પહેલાં ઋચાને એ કલાકાર હોય તેવી છાપ તો પડી જ હતી.

'આનંદ થયો જાણીને - ઋષિકેશભાઈ, બોલો, અહીં કેમ આવવું થયું ને હું તમને શું મદદ કરી શકું એમ છું ?' ઋચાને પહેલી નજરે મમત્ત્વ બંધાયા છતાં પોતાની જાત પર સંયમ રાખી એણે પૂછ્યું.

'તમે ઋચા છો એમ માની લઉં છું.'

'જી.'

'મારા ઉપર તમારો એવો એક ઉપકાર છે જેનો બદલો હું ક્યારેય વાળી શકું એમ નથી. તમે જે મને આપ્યું છે તેની કોઈ કિંમત આંકી શકાય તેમ નથી, પણ મને થયું કે એકવાર તમને મળીને મારા હૈયા પરના ભારને, મારી કૃતજ્ઞતા દર્શાવી થોડો હળવો કરી દઉં.'

ઋચાને તેની વાતમાં રસ પડ્યો-કુતૂહલ પણ થયું.

'પણ ઋષિકેશભાઈ, હું તો જીવનમાં તમને પહેલી વાર જોઉં છું. તો મેં તમારી પર કેવી રીતે અને શું ઉપકાર કર્યો હોય... મને કાંઈ જ સમજાતું નથી. તમને કાંઈ ગેરસમજ થતી લાગે છે.'

'અરે, તમને તો શું - તમારી જગ્યાએ કોઈ પણ હોય તો તેને આવી મૂંઝવણ થાય તે સ્વાભાવિક છે. પણ હું જે કહું છું તે સત્ય છે.' ઋષિકેશે કહ્યું.

કોઈ અજાણ્યો માણસ, આમ અચાનક વગર જણાવ્યે આવી ચડે તો કોઈ પણ યુવાન સ્ત્રી એની સાથે વાત કરતાં વિચાર કરે. કદાચ મનમાં થોડી ડરે પણ ખરી. પણ ન જાણે કેમ પણ ઋચાને એવો કોઈ ડર ન લાગ્યો. કહેવાય છે કે 'આકૃતિ ગુણાનામ્ કથયતિ' એ સૂત્ર અનુસાર સાવ જ અજાણ્યા એવા ઋષિકેશની મોટી નિર્મળ આંખોમાં ઋચાને પારદર્શક સચ્ચાઈ દેખાઈ. ભીતરનું અને બહારનું એક જ રૂપ દેખાયું. આ માણસ જેવો બહાર દેખાય છે તેવો જ અંદર હશે તેવી તેને પ્રતીતિ થઈ ગઈ. એની વાતમાં ભરોસો મૂકવાનું એને મન થયું.

વાતનો દોર આગળ ચલાવતા ઋચાએ પૂછ્યું, 'તો કહો ઋષિકેશભાઈ, શું વાત છે ? ને તમે કેવી રીતે અહીં આવી ચડ્યા ?'

'વાત તો સાવ સાચી છે. હું તો અચાનક આવી ચડ્યો છું. - કહોને કે ટપકી પડ્યો છું. પહેલી વાત તો એ કે મારી ફોઈબાએ મારું નામ જરા ભારે અને લાંબું પાડ્યું છે ઋષિકેશ,' દરેક અક્ષર પર ભાર મૂકતાં એણે : ઉમેર્યું 'તેમાં વળી લોકો મારા નામની પાછળ 'ભાઈ' લગાવે' એટલે પૂંછડું વધારે લાંબું થાય, એટલે પરિચય બાદ હું સૌને વિનંતી કરું છું કે મને માત્ર 'ઋષિકેશ' જ કહો. આમ તો ઋષિ પણ કહી શકાય પણ એ જરા સાધુબાવા જેવું લાગે.' એમ કહી તે ખડખડાટ હસી પડ્યો. વાત આગળ વધારતાં તેણે કહ્યું : 'તમને પણ એ જ વિનંતી. આપણે ઉંમરમાં તો લગભગ સરખાં જ હોઈશું. એટલે મિત્રસમાન વ્યક્તિને આવા ભારેખમ નામે બોલાવાય ? મને આવો આદર આપવાની જરૂર નથી.' ઋષિકેશે હસતાં હસતાં કહ્યું.

ઋચાને થયું - આ માણસને શું કહેવું ? હજી તો એકબીજાને જરાય ઓળખતાં - પાળખતાં નથી ને આ માણસ તો સહજ રીતે વાતોમાં એવો ઘસડી જાય છે કે જાણે વર્ષોની ઓળખાણ કેમ ન હોય ! ગમે તે હોય પણ આ માણસની કુંડળીમાં મૈત્રીના સ્થાનમાં કોઈ બળવાન ગ્રહો હોવો જોઈએ કે જે સામા માણસની ઇચ્છા અનિચ્છાને કોઈ તક આપ્યા વિના એને પ્રેમથી પરાણે વશ કરી લે.

તેની આંખો નીતર્યા, પાણી જેવી નિર્મળ અને પારદર્શક હતી. તેમ છતાં તેની આંખોમાં આંખ પરોવીને વાતો કરતાં ઋચાના હૃદયમાં ભયનું એક લખલખુ પસાર થઈ ગયું. ન જાણે કેમ બેચેનીની એક લહેરખી એના ચિત્તમાંથી પસાર થઈ ગઈ. હૃદયની ધડકન તેજ થઈ ગઈ. જરા સ્વસ્થ થવા એણે કહ્યું : 'ઠીક ભાઈ, તમે બેસો, હું તમને પાણી આપું. પછી આપણે વાત કરીએ.' ઋષિકેશની વાતોમાં અસ્વસ્થ થવા જેવું કશું હતું નહિ છતાં કોણ જાણે કેમ એ બેચેન થઈ ગઈ હતી.

પાણી આપવાનું તો એક બહાનું હતું, પણ એ પોતે જ પોતાની અસ્વસ્થતા દૂર કરવા રસોડામાં ગઈ. ફ્રીઝમાંથી બોટલ કાઢી પાણીના બે ગ્લાસ ભર્યા. તેમાંનો એક ગ્લાસ તો એ ઊભી ને ઊભી એકી શ્વાસે ગટગટાવી ગઈ. ત્યાં સુધી એનું મન છેલ્લાં પાંચ વર્ષની ભુલભુલામણીઓમાં અટવાઈ ગયું.

હજી તો ગયા મહિનાની ૨૫મી સપ્ટેમ્બરે તેને ૩૨મું પૂરું થયું હતું. બે વર્ષ પહેલાંની ૨૫મી ઑગસ્ટે તો અનુરાગે એને કહેલું કે 'તારા જન્મદિવસે આપણે આબુ જઈશું. સરસ વરસાદ પડી ગયો છે. વાતાવરણ ભીનું ભીનું હશે. આપણે ખૂબ મજા કરીશું, ત્રણ વર્ષથી અમે ક્યાંય બહાર નીકળી શક્યાં ન હતાં. કામમાં ખૂબ વ્યસ્ત હોવા છતાં અનુરાગે વચન પાળ્યું પણ ખરું. બરાબર તૈયારી કરી. પાંચેક દિવસનો પ્રોગ્રામ કરી, અમદાવાદ આવ્યાં અને ત્યાંથી મોટર રસ્તે આબુ પહોંચ્યા.'

આબુની પહાડીઓ પરથી ક્યાંક ક્યાંક નાનાં ઝરણાં પડી રહ્યાં હતાં તેનો ખળખળ અવાજ સંગીતમય લાગતો હતો. લીલીછમ હરિયાળીથી ધરતી પર લીલી બિછાત પથરાઈ ગઈ હતી. આકાશ ક્યારેક વાદળછવાયું થઈ જતું તો ક્યારેક વાદળાં ખસી જઈ આછો સૂર્યપ્રકાશ પથરાઈ જતો તો ક્યારેક જાણે વાદળીઓ લડી પડતી ને ધરતી પર અનરાધાર વરસી જતી. પહાડીઓ ઉપરથી દૂરદૂર સુધી સપાટ ધરતી પણ દેખાતી. ઘેટાં બકરાંનું ઝૂંડ લઈને, ખભે ગરમ કામળી ને હાથમાં ડાંગ લઈને જતા ભરવાડનું દૃશ્ય આંખને રળિયામણું લાગતું. ભીની ભીની મોસમને અમે મન મૂકીને માણી રહ્યાં હતાં. ત્રણ ત્રણ વરસનું સાટું વાળતાં હોઈએ તેમ અંગે અનંગ અને ઉન્માદ ભરી બસ ઝૂમી રહ્યાં હતાં.

કાર બાજુએ ક્યાંક પાર્ક કરી આનંદ ઉલ્લાસમાં મસ્ત અનુરાગ અને હું આબુની ઠંડી ઠંડી હવામાં, હાથમાં હાથ પરોવીને ફરી રહ્યાં હતાં. ક્યારેક વરસી જતાં છાંટાપાણી ધરતીમાંથી ઊઠતી સોડમથી વાતાવરણ માદક અને ખુશ્બૂદાર બની જતું હતું. 'અનુરાગ આજે તું બરાબર ચગ્યો છે હોં - શું થયું છે તને? કૉલેજના દિવસો યાદ આવી ગયા કે શું?' મેં પૂછ્યું હતું.

'હા, ઋચા, એવું જ છે કાંઈ!'

ચાલ, વરસાદની મોસમ છે, વરસતાં જઈએ. ચાલને ભીંજીએ વરસાદમાં, વરસતાં જઈએ. ચાલને તરબોળ થઈએ વરસાદમાં, વરસતાં જઈએ.

અને હું ય મારા એ કહાન સાથે ગાંડીતૂર થઈને આકાશમાંથી વરસતી પ્રેમધારાઓમાં ભીંજાતી, લથપથ થતી ને તરબતર થતી આનંદની હેલીએ ચડી હતી... આનંદ અને બસ આનંદ. અમે માત્ર અમારા જ પ્રેમવિશ્વમાં ભીંજાઈ રહ્યાં હતાં.

અમે બંને મસ્ત બનીને પલળી રહ્યાં હતાં. તોફાને ચડેલા અનુરાગને મેં વાર્યો પણ ખરો. 'અનુરાગ જરા સંભાળ આ ભીના પથ્થરો પરથી તારો પગ ક્યાંક લપસે નહીં.'

પણ હું કહેતી રહી... કહેતી રહી ને આખરે...!

ન થવાનું થઈ ગયું...!

એનો પગ લપસ્યો અને એ પહાડી પરથી નીચે પટકાયો, અથડાતો ને ફૂટાતો. કેટલે ઠેકાણે એને ઈજાઓ થઈ હશે! હું તો ખૂબ ગભરાઈ ગઈ - બેબાકળી બની ગઈ અને ચીસો પાડવા લાગી.

લોકો ભેગાં થઈ ગયાં. અનુરાગને ત્યાંની સ્થાનિક હૉસ્પિટલમાં લઈ ગયા ને સારવાર આપી. બીજે દિવસે સવારે ડૉક્ટરે કહ્યુંઃ બહેન, અમારાથી બનતું અમે કર્યું છે. તમે ભાઈને મુંબઈ લઈ જાઓ અને ત્યાં ઇલાજ કરાવો.

બે ચાર ભલા માણસોએ મદદ કરી ને અમે માંડ અમદાવાદ પહોંચ્યાં. નિદાન થયું કે અનુરાગને મલ્ટીપલ ફેક્ચર્સ થયાં હતાં. પાંસળીઓને તો ભારે નુકસાન થયું હતું. મગજને પણ નુકસાન થયું હતું. એક શનિવારે આ અકસ્માત થયો અને બીજા શનિવારે તો અનુરાગ કૉમામાં સરી પડ્યો.

મારા પર તો દુઃખના ડુંગર તૂટી પડ્યા. અમેરિકાથી ભાઈ-ભાભી દોડી આવ્યાં અને અમદાવાદથી મમ્મી પપ્પા. કોણ કોને આશ્વાસન આપે? દૈવ આગળ સૌ લાચાર બની ગયાં હતાં.

ચોથા દિવસે અનુરાગે છેલ્લો શ્વાસ લીધો. જેની અમને ખબરેય પડી નહીં. કુટુંબ પર વજ્રઘાત થઈ ગયો. છેલ્લે છેલ્લે મારી સાથે એણે વાત પણ ન કરી કે ન તો મારી સામે એણે જોયું. આ ધરતી પરથી એક અસ્તિત્વ અચાનક જાણે હવામાં ઓગળી ગયું. એક જીવતો જાગતો ઉત્સાહથી તરવરતો કોઈક જણ જાણે ઢગલો થઈને ફસડાઈ પડ્યો. હવે એ ક્યારેય સળવળશે પણ નહિ. અનુરાગની નિશ્ચેતન કાયાને વળગીને હું આક્રંદ કરી ઊઠી; 'અનુરાગ- અનુરાગ' અને હું બેહોશ થઈ ગઈ, મારો અવાજ રૂંધાઈ ગયો. શરીરની બધી શક્તિઓ હણાઈ ગઈ હતી.

ત્યાર પછી જે કાંઈ બન્યું તે મેં માત્ર એક યંત્રમાનવની જેમ જ જોયું. અનુરાગ તેનાં માતા-પિતાનો એક માત્ર દીકરો હતો. મા-બાપનો સ્વર્ગવાસ તો ક્યારનોય થઈ ચૂક્યો હતો. મારાં મમ્મી પપ્પા મને અમદાવાદ લઈ આવ્યાં.

આ વાતને બે વરસ વીતી ગયાં. સાચું જ કહેવાયું છે કે દુઃખનું ઓસડ દહાડા. નાની હતી ત્યારે હું ખૂબ સરસ ગાતી. કેટલાય કાર્યક્રમોમાં ગાવા જતી. સંગીત વિશારદ પણ થયેલી. ગાંધર્વ સંગીત વિદ્યાલયમાં નોકરી મળી ગઈ. સમય પસાર કરવાનું સારું સાધન મળી ગયું, પરંતુ એ માત્ર સાધન બની ન રહેતાં મારા દેહની કુંડલિની બની રહી. નાદબ્રહ્મે મારા હૃદયમાં શક્તિનો સંચાર કર્યો. નવી ચેતના બક્ષી. સંગીતે મને નવું જીવન આપ્યું. સવારે ઊઠીને એક કલાક નિયમિત રિયાઝ કરતી. મારા મનને શાંતિ મળતી. સંગીતે મને નવા સંબંધોની ઉષ્મા આપી જાણે જીવવાનું મને એક વજૂદ મળી ગયું. સંગીત મારી જિજીવિષા બની રહ્યું.

હજી તો આઠ-દસ દિવસ પહેલાં જ પપ્પા કહેતા હતાઃ 'બેટા, જે બની ગયું છે એ દુઃખદ છે, પણ કોઈ ઘટનાથી જીવન થંભી જવું ન

જોઈએ. મૃત્યુ એ તો જીવન ઝોલાનું એક અટકસ્થાન છે, પણ પછી તો જીવન આગળ વધવું જ જોઈએ.'

મમ્મીએ સૂર પૂરાવ્યોઃ 'બેટા, તારી હજી તો શું ઉંમર છે ? ઈશ્વરની મરજી સમજી નવા જીવનની શરૂઆત કર.'

મમ્મી- પપ્પાનો ઇશારો હું સમજી ગઈ હતી. બે વરસ એમણે મને ખૂબ સાચવી હતી. મારા હૃદયના પાને પ્રેમથી રૂઝાવ્યો હતો. એમની હૂંફ વિના હું આવી સ્વસ્થતા પ્રાપ્ત કરી શકી ન હોત.

આમ તો ઋચા સ્વસ્થ થવા માટે પાણી લેવાનું બહાનું કાઢી રસોડામાં આવી હતી, પણ ઋષિકેશે એની આંખોમાં આંખો પરોવી વાત કરી ત્યારે ન જાણે કેમ એ વિહ્વળ બની ગઈ હતી. એને વિશ્વાસ હતો કે ઋષિકેશની આંખોમાં કોઈ વિકાર ન હતો - તેમાં સ્નેહ જ ડોકાતો હતો, છતાં એ એની દૃષ્ટિ જીરવી ન શકી. એને ખબર ન પડી કે તે કેમ વિવશ બની ગઈ છે ? વધુ સ્વસ્થતા પ્રાપ્ત કરવા ઋષિકેશને ચાનો આગ્રહ કરી બેઠી. જેથી રસોડામાં થોડી વધુ વાર રહેવાય અને એકાંતમાં તેનું મન શાંત અને સ્વસ્થ થાય. વળી દર્શને ગયેલાં મમ્મી-પપ્પા પણ આવી જાય.

ચાની ટ્રે લઈને એ બહાર આવીને તેણે ટ્રે ટિપોઈ પર મૂકી.

'અરે, તમે તો કાઠિયાવાડી લાગો છો ઋચાબહેન. સાવ અજાણ્યા જણને આટલો આગ્રહ ?' ઋષિકેશ બોલ્યો.

એ જ વખતે બહાર ગયેલાં ઋચાનાં મમ્મી-પપ્પા ખંડમાં દાખલ થયાં. જોયું તો એક સંસ્કારી હસમુખો યુવાન સોફામાં બેઠો છે. પપ્પા બોલ્યા : 'અરે ભાઈ, તમે જે હો તે - પણ મારી દીકરી તો અન્નપૂર્ણા છે. આ ઘરમાંથી કોઈ તેનો પ્રસાદ લીધા વિના જઈ શકે નહીં હોં કે.'

'પણ મુરબ્બી, તમે જાણો છો ને કે 'પ્રસાદ'નો બીજો પણ અર્થ થાય છે.' ઋષિકેશે મજાક કરી.

'ઋચા બેટા, ઓળખાણ તો કરાવ. ભાઈ કોણ છે ? શું નામ છે એમનું ?' મમ્મી બોલ્યાં.

'મમ્મી , હજી તો મારે જ એમની ઓળખાણ કરવાની બાકી છે.' એમ કહી ઋચાએ જ કાંઇ હતું તેની વાત કરી.

ચતુર મા-બાપ સમજી ગયા કે ઋચા અજાણ્યા સાથે વાત કરવામાં સંકોચ અનુભવતી હતી અને તેમની રાહ જોઇ રહી હતી.

ઋચાના પપ્પા અવિનાશભાઇએ કહ્યું : 'ઋષિકેશભાઇ, ભલે આપણે પહેલીવાર મળીએ છીએ પણ તમને પહેલાં ક્યાંક જોયા હોય તેવું લાગે છે.'

'મને એમની આંખોમાં કોક જાણીતાનો અણસાર આવે છે.' મમ્મી બોલ્યાં.

ઋષિકેશ કહ્યું : 'તે તમને અણસાર શેનો ન આવે મમ્મી ? સાંભળો મારી વાત. છ છ મહિનાથી રખડપટ્ટી પછી માંડ મારા પર ઉપકાર કરનારનું નામ અને સરનામું મળ્યું છે. તમારો મારી પર કેટલો મોટો ઉપકાર છે ? યાદ છે તમને ? અનુરાગભાઇના અવસાન પછી તેમની આંખોનું ચક્ષુદાન તમે કરેલું, તે આંખોએ તો મને નવું જીવન આપ્યું છે. સાત વર્ષની વયે શીતળામાં મારી આંખો ગઇ હતી. બીજો કોઇ વ્યવસાય મારે માટે અનુકૂળ ન હોઇ હું સંગીત શીખ્યો. વિશારદ થયો. વારસાગત કંઠની મીઠાશે મને મુંબઇમાં અપ્રતિમ સફળતા આપાવી. વર્ષોથી સંગીતના અનેક કાર્યક્રમો આપી ચૂક્યો છું. કોની આંખે નવજીવન પામ્યો છું તે જણાવવા આઇ બેન્કવાળાઓએ ઇન્કાર કરી દીધો. કેટલીય વિનંતીઓ પછી મને તમારું નામ સરનામું મળ્યું છે.' એમ કહેતાં કહેતાં ઋષિકેશનો કંઠ ગદ્‌ગદિત થઇ ગયો અને એની આંખોમાંથી હર્ષના આંસુ નીકળતાં સૌ જોઇ રહ્યાં-જાણે અનુરાગ પોતાને ઘરે પાછો આવી ગયો હતો.

ભૂતકાળ ખોતરતા હોય એમ અવિનાશભાઇએ કહ્યુંઃ અરે, મુંબઇમાં તમારા સંગીતના કાર્યક્રમમાં અનુરાગ જ મને લઇ ગયો હતો. બરાબર યાદ આવ્યું. અરે ભાઇ, એ રાત તો હજી ભુલાય તેમ નથી. અડધી રાત સુધી તમે અમારા હૈયા ડોલવ્યાં હતાં.' બે હાથ ઊંચા કરી છત સામે જોઇ, આંખો મીંચી એ બોલી ઊઠયા : 'ઓ પ્રભુ, તું કેવી કેવી લીલાઓ કરે છે !'

''તો બસ, એ જ હું ઋષિકેશ. પહેલાં પ્રજ્ઞાચક્ષુ હતો. આજે-તમારા મનની મોટાઇથી-ઔદાર્યથી મને નવું જીવન મળ્યું છે. મારી ક્ષિતિજે આશાનો ઉજ્જવળ ભવિષ્યનો એક સૂરજ ઊગ્યો છે. તે તમારા સૌના પ્રતાપે. તમારું ઋણ હું ક્યારેય અદા શકીશ નહીં. આજે તમને સૌને પ્રણામ કરી હું હળવો ફૂલ થઇ ગયો છું.'

છ મહિના પછી પંડિત ઓમકારનાથ ઠાકુરની જન્મજયંતી નિમિત્તે યોજનાર એક સંગીતોત્સવનું બેનર મુંબઇના પાટકર હોલ ઉપર બંધાઇ રહ્યું હતું. તેમાં કલાકારોનાં નામ હતાં :

ઋષિકેશ ન. મઝમુદાર, ઋચા ઋષિકેશ મઝમુદાર.

✱✱✱

## સુખનું સરનામું

સુખ ભગવાન પાસે પહોંચ્યું અને ફરિયાદ કરી : 'પ્રભુ, જગત આખાના લોકોને મારી જરૂર છે, બધા મારી પાછળ પડ્યા છે, એમાં સજ્જનો આવે તો ઠીક પણ બદનામ, ચારિત્રહીન, ચોર એવા લોકો પણ મારી પાછળ પડ્યા છે. કૃપા કરી મને સંતાવાની એવી કોઈ જગ્યા બતાવો કે હું ગમે તેવા લોકોના હાથ ન આવું.'

ભગવાને પૂછ્યું : 'તું ક્યાં ક્યાં સંતાઈ ચૂક્યો છે ?'

'બધે જ. પણ કાળા માથાનો માનવી ત્યાં બધે જ પહોંચી જાય છે.'

ભગવાને કહ્યું, 'તું એક કામ કર. માણસના મનમાં જ સંતાઈ જા. કેમકે માણસ બધે જ શોધશે પણ તને પોતાના મનમાં જ નહીં શોધે.'

સુખ ત્યારનું માણસના મનમાં જ છે પણ માણસ તેને બહાર શોધ્યા કરે છે. હકીકતમાં સુખને ક્યાંય શોધવાની જરૂર નથી. સુખનું સાચું સરનામું છે આપણું પોતાનું મન.



# ઈશ્વરના બે ચહેરા

*ઈશ્વરે તમને દુનિયામાં એક ખાસ જગાએ એક ખાસ કામ કરવા માટે મોકલ્યા છે તે જગા કઈ, તે કામ શું તેની તમને ખબર છે? જો ના, તો પછી તમે કદી તમારા અંતરમાંથી ઊઠતો ઈશ્વરનો શાંત અવાજ સાંભળ્યો છે કે પછી તમારાં સુખ અને મુક્તિ માટે બીજાઓના મોં જોયાં કરો છો?*

*તમે પાપનો પશ્ચાતાપ કરો અને પરમાત્માનું શરણું લો, અંતરમાંથી ઊઠતો અવાજ સાંભળો અને તેને અનુસરો, તમને શાંતિ મળશે.*

**- ઈસુ ખ્રિસ્ત**

**એ**ક ન્યાયાધીશ ઈસુ પાસે આવ્યો. 'પ્રભુ, મારે અમર થવું છે શું કરું?'

ઈસુ કહે, 'તે ધર્મગ્રંથો વાંચ્યા છે?'

'હા.'

'શું કહે છે એ ગ્રંથો?'

'કહે છે કે ઈશ્વરને બધી શક્તિથી, બધા પ્રેમથી, હૃદયથી અને આત્માથી સમર્પિત થાઓ, પણ એવું કેવી રીતે થાય?'

'એની સાથે જ એ કેવી રીતે થાય તે પણ લખ્યું છે, તે તું સમજ્યો?'

'તેમાં લખ્યું છે કે પોતાની જાતને કરો છો એટલો જ પ્રેમ પાડોશીઓને કરો.'

'બરાબર છે, તું તે કરી શકીશ તો તું આ જીવનમાં જ અમરત્વ પ્રાપ્ત કરી શકીશ.'

ન્યાયાધીશ કહે, 'તે તો બરાબર, પણ પાડોશી કોને સમજવો?'

ઈસુએ તેને એક દૃષ્ટાંત આપ્યું. એક વાર એક માણસ જેરુસલેમ જઈ રહ્યો હતો. રસ્તામાં લૂંટારા મળ્યા, તેમણે એ માણસ પર હુમલો કર્યો, લૂંટી લીધો અને બાંધી દીધો. અર્ધમૃત અવસ્થામાં તે રસ્તા પર કણસતો હતો ત્યારે એક પાદરી ત્યાંથી નીકળ્યો. તેણે આ માણસને જોયો તો ખરો, પણ તેને ચર્ચમાં જવું હતું. તે તેની પાસેથી પસાર થઈ આગળ વધી ગયો. તે પછી એક વેપારી ત્યાંથી નીકળ્યો, તેણે પણ આ ઘાયલ માણસને જોયો તેને થયું, આને મદદ કરવા રહીશ તો કામ અટકશે. તે પણ તેને ત્યાં જ રહેવા દઈ આગળ વધી ગયો. તે પછી એક ગરીબ માણસ ત્યાંથી નીકળ્યો, તેણે જોયું કે રસ્તા પર એક ઘાયલ માણસ કષ્ટથી કણસે છે... તે દોડીને તેની પાસે ગયો, તેના ઘા સાફ કર્યા, પાણી પાયું અને થોડો રોટલો ખવડાવ્યો. તેનામાં શક્તિ આવી એટલે તેને ટેકો આપી નજીકના ગામે લઈ ગયો અને વૈદ્ય પાસે મૂકી આવ્યો.

વાત પૂરી કરી ઈસુ કહે, 'બોલ ભાઈ ન્યાયાધીશ, આ ત્રણમાં પેલા માણસના પાડોશી એટલે કે નીકટ રહેનારની જેમ કોણ વર્ત્યું?

ન્યાયાધીશ કહે, 'જેણે મદદ કરી, જેણે ભલમનસાઈ બતાવી તેને જ સાચો પાડોશી કહી શકાય.'

'તો પછી જા, અને તેની જેમ જ તું પણ વર્ત.'

♦♦♦

ઈસુના હાથમાં ઘેટું હોય છે. ઘેટું એ ઈશ્વરને સમર્પિત નિષ્પાપ આત્માનું પ્રતીક છે. બાઈબલની નીચેની દૃષ્ટાંતકથા ઘણી જાણીતી છે જે સીધીસાદી હોવા છતાં અનેક અર્થ ધરાવે છે.

એક માણસને બે પુત્રો હતા. પુત્રો યુવાન થયા એટલે નાના પુત્રે પોતાનો ભાગ માગ્યો. પિતાએ પોતાની જમીનના બે ભાગ કરી બંને પુત્રોને એક-એક ભાગ આપી દીધો.

નાના પુત્રે પોતાના ભાગની જમીન વેચી નાખી અને નાણાં લઈ ગામ છોડી ગયો. ખૂબ દૂરના દેશમાં તે વસ્યો અને આરામથી રહેવા લાગ્યો. ધીરે ધીરે પૈસા પૂરા થયા. તેને પિતા યાદ આવ્યા અને તે પાછો પોતાને ગામ આવ્યો. પિતાને મળી તેણે માફી માગી. 'હું તમારો અને ઈશ્વરનો ગુનેગાર છું. તમારા દીકરા તરીકે કશો અધિકાર હવે રહ્યો નથી, પણ મને કામે રાખો અને વેતન આપો તો મારું ગુજરાન ચાલે.'

પિતાએ તેને ઊભો કર્યો અને કંઠે લગાડ્યો. તેનાં અને પોતાનાં આંસુ લૂછી પિતાએ દીકરાને સારું સારું ખવડાવ્યું. સ્નાનનો પ્રબંધ કર્યો, સારાં વસ્ત્રો આપ્યાં અને કહ્યું, 'તું આરામ કર, બધી ચિંતા મૂકી દે. હવે તારું બધું હું સંભાળીશ.'

મોટા પુત્રને થયું, હું હંમેશાં પિતાની આજ્ઞા માનું છું, મહેનત કરું છું અને તેમની સેવા કરું છું. મને તો કદી આવા લાડ, આવો પ્રેમ મળ્યો નહીં. તેણે પિતા પાસે પોતાની મૂંઝવણ વ્યક્ત કરી.

પિતાએ તેના ખભે હાથ મૂક્યો, 'બેટા, તું મારો જ હતો, સારો જ હતો; પણ આ ખોવાઈ ગયો હતો ને પાછો આવ્યો. બગડી ગયો હતો ને પસ્તાયો - હવે તેને સાચવી લેવો જોઈએ ને?'

પુત્રને સંતોષ થયો.

ઈશ્વર પણ પોતાના બગડેલા અને રસ્તો ભૂલી ગયેલા સંતાનોને પિતા જેવા સ્નેહથી સંભાળી લે છે, પણ તેની પાસે જઈ પશ્ચાતાપના આંસુ વહાવો તો જ.

✱✱✱

# ભાષા જાય તો સંસ્કૃતિ જાય

□ ફાધર વાલેસ

**મા**રી લંડનની એક મુલાકાત દરમિયાન હું એક વાર એક ગુજરાતી મિત્રને ઘેર એની સાથે વાતચીત કરતો હતો. એ બંને ગુજરાતીમાં વાતો કરતા હતા. એમાં મિત્રનો મોટો દીકરો આવ્યો, કંઈક કહેવા ગયો પણ અમને ગુજરાતીમાં વાત કરતા જોઈને એ જરા ઊભો રહ્યો, મોં ઉપર અણગમો બતાવ્યો, પછી મારી હાજરીમાં જ પોતાના બાપને અંગ્રેજીમાં કહ્યું, ‘‘ફાધરની સાથે શું કામ ગુજરાતીમાં બોલો છો ? એમને અંગ્રેજી આવડે છે.’’ અને ગુસ્સાથી પીઠ ફેરવીને ચાલ્યો ગયો.

બીજા ઘરમાં અમે બધાં બહાર જવા માટે તૈયાર થતાં હતાં. ક્યાંક ફરવા જવાનો કાર્યક્રમ હતો. છોકરાઓ તો તૈયાર થયા હતા. પછી એમની મમ્મી આવી. એણે એક સુંદર સાડી પહેરેલી હતી. મોટો છોકરો એની પાસે ગયો અને લાડ અને ફરિયાદના મિશ્ર અવાજે બોલ્યો, ‘‘મમ્મી, સાડી ન પહેરે તો ન ચાલે ? તું સાડી પહેરે એ મને બિલકુલ ગમતું નથી. જરા ડ્રેસ બદલી આવો ને !’’ મમ્મીએ એને પંપાળ્યો અને મારી તરફ દુઃખદ નજરે જોયું, સાડી તો નહિ બદલી.

ત્રીજા એક ઘરમાં બહેનોનું મિલન હતું. એની શરૂઆત પ્રાર્થનાથી કરવાની હતી. મેં સૂચવ્યું કે ‘અસત્યો માંહેથી’ પ્રાર્થના સૌ બોલીએ, ને એ માટે સભામાં ઘણી યુવતીઓ હતી તો એમાંથી કોઈ બોલે અને બીજાં બધાં ઝીલીએ. પણ યુવાન લોકોમાં કોઈને એ પ્રાર્થના મોઢે ન હતી. સંકોચ તો ન હતો, પણ આવડતી જ ન હતી, પછી બોલે શી રીતે ? છેવટે એક મોટી બહેને શરૂ કરી અને અમે બધાએ ઉપાડી. ઉપનિષદની એ પ્રાર્થના વિશ્વવિખ્યાત છે, અને દુનિયાના શ્રેષ્ઠ પ્રાર્થના સંગ્રહોમાં એનું અગ્રસ્થાન છે. ગુજરાતની કોઈ પણ સ્કૂલના વિદ્યાર્થીઓને આજે પણ મોઢે છે જ અને વિના સંકોચે એ બોલી શકે, પણ પરદેશના એ



**‘સવાયા ગુજરાતી’ કાકા કાલેલકરની જેમ ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરનારા, જન્મે સ્પેનિશ પણ ગુજરાતી ભાષાને ૭૦ થી વધુ ઉત્તમ પુસ્તકોની ભેટ ધરનારા ફાધર વાલેસનું તાજેતરમાં અવસાન થયું છે.**

**૨૪ વર્ષની વયે ભારત આવ્યા. મદ્રાસ યુનિ.માંથી ગણિતના વિષય સાથે એમ.એ. થયા. ગણિતના પ્રાધ્યાપક હોય છતાં ગુજરાતી ભાષાનો અભ્યાસ કરી, યુવા ઘડતરનાં અનેક પ્રેરણાદાયી પુસ્તકો તેમણે લખ્યાં. સરળ હૃદયસ્પર્શી શૈલીએ માનવજીવનના અનેક વિષયો વિશે અવિરત લખી ગુજરાતી સાહિત્યને સમૃધ્ધ કર્યું.**

**બિન-ગુજરાતી હોવા છતાં સાહિત્યના શિખર સમા રણજિતરાય સુવર્ણચંદ્રકના તેઓ વિજેતા બન્યા છે. ગણિતને પણ સાહિત્યના સ્તરે પહોંચાડનાર શબ્દના સ્વામી ફાધર વાલેસને શ્રદ્ધાંજલિ...**

**- સંધ્યા શાહ**

ગુજરાતી બાળકોને એ આવડતી ન હતી. બોલાવીએ તો બોલે, પણ પોતાની મેળે ન બોલે.

સાડી પણ પશ્ચિમના ભદ્ર સમાજમાં એક ખૂબ રુચિકર, પ્રતિષ્ઠિત, કલાત્મક પ્રેમ અમૂલ્ય અને ભારતીય સ્ત્રીઓ એમની આગવી છટાથી સાડી પહેરીને આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં જાય ત્યારે ખૂબ શોભે અને વખણાય. મારાં ભાઈ-ભાભીને બે બેબીઓ છે. તેઓ દર વર્ષે નાતાલ આવે ત્યારે એમનો ફોટો પાડીને એનું ક્રિસ્ટમસ કાર્ડ બનાવીને સગાઓ અને ઓળખીતાઓને મોકલે છે. આ વર્ષે મોટી બેબી એકદમ ઊંચી થઈ ગઈ છે અને નાની તો નાની જ છે ને અત્યંત વહાલી છે, ને બંનેને માટે મેં અહીંથી સાડીઓ મોકલી હતી. તો ભાભીએ બંનેને સાડી પહેરાવીને, એમના દ્વારા નમસ્કારમાં જોડાવીને એમનો ફોટો પાડ્યો અને એનું આ વર્ષનું નાતાલનું કાર્ડ બનાવ્યું. બંને છોકરીઓ કેટલી શોભતી હતી ! મારાં ભાભીને સાડી પહેરતાં-પહેરાવતાં આવડે છે. (અલબત્ત, વચ્ચે-વચ્ચે પિન લગાડીને !), પણ એણે ફક્ત એક ભૂલ કરેલી કે બંને છોકરીઓને માથે સાડી ઓઢાડી, એટલે ખરેખર અસલ ગુજરાતી નવ-વધૂઓ લાગતી હતી ! ફોટો જોતાં મને અને મારા મિત્રોને કેટલો આનંદ આવ્યો ! હા, સાડી ખરેખર શોભે છે, અને પરદેશમાં પણ એની પ્રતિષ્ઠા છે. પણ પોતાની મમ્મી સાડી પહેરે એ પેલા લંડનવાળા ગુજરાતી છોકરાને ગમતું નથી. અને મોટી વાત એ ભાષાની. પોતાના બાપને ગુજરાતીમાં બોલતા સાંભળીને દીકરાને ગુસ્સો ચડે તો પોતે ગુજરાતીમાં બોલશે ખરો ? વાંચશે ખરો ? વાપરશે ખરો ? થોડુંઘણું ગુજરાતી તો એને આવડે છે. નાનપણથી ઘેર સાંભળતો અને સ્કૂલમાં કે સ્કૂલની બહાર થોડું પણ શીખતો. અત્યારે એ ગુજરાતી સમજે છે, અશુદ્ધ બોલે અને લખે જરા પણ નહિ એવી પરિસ્થિતિ છે. પરદેશમાં દેશી ભાષા સચવાતી નથી.

આફ્રિકાના એક મુલકમાં ગુજરાતીઓની વચ્ચે ગુજરાતી ભાષાને ટકાવવા એક પ્રયોગ કર્યો છે. ગુજરાતી લખવામાં ઘણાને તકલીફ પડે (અરે, આપણનેય પડે !) માટે સરળ જોડણી

અને સરળ નિયમો અપનાવ્યાં છે. બધી ઈ દીર્ઘ અને બધા ઉ હ્રસ્વ; જોડાક્ષર નહિ; અનુસ્વાર નહિ. અને કોઈ ભૂલ હોય તોય ભૂલ નહિ ગણાય. સારી સગવડ છે અને ઉદારતા છે. પ્રયોગ પાછળનો હેતુ પણ શુભ છે અને યોગ્ય છે. પરંતુ એથી કંઈ વળવાનું નહિ. ગુજરાતીને સરળ બનાવવાથી ગુજરાતી ટકવાનું નહિ. દીર્ઘ-હ્રસ્વનો સવાલ નથી. ક, ખ, ગ, ઘ નો સવાલ છે, એટલે કે આખી ભાષાનો સવાલ છે. એ જાય તો જાય, અને ટકે તો ટકે. ને પરદેશમાં એ નહિ ટકે.

પરદેશના ગુજરાતીઓના આમંત્રણથી તેઓ વસે છે એવા અનેક દેશમાં હું ગયો છું; એમની જોડે રહ્યો છું, ચર્ચાઓ કરી છે, વ્યાખ્યાનો આપ્યાં છે. એમને સીધી વાત કરવાની હજુ સુધી મારી હિંમત ચાલતી ન હતી. મને બોલાવે, બધી સગવડ આપે.

હમણાં પરદેશ જઈ આવેલા એક આત્મીય ગુજરાતી સમાજની સાથે વાતચીત થતી હતી એમાં આ વાત નીકળી. તેઓએ ભારપૂર્વક કહ્યું, ''પરદેશમાં વસતા આપણા ભાઈઓએ જેમતેમ કરીને ગુજરાતીનું જ્ઞાન ચાલુ રાખવું પડશે, નહિ તો એ લોકો નરસિંહ, મીરાંને, અરે, સુન્દરમ્, રાજેન્દ્ર-મકરન્દને કેવી રીતે વાંચશે!'' મેં ધીરેથી કહ્યું, ''વાંચતી જ નથી. અને મીરાં, નરસિંહ વિશે તો હજી જાણે, પણ સુન્દરમ્, રાજેન્દ્ર, મકરન્દ વિશે પરદેશમાં જન્મેલા યુવાનોને પૂછો તો એમના નામ પણ સાંભળ્યાં નહિ હોય. પછી વાંચવાની વાત ક્યાં રહી!''

કોઈ કહેશે કે ભાષા જાય તો ભલે જાય, એમાં શું? ને અંગ્રેજી ક્યાં ખોટી ભાષા છે કે બીજાની જરૂર પડે! ગુજરાતી જાય તો ભલે જાય. ચલાવી લઈએ.

ભાષા જાય એનું દુઃખ છે. પણ ભાષા જાય ત્યારે એનું બીજું અને મોટું દુઃખ અને ચિંતા છે કે ભાષા જાય ત્યારે એકલી નહિ જાય, ભાષા જાય, માતૃભાષા જાય, દેશની અને કુટુંબની અને બાપદાદાઓની ભાષા એ કુટુંબના સભ્યોમાંથી જાય, એની આવડત જાય. એની સમજણ જાય, એનો ઉપયોગ જાય ત્યારે એની સાથે મૂળ દેશ સાથેનો સંપર્ક જાય, વારસાગત સંસ્કૃતિ સાથેનો સંપર્ક જાય, સંસ્કૃતિ જાય, મૂળિયાં જાય, ઈતિહાસનો અને ભૂતકાળનો અને હૃદયનો એક કટકો જાય. આ ખોટ મોટી છે.

ભાષા અને સંસ્કૃતિ એકબીજા સાથે એવી તો સંકળાયેલી છે કે એક જાય તો બીજી જાય. ભાષા એ સંસ્કૃતિનું તટસ્થ વાહન નથી; એની સાથે ઓતપ્રોત છે, વણાયેલી છે, એક થયેલી છે. આર્ય સંસ્કૃતિ આર્ય ભાષાઓમાં જ ટકે. પ્રયોગ કરવો હોય તો ગીતાજીનાં ''સ્થિતપ્રજ્ઞના લક્ષણો'' લઈને એનું અંગ્રેજી ભાષાંતર વાંચો. બોલો, તમારું દિલ એમાં બેઠું? ભક્તિ જામી? ધ્યાન લાગ્યું! સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો તમે ગુજરાતીમાં બોલો અને (સંસ્કૃત આવડે તો સંસ્કૃતમાં) ત્યારે દિલમાં અનેરાં આનંદ; શાંતિ, સાત્વિકતાનો અનુભવ કરો છો. અંગ્રેજીમાં વાંચો ત્યારે એવું કશું લાગતું નથી. ભાષાનો પ્રભાવ છે. ભાષાનું જોર છે. તે જે સંસ્કૃતિમાંથી આવી છે એની સાથે એકરૂપ થયેલી હોય છે, માટે એ જો જાય તો એના સંસ્કારો પણ ઘસડીને લઈ જાય. ભાષા ઊઘડે તો પોતાનો સામાન લઈને ઊપડે; અને ભાષાનો સામાન એટલે સંસ્કૃતિ. ગુજરાતી ભાષા જાય તો ભારતીય સંસ્કૃતિને પણ સાથે લઈ જાય. એ કંઈ ઓછું જોખમી નથી.

મારી મૂળ વાત ફરી એક વાર સ્પષ્ટ કહું. તમે પરદેશમાં ન જાઓ એમ હું નથી કહેતો, ન રહો એમ પણ નથી કહેતો. તમારી ઈચ્છા હશે તો જરૂર જશો અને જરૂર રહેશો, પણ જશો તો પૂરો વિચાર કરીને જશો, રહેશો તો પૂરો વિચાર કરીને રહેશો. શું મળે અને શું જાય, શો લાભ છે અને શું નુકસાન છે, શાની આશા છે અને શાનો ચોક્કસ ભારે મોટો ભોગ છે, એ બરાબર જોજો. જમા ખાતે ઠીક રકમ છે, પરંતુ ગયા ખાતે કંઈ ઓછી રકમ નથી. બંને પક્ષ બરાબર તપાસજો. પછી જવું હોય તો જરૂર જજો. પણ આંખો બંધ કરીને તો નહિ જાઓ. બીજાઓના અનુકરણથી ફેશનના જોરથી, પૈસાના મોહથી, પ્રતિષ્ઠાની ભૂખથી તો નહિ જાઓ. અને સાચા કારણથી જવાનો વિચાર કરશો ત્યારે પણ જવાથી કેવા ગેરલાભ છે એનો પણ પૂરો ખ્યાલ કરો. માબાપનો વિયોગ, કામનો અતિરેક, ઓછું કૌટુંબિક જીવન, લઘુમતીનાં જોખમ, સંસ્કૃતિનો હ્રાસ. યાદ રાખો કે તમને પ્રિય છે એવી કેટલીક વસ્તુઓ તમારે માટે નહિ તો તમારા દીકરાઓ માટે તો જશે. મમ્મીની સાડી જશે. પપ્પાની ભાષા જશે. ઉપનિષદની પ્રાર્થના પણ જશે. એ તમને ગમશે ખરું?

✱✱✱

---

એક વેક્સિન મારે પણ શોધવી છે....

બોરિયત-રોજીંદી ઘટમાળમાં ફસાઇ ગયેલાઓને બહાર કાઢે એવી...

કૂકરની ત્રીજી સીટીએ રસોડામાં દોડી જતી સ્ત્રીઓને થોડી પળો માટે ગણતરીઓ ભૂલાવી દે એવી...

પિસ્તાળીસમા વર્ષે માથા પર બેસી રહેલી સફેદીને મેઘધનુષી રંગે રંગી નાંખે એવી...

ભૂલી જવા જેવી પણ યાદ રહી ગયેલી ઘટનાઓને યાદ-દાશ્તમાંથી બાકાત કરી આપે એવી...

કિસ્મતે હિસ્સામાં નહીં મૂકી આપેલી પળો-ઘટનાઓ અને વ્યક્તિઓને મનનાં દરવાજેથી "ગેટઆઉટ" કહી શકે એવી....

"એ" પાસે હોય ત્યારે સમયને અટકાવી દે અને "એ" પાસે ન હોય ત્યારે સમયને દોડાવી દે એવી....

દીકરીની પિંક હેરબેન્ડનાં ખોટ્ટા પતંગિયાને સાચ્ચું કરી આપે એવી....

ઘરડાં થતા જતા મા-બાપની આંખોમાંથી પ્રતીક્ષાને બાદ કરી આપે એવી...

એક વેક્સિન મારે પણ શોધવી છે<br>
સ્વીકારની પરવા કર્યા વિના<br>
ચહેરા પર પહેરી રાખેલા, પહેરવા પડેલા<br>
તમામ માસ્ક ઉતારી આપે એવી



# પ્રયાગરાજ ની સફર

□ ડો. સ્નેહલ કે. જોશી

ટ્રેન ના ડબ્બા માં પ્રવેશ્યો અને મારી સીટ શોધતો શોધતો ત્રીજા કમ્પાર્ટમેન્ટમાં પહોંચ્યો. બાજુની બે બેઠકોમાં થી, મારી નીચેની બેઠક હતી. સામે, એક બાળક અને એના માતા-પિતાનું એક નાનું સુખી કુટુંબ હતું. હજુ ત્રણ જગ્યા ખાલી હતી તથા મારી સામેની બેઠક પણ ખાલી હતી. ત્રણ-ચાર મિનીટ માં મારી સામેની બેઠક પર એક ભાઈ આવી ગયા અને એમનો સામાન ગોઠવવા લાગ્યા. ત્યાં એક ૭૦-૭૫ વર્ષની ઉંમરનાં એક સજ્જન અને તેમના જોડીદાર આવ્યા અને પોતાનો સમાન ગોઠવી અને જગ્યા લીધી. જ્યારે પણ લાંબી મુસાફરી કરવાની હોય ત્યારે કમ્પાર્ટમેન્ટ થોડા સમય માટે ઘર જ બની જાય. અત્યારે આ હંગામી ઘરનાં તમામ પાત્રોએ પોતાની જગ્યા લઇ લીધી હતી.

જ્યારે પણ મન થાય અને મા ગંગાની યાદ આવે અથવા મા ગંગા બોલાવે, ત્યારે આ ટ્રેન મારો સેતુ બની જાય. આશરે ૩૬ કલાકની મુસાફરી અને બીજા દિવસે સાંજે હરિદ્વાર પહોંચી જવાય. સાંજે ગંગા આરતીનો લાભ લઇ અને બીજા દિવસે સવારે ઋષીકેશ. આજ મારો નિત્ય ક્રમ. પરિચય કેળવવાના હેતુથી સામે બેઠેલા લગભગ મારીજ ઉંમરના ભાઈ સાથે વાતચીત શરુ કરી.

સામે પેલું બાળક થોડું તોફાન કરી પોતાનો સમય પસાર કરી રહ્યું હતું...તેના માતા-પિતા પોતાના મોબાઈલ જોવામાં વ્યસ્ત હતા. થોડી-થોડી વારે, નાસ્તા, કોલ્ડ-ડ્રીન્કસ અને ચા-કોફીવાળા ફેરીયાઓ બુમ લગાવી રહ્યા હતા. દિવાળી પછીનો સમય હતો એટલે ટ્રેનમાં બંને તરફ સરસ મજાની લીલોતરી જોવાં મળે. સાથે સાથે વચ્ચે આવતી નાની-મોટી નદીઓમાં બંને કાંઠે પાણી હતા.

પેલા બાળક ની સાથે થોડી વાતો કરી સમય પસાર કરતો હતો...વચ્ચે, તેના પિતા પણ વાતો કરતા. પણ, પેલા બંને ઉંમરવાળા યુગલ પોતાની પાસે રહેલા પુસ્તકો વાંચવામાં વ્યસ્ત હતા. કદાચ એમને અમારી વાતોમાં બહુ રસ ના લાગ્યો. છત્રીસ કલાકની મુસાફરીમાં જો બે વ્યક્તિ સાવ અલિપ્ત રહે, તો મજા ના આવે... એટલે, એમને પણ વાતોમાં શામેલ કરવાના ઈરાદાથી વાત શરુ કરી...

''તમે ક્યા સુધી જવાના ?''.. મારો પ્રશ્ન સાંભળી પેલા મોટી ઉંમરનાં સજ્જને પુસ્તકમાંથી ઉપર જોઈને આછા હાસ્ય સાથે જવાબ આપ્યો, ''હરિદ્વાર સુધી...'' વળી પાછા પુસ્તક વાંચવામાં લાગી ગયા.

મેં ફરી પ્રશ્ન કર્યો, ''ત્યાં રહો છો ? કે ખાલી થોડા સમય માટે ?''

તેમણે ધીમેથી પુસ્તક બંધ કરી અને જવાબ આપ્યો, ''અમે રુદ્ર પ્રયાગ જવાના. ત્યાં રહીએ, વર્ષમાં દસ થી અગિયાર મહિના..''

**બંને સરસ વ્યક્તિત્વ હતા ....સજ્જન ઊંચા, વિશાળ કપાળ, માથે શ્વેત વાળ અને થોડી થોડી સફેદ દાઢી-મુછ...સફેદ ઝબ્બો અને લેંઘો અને હાથમાં એક કાળા ડાયલવાળી ઘડિયાળ તેમજ સોનેરી લટકતી ચેઈન સાથે જોડાયેલા ચશ્મા ... એમના જોડીદાર બેન પણ એકદમ શાલીન અને પ્રભાવી વ્યક્તિત્વ ધરાવતા હતા.... સાદો કોટનનો ડ્રેસ, શ્વેત લાંબા વાળનો ચોટલો, બંને હાથ માં એક એક બંગડી, કપાળે લાલ મોટો ચાંદલો અને ગળે લટકતી સોનેરી ચેઈન સાથે જોડાયેલા ચશ્માં . . .**

રુદ્રપ્રયાગનું નામ સંભાળી મારી આંખમાં ચમક આવી અને એમને પૂછ્યું, ''વાહ... ખુબ સરસ જગ્યા... ત્યાં શું કરો તમે ?''

હવે, મારી સામે બેઠેલા ભાઈને પણ રસ પડ્યો...અને પેલા નાના બાળકનાં પિતા પણ અમારી વાતોમાં જોડાયા....

પેલા કાકા હસી પડ્યા અને બોલ્યા,''ત્યાં કશુંજ નથી કરતાં...બસ ઇશ્વરના પ્રયોજનને ન્યાય આપવાનો પ્રયત્ન.''

અમારી વાતો વધી.... પરિચય પણ વધ્યો....મને ઉત્કંઠા થઇ, એમના અને એમના કામ વિષે જાણવાની....

મેં પૂછ્યું, ''તમારા પરિવાર માં કોણ ? ત્યાં જતા રહો આટલો લાંબો સમય, તો ઘર ની યાદ ના આવે ?''

એમણે એમના જોડીદાર બેન સામે જોયું અને બંને થોડું હસ્યા...

સજ્જને કહ્યું, ''ભાઈ, મારા પરિવારમાં એક દીકરો અને એક દીકરી છે...બંને લગ્ન કરીને ખુબ સારી રીતે અમેરિકામાં સ્થાયી છે...'' પછી એમની સામે બેઠેલા એમના જોડીદારની સામે જોઈ બોલ્યા, ''એમના પરિવાર માં એક દીકરી છે....એ પણ લગ્ન કરી ને કેનેડા સ્થાયી છે....''

હું અને બાકીના બધા આ સાંભળીને થોડા અવઢવમાં પડ્યા...

મારાથી પૂછાઈ ગયું, ''એટલે..તમારા બંનેનો પરિવાર અલગ અલગ છે ? તમે ...''

એ મારા પ્રશ્નનો મર્મ સમજી ગયા અને જવાબ આપ્યો...

''ભાઈ, હું '૭૨' વર્ષનો છું અને આ મારી સામે બેઠેલા અનન્યાબેન '૭૦' વર્ષના છે... અમે બંને છેલ્લા દસ વર્ષથી મિત્રો છીએ... હું વ્યવસાયે આધ્યાપક હતો તથા અનન્યાબેન વ્યવસાયે ડોક્ટર છે.''

''વાહ, તમે બંને મિત્રો છો...મને તો એમ કે.....'' બાકીનું વાક્ય અધ્યાહાર છોડી દીધું ....

પેલા સજ્જન મારી સામે જોઈને હળવા

હાસ્ય સાથે બોલ્યા, ''કેમ બે મિત્રો ના હોયે ?''

પછી અનન્યાબેન ની સામે જોઇને બોલ્યા, ''જોયું અનન્યાબેન, આપણે સિત્તેર વર્ષની ઉંમરે પણ મિત્ર હોઈએ એ બધા સહજતાથી સ્વીકારી નથી શકતા...'' બંને નાના બાળક ની જેમ હસી પડ્યા.

મેં એમની સામે થોડા ક્ષોભથી જોઈ કહ્યું, ''ના, એવું નથી...મોટેભાગે આપણે બધાને પતિ પત્નીનાં રૂપમાં જ જોવાં ટેવાયેલા હોઈએ, એટલે... પણ, તમારી વાત ખરેખર નવી છે... અલગ છે... તમને વાંધો ના હોય તો જણાવો કે શું કરો છો તમે રુદ્રપ્રયાગ માં ?''

પેલા સજ્જન બોલ્યા, ''ભાઈ, હું રીટાયર્ડ થયો એ પહેલા મારા દીકરા દીકરીનાં લગ્નની જવાબદારી થી પરવારી ગયેલો...બંને સારી રીતે એમના લગ્ન જીવનમાં સુખી છે અને અમેરિકા માં સ્થાયી છે... મારા રીટાયર્ડ થયાના એક વર્ષ પછી અમે અમેરિકા, દીકરા સાથે જ રહેવાના ઈરાદાથી ગયા ...ત્યાં મારા પત્નીનું એક જ વર્ષમાં માંદગીને કારણે અવસાન થયું.... અને હું પાછો ભારત આવ્યો.... એના અસ્થી અને એની યાદો સાથે...''

અસ્થી પધરાવવા હું ઋષિકેશ ગયો... શિવાનંદ આશ્રમમાં એક અઠવાડિયું રોકાયો... મન ને ખુબ શાંતિ મળી... એક સાંજે આશ્રમ માં સંત કૃષ્ણાનંદજી મળી ગયા.... અમે લગભગ એક કલાક સત્સંગ કર્યો.

એમણે મને કહ્યું કે, ''જીવન માં કોઈપણ ઘટના વગર પ્રયોજને નથી થતી....જો તમે અસ્થી વિસર્જન કરવા અહીં ના આવ્યા હોત તો આશ્રમમાં પણ ના રોકાયા હોત...અને આપણે મળ્યા પણ ન હોત.

જીવનમાં બનતી દરેક ઘટના પાછળ, ઈશ્વરનું કોઈક પ્રયોજન હોય છે...કોઈક સંકેત હોય છે.''

મેં જયારે કૃષ્ણાનંદજી ને પૂછ્યું, કે ''મારા જીવનનું શું પ્રયોજન ? મારી યોજના તો પત્ની સાથે અમેરિકામાં બાકીનું જીવન મારા દીકરા અને દીકરી નાં બાળકો સાથે પસાર કરવાનું હતું.... પણ, હવે તો હું સાવ એકલો થઇ ગયો.''

કૃષ્ણાનંદજી એ મને એક સ્મિત સાથે જવાબ આપ્યો....''તમારા માટે પણ ઈશ્વરે કોઈ યોજના બનાવી રાખીજ છે...બસ તમે ઈશ્વર પર ભરોસો રાખો અને એ સંકેત અને ઈશ્વરની ઈચ્છા સામે આવે તેને સ્વીકારી લેવાની માનસિક તૈયારી રાખજો...''

એક સાંજે, ગંગા આરતી પૂર્ણ થયા પછી, એકલો ઘાટ પર બેઠો હતો, મેં જોયું કે એક ગરીબ અને ભિખારી જેવી લાગતી મહિલા જોર જોરથી રડી રહી હતી અને એના ખોળામાં ૬-૭ વર્ષની એક બાળકી હતી....પેલી નાની બાળકી જોરથી હાંફી રહી હતી.

મારી નજર પડી...એક ''૬૦-૬૨'' વર્ષની ઉંમરનાં જાજરમાન વ્યક્તિત્વ વાળા બ્હેન પેલી મહિલા અને બાળકી તરફ દોડી ગયા....એને એમણે હાથ માં લીધી એનું મોઢું ખોલી અને શ્વાસ આપવા માંડ્યો.

થોડીવારમાં પેલી બાળકી સ્વસ્થ લાગી... હું પણ ત્યાં પહોંચ્યો.... પેલા બ્હેને પોતાના પર્સમાંથી એક નાની દવાની બોટલ આપી અને, બાળકીની માતાને કેટલીક દવા લઇ આવવા કહ્યું... પણ પેલી ભિખારી જેવી મહિલા કદાચ પૈસાનાં અભાવે દવા લાવે એવું લાગ્યું નહી.... આથી મેં, પેલા બ્હેન ને કહ્યું, ''મનેકહો, હું લઇ આવું'' અને ત્વરિત ઘાટ નજીક આવેલી અદ્ભૂત જગ્યામા ગંગાના ખોળામાં નાનું ત્યાં જ એક ઓરડામાં વિદ્યાર્થીઓને ભણવા માટેની નાની શાળા અને એક ઓરડામાં નીકળ્યા. અનન્યાબેનનું બાળકો અને સ્ત્રીઓ માટે દવાખાનાની સ્થાપના કરી.

બીજા દિવસથી અમે આજુબાજુનાં વિસ્તારમાં ફરતા અને રખડતા બાળકોને શાળામાં આવવા લઇ આવતા... ત્યાં રમતો, નાસ્તો, શ્લોક, વાર્તાઓ અને સાથે થોડું ગણિત, વિજ્ઞાન અને લખવાનું શીખવવાનું શરુ કર્યું... ધીમે ધીમે બાળકો જોડતા ગયા.... એમને રોજ ભરપેટ નાસ્તો મળે તેવી વ્યવસ્થા કરી.

અનન્યાબેન દ્વારા બાળકો, સ્ત્રીઓ અને સન્યાસીઓ માટે મફત દવા અને ઈલાજ ની વ્યવસ્થા શરુ કરી. આજે લગભગ દસ વર્ષ થઇ ગયા. ચાર શિક્ષકો માનદ પગારથી રાખ્યા છે.... શાળાનો વિકાસ પણ સરસ થયો છે. ચાર વર્ષથી બાર વર્ષની ઉંમર નાં બાળકો અભ્યાસ કરાવા આવે છે.... લગભગ ''૨૫૦'' છોકરાઓ આવે છે. અનન્યાબેન ડોક્ટર તરીકે અદ્ભુત સેવા આપે છે. આજુબાજુનાં ગામનાં મળી ને પચાસ થી પંચાવન દર્દીઓ તો રોજ આવે.

''બસ, આ અમારી કથા....'' એક હાસ્ય સાથે એ સજ્જન બોલ્યા.

મારાથી બોલાઈ ગયું, ''અદ્ભુત....તમે અદ્ભુત કાર્ય કરો છો. તમે બંને આજે સારામાં સારી જિંદગી જીવી શકત... પણ તમે આવું કાર્ય સ્વીકારી લીધું. આવું ભાગ્યેજ કોઈ કરે.''

ત્યાં અનન્યાબેન પહેલીવાર બોલ્યા, ''ભાઈ, અમે કશુજ નથી કરતાં. ઈશ્વર અમારી પાસે કાર્ય કરાવે છે. એનો સંકેત હતો. એનું જ પ્રયોજન હતું. અમે તો માત્ર એના દ્વારા નિર્મિત પટકથાનાં પાત્રો છીએ.... પાછા જઈશું ત્યારે ઈશ્વર જવાબ માંગશે ને ? શું કર્યું તમે જગત માં જઈને ? આપણા ભાથા માં કહેવા લાયક કંઇક તો હોવું જોઈએ ને ?''

અમે બધાજ આ બંને સેવાના ભેખધારી ને જોઈ રહ્યા.

કદાચ ઇશ્વરની યોજના, પ્રયોજન, ઈચ્છાના સંકેત આપણને પણ મળતા હશે ... પણ આપણે એ સંકેતોને કદાચ અવગણી જતા હોઈએ છે.... દરેક નો જન્મ તો કોઈ ઉચ્ચ ધ્યેય માટે જ થયો છે... અસીમ અને અનંત સંભાવના સાથે આપણે જન્મ્યા... પણ નાની નાની અર્થહીન બાબતો માં એવા અટવાઈ જઈએ કે જીવન ક્યાં વીતી ગયું એ ખબરજ ના પડે....

જીવનને અર્થપૂર્ણ બનાવવું આપણા હાથમાં છે. જીવન માં બનતી દરેક ઘટના, જીવનમાં આવતી વ્યક્તિઓ, ઉત્પન્ન થતી પરિસ્થિતિ અને ઘટના પાછળ કોઈ સંકેત હોય જ છે. જીવન તો કોઇ પણ જીવી લેશે. અર્થપૂર્ણ જીવન જીવવા માટે ઈશ્વરનું પ્રયોજન સમજવું જરૂરી છે.

જીવન એમ પણ વીતી જવાનું... આપણી પાસે બેજ વિકલ્પ છે.... જીવનને માત્ર જીવવું અથવા જીવનને અર્થપૂર્ણ રીતે જીવવું. ઇશ્વરના સંકેત ને સમજી. તેના પ્રયોજન મુજબ.

✸✸✸



# મૂર્તિનું સર્જન

□ કાકા કાલેલકર

એક હતો મૂર્તિકાર. પોતાના ધ્યાનની મસ્તીમાં ફાવે ત્યાં ભટકતો હતો. એણે એક ખડકાળ પ્રદેશમાં એક મોટો પથ્થર જોયો. એને એ પથ્થરમાં કશુંક દેખાયું.

સુંદર પાકેલી દ્રાક્ષને પ્રકાશ સામે ધરતાં જ જે પ્રમાણે આપણને દ્રાક્ષની અંદરનાં બીજ દેખાય છે અથવા એક્સરે દ્વારા મનુષ્યના શરીરમાંનાં હાડકાંઓ સ્પષ્ટ દેખાય છે એ જ પ્રમાણે મૂર્તિકારને એ પથ્થરમાં દેવીની મૂર્તિ દેખાઇ.

ફરક એટલો જ કે તાજી અને આકર્ષક દ્રાક્ષના પેટાળમાં આપણને એનાં ખરબચડાં વિચિત્ર લાગે છે. તારુણ્યનું લાવણ્ય ઉમેરાતાં માનવદેહમાં એકસ-રેની દૃષ્ટિએ ભયાનક એવું હાડપિંજર દેખાય છે. કારણ કે બંને ઠેકાણે આપણે પાર્થિવ દૃષ્ટિ વડે જોતા હોઇએ છીએ. મૂર્તિકારની પાર્થિવ નજરને બ્રહ્માએ ઘડેલ પથ્થરનો ટુકડો હતો. પણ ઈશ્વરે મૂર્તિકારની કલ્પનાને દિવ્યદૃષ્ટિ આપી હતી. તેથી એને એ ખરબચડા પથ્થરમાં એક લાવણ્યમણી, પ્રમાણબદ્ધ, સુકુમાર સજીવ-મૂર્તિ દેખાઇ. શિલા બનીને પડેલી અહલ્યા પ્રભુ રામચંદ્રનાં ચરણોને દેખાઇ એ જ પ્રમાણે.

પ્રથમ તો એણે ગામમાંથી એક બળદગાડી અને માણસો બોલાવ્યા અને એ પાષાણને પોતાની શિલ્પશાળામાં એ લઇ ગયો. પછી તાબડતોબ હાથમાં હથોડી અને છીણી લઇને એણે પથ્થરની કરચો કાઢવાની શરૂઆત કરી. એની કલાત્મક દૃષ્ટિને ભીતરની મૂર્તિ સ્પષ્ટ દેખાતી હતી. એનું કાર્ય એ મૂર્તિને ચોટેલી પથ્થરની કરચો ઉજાડવાનું જ હતું. પહેલા તો તેણે જોરશોરથી ઘા કરીને નકામો પથ્થર કાઢી નાખ્યો. પછી એણે મૂર્તિને ઘડવાની શરૂઆત કરી. કેવું એનું બળ ! અને છતાએ શી નાજુકતા ! પોતાનું સમગ્ર બળ અને સમસ્ત કૌશલ્ય કાંડામાં એકત્ર કરીને એણે પથ્થર પર હથોડી વડે પ્રહાર શરૂ કર્યા. પ્રહારના પ્રમાણમાં જરા જેટલી ઉગ્રતા યા ઊણપ આવે એમ નહોતી. કઇ બાજુએ કેટલા પ્રહાર કરવાથી કામ બરાબર થશે એ એની કળા જ પળે પળે એને કહેતી હતી. ભીતરની મૂર્તિને જરા જેટલું દુ:ખ ન પહોંચે એની તકેદારી રાખવી જરૂરી હતી. મૂર્તિને જો જરા પણ દુ:ખ પહોંચે તો મૂર્તિકારના પ્રાણ હણાઇ જાય. શલ્યચિકિત્સા કરનાર વૈધના-સર્જનના કૌશલ્ય વડે એ એકાગ્રતાપૂર્વક કાર્ય કરતો હતો. પરસેવાથી એ તરબતર થઇ ગયો હતો. પાપણના પોપડાઓ એક પછી એક ઊખડવા માંડયા. પહેલાં મોટા પછી નાના. મૂર્તિકારનો જીવ એની આંખોમાં અને આંગળીઓમાં કેન્દ્રિત થતો હતો. ભૂખ કેવી અને તરસેય કેવી ? નિદ્રા સુધ્ધાં પાસે ફરકતી નહોતી.

ધીમે ધીમે મૂર્તિનો અવતાર પ્રગટ થવા માંડયો. ડૂબતા માણસને પાણીની બહાર કાઢયા પછી કે ઊંઘતાને જગાડયા બાદ પ્રથમ જે રાતે એનાં અંગપ્રત્યંગો પ્રમાદી દેખાય છે અને આંખોમાં તથા ચહેરા પર ઊંઘની છાયા દેખાય છે એ જ પ્રમાણે મૂર્તિનાં દર્શન થવા માંડયાં.

હવે મૂર્તિકાર પોતાની વિદ્યા, પોતાની નિષ્ઠા અને પોતાનું ધ્યાન પોતાનો આંગળીઓનાં ટેરવાંઓમાં આણીને યોગમુક્ત સ્થિતિમાં કામ કરવા માંડયો. અને આવશ્યક એવાં ઓજાર એણે જાતે જ તૈયાર કરેલા અને પ્રત્યેક ઓજારને પાણી પાત્ર પ્રમાણસર જ ચડાવવામાં આવેલું. હવે એણે નિદ્રિત મૂર્તિને જાગ્રત કરવાનું કાર્ય શરૂ કર્યુ. એનો કોમળ અને ગેબી સ્પર્શ થતાં જ મૂર્તિએ સ્મિત વેર્યું. પછી ધીમે ધીમે એણે પોતાની આંખો ખોલી, આંખો ખૂલતા જ મૂર્તિકારને જોતાંવેંત પૂર્વપરિચય હોય એવી નજરે એની સામે જોયું. પોતાનાં વસ્ત્રો ઠીક કર્યા અને લાખ્ખો વર્ષોનું શિવાત્મક મૌન ત્યાગીને દેવી બોલી તાત ! મને શા માટે બોલાવી ? અનેક કાર્યોની નિદ્રામાંથી મને શા માટે જગાડી ? ક્યાં કાર્યની અપેક્ષા સેવીને આવું આચરણ કર્યું છે ?'

હથોડીના પ્રહારો કરી કરીને પોતે જ પડેલી મૂર્તિ સમક્ષ એ હાથ જોડીને ઊભો રહ્યો. એણે પોતાનું મસ્તક નમાવીને નમ્રપણે ભક્તિ વડે ગદ્‌ગદ થયેલ સ્વરે કહ્યું : 'ક્ષમા કર દેવી ! ક્ષમા કર. દુનિયા એકદમ ત્રાસી ગઇ છે. દુ:ખ સહન કરવાની પરાકાષ્ઠા આવી પહોંચી છે. દુ:ખની દીક્ષા વડે વળતા પાણી કરવાને બદલે માનવજાત દુ:ખવિહરળ બનીને નાસ્તિક બનવા માંડી છે. મનુષ્યનો મનુષ્ય સાથેનો વ્યવહાર વિપરીત અને અમાનુષિક બનવા માંડયો છે. મારાથી આ દેખાતું નથી. તેથી હું ગૂંગળાઇ ગયો હતો. કશું જ ન સૂઝતાં ગાંડાની જેમ ભટકતો હતો. એટલામાં જંગલમાંના પાષાણખંડમાં મને તારાંન્દર્શન થયાં. મને માર્ગ સાંપડયો. મનોમન મને ખાતરી થઇ ગઇ કે દીનોના ઉદ્ધારનું મુહૂર્ત આજે જ છે. તેથી જ મેં તને બોલાવી છે. અહીં મને તારી સ્થાપના કરવા દે. તારા યોગ્ય અહીં એક મંદિર ઊભું કરીશ. પછી દુનિયાભરના લોકોને આમંત્રણ પાઠવીશ. જેમને તારાં દર્શન લાભશે એમના હૃદયમાં અસ્તિકતાનો અને ભક્તિનો ઉદય થશે. મનુષ્યજીવનનું રહસ્ય એમને સમજાશે અને પછી મનુષ્ય મનુષ્યને મનુષ્ય તરીકે, બંધુ તરીકે અને તારા ભક્ત તરીકે ઓળખવાનું શીખશે. હે જગન્માતા ! ભુવનેશ્વરી ! આ કાર્ય અખંડ ચાલુ રહે એટલા ખાતર તારે હવે સદાને માટે અહીં જ વિરાજમાન રહેવું જોઇએ.'

દેવીએ પ્રસન્ન થઇને કહ્યું 'તથાસ્તુ ! પણ વત્સ તારે માટે તને એક પણ વરદાન નહીં જોઇએ ?'

'શા માટે નહીં મા ! મને અવશ્ય એક વરદાન જોઇએ છે. તારાં દર્શન માટે આવનાર

ભક્તોએ તારો અહીં આવિષ્કાર કરનારે મને વીસરી જવો. હું કોણ ક્યાંનો, મારું નામ શું હતું એની શોધ તેઓ ન કરે ! મારે લીધે એમનાં દર્શન આનંદમાં વિક્ષેપ ન પડે એટલું જ હું માગું છું.'

દેવી વિચારમાં પડી ગઇ. એના હોઠ હલ્યા જ નહીં. મૂર્તિકારને પોતે 'વરમાગ' એવું કહ્યું એ બદલ એને પશ્ચાતાપ થવા માંડયો. એટલામાં દેવીના ચહેરા પર પુનઃ પ્રસન્નતા ચમકવા માંડી. એણે કહ્યું: 'તથાસ્તુ.'

વરદાન આપીને દેવીએ તરત જ મૂર્તિકારને ઊંચકીને પોતાના હૃદયમાં સમાવી દીધો. 'હવે મારાથી ભિન્ન એવો તું રહી શકીશ જ નહીં'. મારાથી અભેદ એ જ મારું તને વરદાન છે. આ પાષાણ ખંડમાં હું આવી હતી, લુપ્ત હતી, સુપ્ત હતી, તે મારો આવિષ્કાર કર્યો. હવે હું તને મારા હૃદય સાથે સાયુજયતા અર્પણ કરું છું. તેં મને દેહ આપ્યો. હવે હું તને વિદેહ બનાવું છું. હવેથી પૃથ્વીના પુત્રો મારામાં જ તારાં દર્શન કરશે. તારામાં અને મારામાં હવે ભેદ રહ્યો નથી.'

✱✱✱

# પ્રતિભાશાળી વ્યક્તિએ પોતાની જાત પર શ્રદ્ધા રાખવી જોઈએ



એક એડિટરે એક નવોદિત લેખિકાને લેખન પર મદાર રાખવાને બદલે નોકરી શોધી લેવાની સલાહ આપી ત્યારે....


એ બેકાર યુવતીએ એક નવલકથા લખી. એક પ્રકાશન સંસ્થા તેની નવલકથા પ્રકાશિત કરવા માટે તૈયાર થઈ. એ પ્રકાશન સંસ્થાના એડિટરે તે યુવતીને સલાહ આપી કે 'આ રીતે કંઈ એક બુક લખીને એની રોયલ્ટીની આવકમાંથી તારું ગુજરાન નહીં ચાલે. એટલે મારી સલાહ છે કે તું માત્ર આના આધારે બેસી રહેવાને બદલે કોઈ સારી નોકરી લઈ લે.' તે યુવતીએ કહ્યું, 'મારે નોકરી તો નથી કરવી. મને મારી જાત પર અને મારી નવલકથામાં શ્રદ્ધા છે.'

તે યુવતીએ એ એડિટરની સલાહ માની નહીં. એ પછી થોડા સમય બાદ ૮ જુલાઈ ૨૦૦૦ ના દિવસે તે નવોદિત લેખિકાની પ્રથમ નવલકથા પ્રકાશિત થઈ. અને એ નવલકથાને અદ્‌ભુત સફળતા મળી. એ નવલકથા કલ્પનાતીત ઝડપે બેસ્ટસેલર લિસ્ટમાં આવી ગઈ. એક જ સપ્તાહમાં એની લાખો પ્રતો વેચાઈ ગઈ.

એ પછી તો તે લેખિકાને ક્યારેય પાછું વળીને જોવું ન પડ્યું. તેને તેનાં લેખન થકી અને તેની નવલકથાઓ પરથી બનેલી ફિલ્મ્સ અને અન્ય વસ્તુઓ પરથી ચિક્કાર કમાણી થવા લાગી. તેની પ્રથમ નવલકથા પ્રકાશિત થઈ એ પછી માત્ર ત્રણ જ વર્ષમાં તે જગતની સૌપ્રથમ બિલિયનેર (અબજપતિ) રાઈટર બની ગઈ! (એ વખતના ડોલર સામે રૂપિયાની જે કિંમત હતી એની સરખામણી કરીએ તો તે ચાર હજાર કરોડ રૂપિયાની માલિક બની ગઈ હતી!) જગવિખ્યાત 'ફોર્બ્સ' મેગેઝિને ૨૦૦૪માં તેની બિલિયનેર રાઈટર તરીકે નોંધ લેવી પડી. એ સમય સુધી કોઈ કલ્પના પણ નહોતું કરી શકતું કે લેખન થકી કોઈ વ્યક્તિ બિલિયનેર બની શકે. તે યુવતીએ એ સાબિત કરી બતાવ્યું.

તે યુવતીએ પેલા એડિટરની સલાહ ન માનીને નોકરી શોધીને આર્થિક સલામતી મેળવવાને બદલે લેખન પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કર્યું. તે યુવતીને પોતાની જાત પર અને પોતાની સર્જનશક્તિ પર પણ શ્રદ્ધા હતી. તેની એ શ્રદ્ધાએ ચમત્કાર કરી બતાવ્યો. તેને જેમણે નોકરી શોધી લેવાની સલાહ આપી હતી તે એડિટર એટલે બેરી કનિંગહામ, જે તે વખતે બ્લુમ્સબરી પબ્લિશિંગ હાઉસમાં એડિટર તરીકે ફરજ બજાવતા હતા. ૨૦૦૦નાં વર્ષ સુધી તેમને ઈંગ્લેન્ડનાં લેખનજગત અને પ્રકાશનજગત સાથે સંકળાયેલા લોકો સિવાય કોઈ ઓળખતું નહોતું. હવે તેમનું નામ જગતના કેટલાય લોકો સુધી પહોંચ્યું છે, પણ ઈંગ્લેન્ડનાં લેખનજગત અને પ્રકાશનજગત સાથે સંકળાયેલા લોકો સિવાય બધા તેમને એ કારણે ઓળખે છે કે તેમણે એક લેખિકાને માત્ર લેખન પર મદાર રાખવાને બદલે નોકરી શોધી લેવાની સલાહ આપી હતી!

જે યુવતીને આજે આખું જગત ઓળખે છે તે યુવતી એટલે જે. કે. રોલિંગ, જેણે હેરી પોટર સિરીઝની નવલકથાઓ લખીને દુનિયાના ફિલ્મ્સે જગતભરમાં તહલકો મચાવી દીધો. એક ડઝનથી વધુ પ્રકાશન સંસ્થાઓ તરફથી રિજેકશન મળ્યા પછી તેમની પ્રથમ નવલકથા પ્રકાશિત થઈ એ પછી માત્ર ત્રણ જ વર્ષમાં તેઓ જગતના સૌથી ધનાઢ્ય રાઈટર બની ગયાં.




સલામતીની પરવા કરીને જીવનારી વ્યક્તિઓ ઈતિહાસ સર્જી શકતી નથી. સલામતી ફગાવીને જોખમ ઉઠાવનારી વ્યક્તિઓ અણધારી સફળતા મેળવી શકતી હોય છે. જેનામાં સર્જનશક્તિ કે પ્રતિભા હોય એ વ્યક્તિએ પોતાની જાત પર શ્રદ્ધા રાખવી જોઈએ અને જ્યાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી તેણે ધીરજપૂર્વક પ્રયાસ ચાલુ રાખવા જોઈએ.

✱✱✱

# જીવન-વિષ-અમૃત



□ ક્રિશનસિંહ ચાવડા

લાડલી એ નીલમનગર રાજ્યની પહેલી હરોળની જાગીર, એના વૃધ્ધ જાગીરદાર ઠાકુર દીવાન ગિરિરાજસિંહનુ મૃત્યુ થયું ત્યારે લોકોને શોક થયો તેના કરતાં આનંદ વધારે થયો. આ જાગીરદાર આમ તો ગીતાભક્ત, પણ શ્રાવણ મહિનામાં જન્માષ્ટમીએ એક મેળો ભરે. એમાં મોટું જુગારખાનું ચલાવે. એની મોટી આવકથી ખિસ્સું ભરે અને અનેક લોકોને આંસુ સારતા પાછા વાળે, એ જાગીરની પ્રજા કંગાળ અને દુઃખી, પરંતુ જનતાનું મોટું આશ્વાસન લાડલીનો રાજકુમાર રઘુરાજસિંહ, પોતાના બાપની સાથે એનો બિલકુલ મેળ નહિ. જન્માષ્ટમીના મેળામાં રઘુરાજસિંહ નીલમનગર આવતા રહે, લાડલીના મેળામાં રઘુરાજસિંહ નીલમનગર આવતા રહે, લાડલીના લોકોને મન આ રાજકુમાર સોનાનો માણસ.

બાપના અવસાન પછી રઘુરાજસિંહ ગાદીએ આવ્યો. રઘુરાજ મને બહુ વહાલા, એટલે એ ઉત્સવમાં મેં અંતર ભરીને ભાગ લીધો અને પછી તો અમારી મૈત્રી નિકટતાનું એક પછી એક પગથિયું ચઢતી ચાલી. સુંદર અને લાવણ્યવતી સ્ત્રીઓ જોઇ છે. સારી અને મનમોહક નારીઓના પરિચયમાં પણ આવ્યો છું. ચકોર અને દક્ષ સન્નારીઓનો સમાગમ થયો છે, આ સર્વ હોય ને શીલનું ઓજસ હોય એવી વિરલ મહિમાવંત માતાને પણ મળ્યો છું, પરંતુ રૂપવંતા તેજસ્વી પુરુષો ઓછા જોયા છે. જેમના વર્તનમાં પ્રસાદનો પરિમલ મહેકે છે, જેમના હૃદયકમલનું આકર્ષણ મનોહારી નીવડયું છે. એવા જૂજ જ નરરત્નોનો પરિચય થયો છે. દાક્ષિણ્ય જેમનું અદ્ભુત છે અને મેધાના ગૌરવથી જેઓ શોભે છે એવા સજ્જનોના સંપર્કમાંય આવ્યો છું, પરંતુ આ સર્વનો સપ્રમાણ સુમેળ હોય ને શીલના સુવર્ણ રંગે ઓપતા હોય એવા વિરલ સત્પુરુષોને મળવાનું સોભાગ્ય પણ મળ્યું છે. એમાં રઘુરાજસિંહનું નામ આવે. એટલે એમનું મારા અંતરને એવું તો આગવું આકર્ષણ કે એના સ્મરણ માત્રથી અને આનંદ થાય.

આ રઘુરાજસિંહ માટે લગ્નની અનેક માગણીઓ આવવા માંડી. રાજામહારાજાઓ અને રાજકુમારો જાગીરદારોના ચારિત્ર્ય વિષે કોઈ ભાગ્યે જ છાતી ઠોકીને ખાતરી આપી શકે પણ લાડલીના આ સપૂતનું ચારિત્ર્ય સો ટચનું સોનું મનાતું અને હતું. સવારે બે કલાકનું ધ્યાનપૂજામાં ગાળે. કંકુના તિલકથી દીપતું એમનું મુખ, નિર્મળ પ્રભાની છટાથી તેજ થયાં કરે. જે નિષ્કલંક આંખોમાંથી નેહ નીતર્યા કરે. સુવર્ણરંગી ને સુરેખ કાયામાં બેઠેલો પરાક્રમશીલ પ્રાણ અને અભિજાત આત્મા આપણને વહાલ કરવાનું આમંત્રણ આપ્યાં જ કરે. બાળક જેવું એમનું નમણું અને નિખાલસ વર્તન સ્વાભાવિકતાની એવી સુગંધ મહેકાવે કે આપણને દુષ્ટતાનો વિચાર કરતાંય સંકોચ થાય. આ બધું જોઇને મને એમ થતું કે રઘુરાજ ગયા જન્મનો કોઇ યોગી છે, આ જન્મે અધૂરો રહેલો યોગ પૂરો કરવા આવ્યો છે. ભગવાને ક્ષત્રિયનો અવતાર આપ્યો છે પણ દષ્ટિ અને હૃદય બ્રાહ્મણનાં આપ્યાં છે. પરાક્રમ અને પવિત્રતાના આવા સુમેળથી આ પુરુષ કેવો ગરવો અને ગરીબનવાજ છે. એટલે હું એના ઉપર મુગ્ધ. એની મિત્રતાને માટે મને અનુપમ આનંદ અને એ લહાવો પણ વિરલ ગણું.

એક વખત રઘુરાજસિંહ મોટર લઇને નીલમનગર આવ્યા. નિરાંત અને એકાંત મેળવીને એમણે મારા હાથમાં એક પત્ર મૂક્યો. એમાંની વિગત વાંચીને મને પણ આશ્ચર્ય ઊપજ્યું. લાડલીથી સાઠ - સિત્તેર માઇલ આવેલી બીજી રાજપૂત જાગીર અસલનેરની રાજકુંવરીનો એ કાગળ હતો. એમનું નામ સુમનકુમારી. એ બાઇ સવારે પૂજામાં બેઠાં હતાં ત્યાં ધ્યાનમાં એમની કુલદેવીએ દર્શન દીધાં અને આજ્ઞા કરી કે લાડલીના જાગીરદાર સાથે લગ્નસંબંધથી જોડાઇ જા. મારા આશીર્વાદ છે. એટલે એમણે પોતે આવો પત્ર ન લખે. એમાં લજ્જાનું શીલ તૂટે. છતાં પોતે આવી હિંમત કરી છે એટલે અમે માગું મોકલીએ છીએ. તમે હા જ પાડજો. ના પાડશો તો હું શરીર પાડીશ મરી જવું.

રઘુરાજસિંહનું અંતઃકરણ ઋજુ અને સ્નિગ્ધ હતું. એમણે મારી સલાહ માગ્યા પહેલાં પોતાનો નિર્ણય કહ્યો, એ માગું સ્વીકારશે. મારે વધુ કહેવાનું હતું જ નહિ, એમને તો માત્ર આ નિર્ણય પોતાના મિત્રને કહીને હૃદય હળવું કરવું હતું. બીજી વસંતઋતુમાં લગન પણ થયું. લાડલી અને અસલનેરનાં જૂનાં વેર. આ લગ્ન કોઇની કલ્પનામાંય નહી; પણ કન્યાની હઠ ઈને રઘુરાજસિંહની સહજ સંમતિએ આ અસંભવિત લગ્ન કરાવ્યું હતું. અસલનેરના રાજકુમારીને લાડલીની હવેલીમાં જોયા પછી જે સુખ, જે આનંદ મારા અંતઃકરણને થયાં નહીં. ઊલટું એમનું વ્યકિતત્વ જોઇને થોડી જ બીક લાગી.

આમ તો એ નમણાં હતાં. સુકુમાર પણ લાગતાં. દેહ આંટીલો હતો. આંખોમાં ચમક હતી. પરંતુ કોણ જાણે કેમ એમને જોઇને, મળીને આનંદ નહોતો થતો. એ શાંત રહેતાં તે સહેવાતું પણ હસતાં ત્યારે તો ડરી જવાતું. સ્ત્રીમાં એવું એ કયું તત્વ હતું જેણે આ રાજરાણીને બિહામણી બનાવી દીધી હતી ! પરખાય નહિ પણ લાગે એવું કોઇ ? સૂક્ષ્મ તત્વ હશે ! નહિ તો સમજણ ન પડે ? પણ મારી આ લાગણી, મારું સંવેદન જે મારી પાસે જ રાખ્યું.

લગ્નને છ - સાત માસ વીતી ગયા હશે ને રઘુરાજસિંહ નીલમનગર આવ્યા, પાંગરેલું પ્રફુલ્લ પૌરુષ જેવા ટેવાયેલી મારી આંખોએ કરમાતું અંતઃકરણ જોઇને ઊંડી ગમગીની

અનુભવી. એ રાત કદી ન ભુલાય. રાતે અમે અગાશીમાં બેઠા હતાં. બે ઓશીકાને પોતાના ખોળામાં રાખી એના ઉપર હાથ રાખીને રઘુરાજસિંહ બેઠા હતા. એમને કંઇક કહેવું હતું ને એ કહેતા નહોતા. અંતરને ઊઘડવું ? ને ઊઘડવા દેતા નહોતા. હું જરા પાસે બેઠો. મને તેઓ બહુ જ ગમે, હું તો સ્નેહથી ગદ્‌ગદ્ થઇ ગયો . મે એમની દાઢીએ એક આંગળીનો સ્પર્શ કરીને પૂછયું : રઘુરાજ, દિલ ન ખોલે તેને આ રાતના સોગન. એમણે થોડીવાર મૌન રાખીને અતિશય ધીરેથી કહ્યું : 'આ સુમનકુમારી આમ સારાં છે, સ્નેહાળ છે, હુશિયાર છે, પણ...' અને એમણે કહ્યું: 'પણ એઓ મારા પલંગમાં સૂએ છે ત્યારે જાણે મારી પાસે નાગણ સૂતી હોય એવો આભાસ મને થયા જ કરે છે, એટલે ઘણીવાર મને નિદ્રા જ નથી આવતી. ક્યારેક તો એમ લાગે એટલે બીજા પલંગમાં જઇને સૂઇ જાઉં છું અને ઘણી વખત એ સૂતાં હોય છે ત્યારે મને વહાલાં લાગવાને બદલે બિહામણાં લાગે છે. 'આ વાતથી મને આશ્ચર્ય ન થયું, કારણ કે મારું સંવેદન પણ એવું જ હતું. મે એમને મારી લાગણીની વાત કરી , એમને વિષે અમે બંને એકમત થયા પણ આનો ઉપાય શો ? ખૂબ વિચાર કર્યો. મેં એમને થોડો વખત નીલમનગર રાખ્યા. થોડાક પ્રસન્ન થયા ત્યારે વિદાય લીધી. અમે એક નિર્ણય કર્યો કે સુમનકુમારીને થોડો સમય અલનેર મોકલવાં.

બે એક મહિના વીત્યા હશે. આસો મહિનો હતો એમ યાદ છે. નવરાત્રિના દિવસો હતા. દશેરાનો એ આગલો દિવસ હતો. બપોરે ત્રણ-એક વાગે લાડલીની મોટર મહેલમાં આવી. એણે ખબર આપ્યા. રઘુરાજસિંહ ઇસ્પિતાલમાં છે. અમે તો સૌ દોડયા ઇસ્પિતાલમાં ડૉક્ટર ઊતરેલે ચહેરે ઊભા હતા. રઘુરાજસિંહની સુવર્ણરંગી કાયા જાણે છાયાથી ઢંકાઇ ગઇ હોય એમ નીલીછમ થઇ ગઇ હતી. આંખો મીંચાયેલી હતી. મેં એમના હાથને મારા હાથમાં લીધો. વહાલથી કપાળે હાથ ફેરવ્યો ને બોલાવ્યા : 'રઘુરાજ ! રઘુરાજ ! રઘુરાજ ! ત્રીજે અવાજે આંખો ખોલી. મારા ભણી જોયું અને આંખો આપમેળે બિડાઇ ગઇ. ડૉક્ટરના ઇંજેકશનનું કશું ના ચાલ્યું. પળવારમાં જ એમની ગરદન એક બાજુ પડી ગઇ. ત્યાં ઊભેલા સૌ સ્તબ્ધ થઇ ગયા.

એ જ રાતે એમનું શબ લઇને અમે લાડલી આવ્યા. સવારે અગ્નિસંસ્કાર થયા. લાડલી ઉપરાંત દૂરદૂરના ગામોમાંથી લોકો ઊમટી આવ્યાં હતાં. રઘુરાજસિંહની સુગંધ દૂરસદૂર વિસ્તરેલી હતી એટલે માતમ ઊંડો હતો. વેદના બેકરાર હતી એ જ બેકરારી સાથે જે હવેલીમાં જઇને સુમનકુમારીને આશ્વાસન આપ્યું. ખરી રીતે તો એ સાંત્વન હું એને જ આપતો હતો. તે જ સાંજે લાડલીથી નીકળીને નવાગામ આવ્યો. અહીં નીલમનગરનો બંગલો હતો. રાત ત્યાં રહીને સવારે નીકળવાની ધારણા હતી. બંગલે પહોંચ્યો ત્યાં જ બે ચાર માણસો મળવા ઊભા હતા. એમણે લોકવાયકા કહી કે લાડલી દરબારનું ઝેરથી મૃત્યુ થયું. લોકો વાત કરતાં કરતાં હતાં. હું કપડા બદલીને બહાર પલંગમાં આડો પડયો. ખાવાપીવાની સૂધબૂધ પણ નહોતી. દિલમાં, મનમાં, આખી હસ્તીમાં બસ વેદના ગાંડાની જેમ રઝળતી હતી. અંતરમાં યાદની ફરિયાદ આકરી બનતી જતી હતી. આમાં બીમારી નિદ્રા ક્યાં આવે. દૂરથી વાતચીત સંભળાઇ. અવાજ માળીનો હતો. જરા ધ્યાનથી જોયું તો માળીને એની વહુ વાતો કરતા હતાં : 'રોજ રાતે શાનો દારૂ ઢીંચીને આવે છે ? શરાબી ? માળીની વહુ બોલી ત્યાં તો માળી ઊકળી ઊઠયો. બે ચાર ગાળો સાથે એ બિચારી સ્ત્રી ઉપર તૂટી પડયો.

હું જઇને જોઉ છું તો બન્ને કુસ્તીમાં મસ્ત હતાં. બંનેને છોડાવ્યાં. માળી શરાબથી ગંધાતો હતો. એને ખેંચીને મેં વરંડામાં સુવાડયો, માલણને કહ્યું જઇને નિરાંતે સૂઇ જા. થોડીવારે મને ઊંઘતો ધારીને પેલી સ્ત્રી આવીને પોતાના પતિને પ્રેમથી સંભાળીને લઇ ગઇ. અમારા બંગલાના ચોકીદારે પાંચ ઘંટા વગાડયા ત્યારે મને ખબર પડી કે હવે સવાર પડયું. ભરભાંખળું થયું હતું. અંધારું ઓસરતું હતું. અજવાળું આવતું હતું. ઉષાકાળ હતો ફૂલોની સુગંધથી વાતાવરણ ભર્યું હતું. પ્રભાતના પવનની લહેરોએ મને જરા જપ વાળી આંખો મીંચીને હું અંતરની યાદ સાથે મસ્ત હતો. ત્યાં અચાનક બુમરાણથી ચોંકી ઊઠયો. માળીની વહુનો પોકાર હતો. જઇને જોઉં છું તો ઓરડીના ઓટલા ઉપર માળી પડયો છે. માલણ કણબી રહી છે. પૂછયું ત્યારે ખબર પડી છે. મેં તો તરત જ મોટરના હાંકનારને ઉઠાડયો. મોકલ્યો મોટર લઇને ડૉક્ટરને બોલાવવા. ચોકીદાર આવી પહોંચ્યો. પણ માલણ ચૂપ રહે ત્યારે ને ! એ તો વળી નીચી, માતાનું નામ દીધુ ને માળીએ પગે જયાં સાપ ડસ્યો હતો ત્યાં જોરથી બચકું ભરી આખો લોથડો ઉપાડી લીધો અને લોહી ચૂસવા મંડી, લોહી ચૂસતી જાય ને બહાર થૂંકતી જાય. આમ ચૂસતાં ચૂસતાં એની ગતિ ધીરી પડી અને થોડીવારમાં ચક્કર ખાઇને ધરતી પર ઢળી પડી. મેં માન્યું કે બાઇએ ઝેર ચૂસ્યું તેની અસર થઇ. પણ જોઇ તો માળીની આંખો ઊઘડવા માંડી. પાસે માલણ પડેલી જોઇને મહામહેનતે એ બેઠો થયો. ઢસડાઇને પાસે જતો હતો તે મેઇ ઊચકીને માલણ પાસે બેસાડયો. માળીની આંખો પૂરી ઊઘડી ત્યારે માલણની સંપૂર્ણ બિડાઇ ગઇ.

માળીની ઘેનઘેરી આંખોમાંથી આંસુની ધારા ચાલી. પુરુષ જેવો પુરુષ રડી પડયો.

તડકો ચડયો ત્યારે ડૉક્ટર આવી પહોંચ્યા. મેં બધી વાત કહી. માલણની નાડી જોઇને એમણે ઈંજેક્શન આપ્યું પણ મોતની પાસે માણસ શું કરે ! થોડી જ વારમાં માલણના હ્રદયના ધબકાર બંધ થઇ ગયા. એ છાતી પર માથું મૂકીને માળી તૂટી પડયો.

બપોરે માલણના શબને અગ્નિસંસ્કાર કરીને હું નીલમનગર જતો હતો, અને ડેન નદી આવી. આંખું અસ્તિત્વ થાકી ગયું હતું. મોટર બાજુએ મુકાવીને હું ઊતર્યો. ઘાટ પર બેસીને પાણીમાં પગ બોળ્યા. આંખે થોડું પાણી છાંટયું. મને લગભગ ચક્કર આવતા હતા છતાં મારી આંખો વહેતાં પાણીમાં શબ્દો વાંચતી હતી : જીવન, વિષ, અમૃત.

✱✱✱

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

## આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- વઢવાણ નિવાસી (હાલ-ભાયંદર) ઉર્મિલાબેન અને નરેન્દ્રભાઈ ગાંધીની દામ્પત્યજીવનની ૪૫મી વર્ષગાંઠ નિમિત્તે
- વઢવાણ નિવાસી (હાલ - બોરીવલી) શ્રી નિલેશભાઈ હિંમતલાલ દોશી તથા શ્રીમતી શિલ્પાબેનના સુપુત્ર ચિ. જીનેશનું વેવિશાળ, ગોંડલ નિવાસી (હાલ-બોરીવલી) શ્રી જીતેન્દ્રભાઈ જયંતિલાલ સંઘાણી તથા શ્રીમતી ચેતનાબેનની સુપુત્રી ચિ. રૂચિકા સાથે થયું તેની ખુશાલીમાં
- રંગપુર નિવાસી (હાલ-બોરીવલી) માતુશ્રી સરોજબેન પુનમચંદ અજમેરા પરિવાર હ. મનિષાબેન -સોનલબેન કોમલબેન -બિન્દુબેન તરફથી
- રંગપૂર નિવાસી હાલ બોરીવલી સ્વ. શ્રી ચંપકલાલ મણીલાલ અજમેરાની પુણ્યસ્મૃતિમાં મૃદુલાબેન અજમેરા તરફથી
- ચોટીલા નિવાસી (હાલ-બોરીવલી) માતુશ્રી સવિતાબેન અમૃતલાલ સુખલાલ શાહ પરિવાર હસ્તે દિનેશભાઈ શાહ
- લીંબડી નિવાસી (હાલ-મલાડ) કિશોરભાઈ ધીરજલાલ ગોસલીયાના સ્મરણાર્થે હસ્તે આરતીબેન કે. ગોસલીયા
- માતુશ્રી સ્વ. ઈન્દુમતીબેન ઈન્દુકુમાર તલસાણીયાની સ્મૃતિમાં હસ્તે હિતેશભાઈ તથા દિનેશભાઈ તલસાણીયા
- નાગનેશ નિવાસી (હાલ-દાદર) સ્વ. છબીલદાસ નીમચંદ શાહ હસ્તે અરૂણભાઈ છબીલદાસ શાહ
- લીંબડી નિવાસી હાલ - (ચેન્નાઈ -મદ્રાસ) સ્વ. ધીરજલાલ ઉત્તમચંદ શાહ હસ્તે પ્રજ્ઞાબેન અરૂણભાઈ શાહ
- જમાઈ શ્રી વિક્રમભાઈ ચુનિલાલ શાહના ૭૦માં જન્મદિવસ નિમિત્તે હ. સરોજબેન સુરેશભાઈ મણિયાર તરફથી
- ધ્રાંગધ્રા નિવાસી હાલ-સાંતાક્રુઝ સ્વ. શ્રી ચંદ્રકાંત ચંદુલાલ શાહની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે
- જોરાવરનગર નિવાસી (હાલ મલાડ) શ્રી નિતીનભાઈ ધીરજલાલ ગોસલિયા - હર્ષાબેન ગોસલિયા ૪૩ મી લગ્નતિથી નિમિત્તે

# પંચામૃત

**□ અશોક હર્ષ**



**સાચો કીમિયો**

મિસરના સંત માર્કેરિયસની ખ્યાતિ સાંભળી એક દિવસ એક જિજ્ઞાસુએ એમની પાસે પહોંચી કહ્યું, 'મારે મારા જીવનનું કલ્યાણ સાધવું છે, આપ એનો કોઇ કીમિયો મને બતાવો.'

સંતે આ જોઇ સાંભળી એને કહ્યું, 'વારુ' તું કબ્રસ્તાનમાં જઇને કબરોમાં પોઢેલાઓને પુષ્પકળ ગાળો આપી આવ.'

જિજ્ઞાસુ તો સંતની આજ્ઞા શિરસાંવધં ગણી કબ્રસ્તાન તરફ ઊપડયો, અને ત્યાં ઊભાઊભા સંતના કહેવા પ્રમાણે અપાય એટલી ગાળો બધાં કબ્રવાસીઓને આપી.

બીજે દિવસ પાછા જઇ સંતને એણે આગલા દિવસની વાત કરતાં સંતે પૂછયું, 'તને એમાંના કોઈએ ઉત્તર વાળ્યો ?'

'કોઇએ નહિ,' પેલાએ જવાબ આપ્યો.

'તો આજે ફરીથી એ જ કબ્રસ્તાનમાં જા અને ? વખાણ કરવાં માંડ. તારાથી થાય એટલી ખુશામદ કરજે.'

જિજ્ઞાસુએ એ પ્રમાણે કર્યુ.

બીજે દિવસે જિજ્ઞાસુએ સંતને આ વાત કરતાં પૂછયું, 'કેમ ભાઇ, તારે મોંએ પોતાનાં વખાણ સાંભળીને એ લોકોએ શો જવાબ આપ્યો ?'

'મડદાં તે વળી શો જવાબ આપે ?' પેલા સંતે જરા ચીડાઇને કહ્યું એને લાગ્યું, સંત મારા મશ્કરી કરી રહ્યા હતા.

'વત્સ, જીવનકલ્યાણનો સાચો કીમિયો તને મળી ગયો,' સંત માર્કેરિયસે વાત્સલ્યપૂર્વક જણાવ્યું, તું પણ આ મડદાંઓના જેવો બની જા. લોકો તારી નિંદા કરે કે પ્રશંસા, એ પ્રત્યે મુદ્દલ લક્ષ આપ્યા વિના તું તારી સાધનામાં આગળ વધ્યે જા અને તો સફળ અને સુખી થઇશ.'

**માનવવ્યવહાર**



પડોશના દુશ્મન જોડે ચાલતી લડાઇ દરમિયાન સંધિનો પ્રસંગ ઉપસ્થિત થતાં હજરત ઉમર ઊંટ પર સવાર થઇ ચાલી નીકળ્યાં. આગળ ઊંટની રાશ પકડી એમનો એક ગુલામ ચાલી રહ્યો હતો. કેટલેક દૂર ગયા પછી હજરત ઉમર ઊંટને રોકાવી પોતે નીચે ઊતરી પડયા અને ગુલામને કહ્યું, 'હવે તું ઊંટ પર બેસ. હું રાશ પકડીને ચાલું છું.'

ગુલામ તો આ સાંભળી દિઙ્મૂઢ બની ગયો- 'માલિક' હું ઊંટ પર બેસું ને આપ રાશ પકડીને ચાલો, એવું તે કદી બનતું હશે ? ના, એમ ના થાય.'

'એમ જ થશે,' હજરત ઉમર બોલ્યા. 'ચાલવાથી થાક તો સૌને લાગે. તું થાકી ગયો છે માટે અત્યારે તું બેસી જા, થાકી જઇશ ત્યારે હું બેસીશ.'

ગુલામની લાખ આનાકાની છતાં હજરત ઉમરના આગ્રહથી છેવટે એને ઊંટ પર બેસવું જ પડયું.

આમ વારાફરતી ઊંટ પર બેસતા તેઓ જયારે દુશ્મનની રાજધાનીમાં પહોચ્યા ત્યારે ગુલામ ઊંટ પર હતો અને હજરત ઉમર રાશ પકડી આગળ ચાલતા હતા.

હજરત ઉમર આવી પહોંચ્યાના ખબર મળતાં સામેનો વજીર એમના સ્વાગતાર્થે આવ્યો અને ઊંટ પર બેઠેલા ગુલામને સલામ કરી. ગુલામ તો હતબુદ્ધ બની ગયો, પછી ધ્રૂજતો ધ્રૂજતો બોલ્યો, 'જી, હું તો એક ગુલામ છું, હજરત ઉમર તો જેમણે ઊંટની રાશ પકડેલી છે, એ છે.'

વજીર અને તેની સાથેના રાજકર્મચારીઓ તો આ સાંભળી વિસ્મિત બની ગયા. જ્યારે સામેવાળા બાદશાહના કાને આ વાત પહોંચી ત્યારે હજરત ઉમરનું અસામાન્ય સન્માન કરતાં એ બોલ્યો, 'જે બાદશાહ પોતાના ગુલામ સાથે પણ આવો વ્યવહાર કરે છે તેની સાથે યુદ્ધ કેવું અને સંધિ કેવી ! આજથી આપ મારા ઉસ્તાદ અને હું આપનો શાગિર્દ.'

✱✱✱

# સમાચાર સંકલન

## મગનલાલ મોહનલાલ ખંધાર પરિવાર દ્વારા આયોજિત પંચતીર્થ

ચુડા નિવાસી મગનલાલ મોહનલાલ ખંધાર દ્વારા પુત્રવધૂ અ.સૌ. પૂર્વિ જયેશ ખંધારની ૨૫ મી સ્વર્ગારોહણ તિથિના ઉપક્રમે પંચતીર્થ યાત્રા પ્રવાસનું આયોજન કરેલ છે. તા. ૨૫/૧૨ ના રોજ વતન ચુડા મુકામે પૌત્ર શ્રેયકની ૨૫ મી વર્ષગાંઠ નિમિતે સવારે દેરાસરમાં સ્નાત્રપૂજન તેમ જ સાંજે માતાજીના સ્થાનકે સંધ્યા સમૂહ આરતીનું આયોજન કરેલ છે. તા. ૨૭/૧૨ ના રોજ મૂળ વતન મીણાપુર ગામથી માટીની મીઠી મહેક લઇ બોટાદ, સારંગપુર, તગડી અયોધ્યાપૂરમ, થાપનાથ મહાદેવ, ખોડિયાર મંદિર જેવા તીર્થના દર્શનનો લાભ મેળવી રાતવાસો પાલીતાણા તીર્થ મુકામે રાખેલ છે. તા. ૨૮/૧૨ના રોજ સવારે શત્રુંજયગિરિ પર્વત યાત્રા થકી શ્રી આદિનાથજી પ્રભુના દર્શનનો અમૂલ્ય લ્હાવો પામી બપોરે ભોજન પાલીતાણા મુકામે કરી, સંધ્યા વાળુ બોટાદ ખાતે માણી બાંદ્રા-ભાવનગર ટ્રેન દ્વારા મુંબઇ પ્રતિ પ્રયાણ કરવાનું છે.

**જય જિનેન્દ્ર**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલું થઈ ગયેલ છે. સભાના સેનેટોરિયમનું બુકિંગ અગાઉ જણાવ્યા મુજબ શરૂ કરેલ છે. ઉપરાંત પત્રિકા પ્રકાશન ત્રણ મહિનાથી શરૂ કરવામાં આવેલ છે. અન્ય પ્રવૃત્તિઓ વહેલી તકે શરૂ થઈ શકે તેવા બનતા બધા જ પ્રયત્નો ચાલે છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે. **સેનેટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ થઈ ગયું છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ અકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
અનુદાન/ ડોનેશન ના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશન માં મોકલવા જેથી કર રાહત નો લાભ મળી શકે.

**જે પણ રકમ જાહેરાતની કે દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

વૈશ્વિક મહામારીને લીધે આપણી પ્રવૃત્તિઓને એપ્રિલ માસથી બ્રેક લાગી ગયેલ તે હવે સામાન્ય કરવાનાં દરેક પ્રયત્નો ચાલે છે.

સપ્ટેમ્બર માસથી પંચગીની-દેવલાલી અને માથેરાન સેનેટોરિયમનું બુકિંગ ચાલું થઈ ગયેલ છે. હવે લોનાવલા સેનેટોરિયમ પણ તા. ૧૪-૧૧-૨૦૨૦ થી ચાલું કર્યુ છે. તેનું બુકિંગ નીચે આપેલ નંબર ઉપર ફોનથી પણ કરાવી શકશો. બુકિંગની રકમ અગાઉથી બૈન્કમાં જમાં કરાવવાની રહેશે.

પંચગીની તથા લોનાવલા :
મિલનભાઈ
**9860125136**

માથેરાન બુકિંગ તથા સંસ્થાના કોઈપણ પ્રકારના કામ માટે સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખીયાનો સંપર્ક કરવા વિનંતિ. **9867748120**

દેવલાલી :
આશાબેન
**9819956529**

**તા. ૩-૧-૨૦૨૧ સુધીના બુકિંગ માટે ઉપર જણાવેલ નંબર પર સંપર્ક કરો. તા. ૪-૧-૨૦૨૧ પછીની તારીખનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપરજ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

ઝાલાવાડી સભાના સર્વે મેમ્બર ભાઈ-બહેનોને જણાવવાનું કે **કાંદિવલીની ઑફિસ સંપૂર્ણપણે બંધ કરેલ છે.** હવે પછીનો બધોજ પત્ર-વ્યવહાર સભાની જૂની ઑફિસમાં રાબેતા મુજબ કરવામાં આવશે.

ગત પત્રિકામાં પેજ નં ૨૯ પર અનુદાન માટેની બૈંક ડિટેલ્સ તથા બુકિંગ તથા પત્રિકા માટે છપાયેલ વિગત ઉપર મુજબ વાચવા વિનંતી

**માનદ્ મંત્રીશ્રી**

**ઝાલાવાડી સભાની ઓફીસમાંથી દિપકભાઈ એલ. સોનેજી તથા ભાસ્કર નવાલે રાજીખુશીથી છુટ્ટા થયા છે. સભાનો કોઈ વ્યવહાર તેમની સાથે કરવો નહી.**

**મુંબઈ ઑફિસ**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha**
301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.
**(સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦)**

# સેનેટોરિયમ બુકિંગના નિયમો

4 જાન્યુઆરી આગળનું ઓનલાઇન બુકિંગ હવે કરી શકો છો.

*www.Zalawadi.com*

**01**

એક મેમ્બરશીપ કાર્ડ પર બે રુમ તમે તમારા વિભક્ત કુટુંબ અને પોતાના માટે મેમ્બરના ભાવ પર બુક કરાવી શકો છો. જો તમે તેજ કાર્ડ પર વધુ રુમ બુક કરશો, તો તે રુમો પર નોન-મેમ્બરના ભાવ લગાવા માં આવશે.

**02**

બધા બુકિંગ માટે: 48 કલાકની અંદર પૈસા ભરવા જરૂરી છે, નહીં તો બુકિંગ રદ થઈ જશે. 93268 58989 પર ચુકવણીની વિગતો શેર કરો.

**03**

NEFT, RTGS અને બેંક ખાતામાં રોકડાં જમા કરાવવાનુ સ્વીકૃત છે. કોવિડ -19 ને કારણે ચેક પેમેન્ટ સ્વીકૃત નથી.

**04**

જે સભ્યો ના નામે બુકિંગ કર્યુ છે, તે ચેક-ઇન દરમિયાન હાજર હોવું આવશ્યક છે.

**05**

ઝાલાવાડી ID કાર્ડ (સભ્યો માટે) અને સરકારી ફોટો ID કાર્ડ (સભ્યો અને નોન-મેમ્બર માટે) ચેક-ઇન દરમિયાન ફરજિયાત છે.

**06**

ગેસ્ટ બુકિંગ માટે: ઓફિસ પૈસા સ્વીકારતા પહેલા મેમ્બરના ભલામણની પુષ્ટિ કરશે.

# SANATORIUM BOOKING RULES

*Book online for 4th January onwards NOW!*
*www.Zalawadi.com*

**01**

On one Membership Card, you can book two rooms for yourself and your immediate family at member rates. If you book any more rooms on the same card, they will be charged at guest rates.

**02**

For all Bookings: Payment needs to be made within 48 hours, else booking will get cancelled. Share Payment Details on 93268 58989.

**03**

NEFT, RTGS & Cash Deposit in Bank Account accepted. Cheque Payment is not accepted due to Covid-19.

**04**

The member's name used during Booking, must be present during Check-in.

**05**

Zalawadi ID Card (for Members) and Government Photo ID Card (for Members and Guests) is compulsory during Check-In.

**06**

For Guest Booking: office will confirm members reference before accepting payment.



# બંટુડો

**□ ગુલાબદાસ બ્રોકર**

**આ** બંટુડો બેટો, તોફાનીનો સરદાર, આજ સવારથી મારો જીવ લઈ ગયો છે. બહુ લાડ કર્યાં માળાને, બેટા, બેટા, ભાઈ, ભાઈ કરી કરીને. પણ આજ તો હવે એને પણ બતાવી દઉં કે મમ્મી એમ સાવ ઢીલીપોચી નથી કે એ નચાવ્યા કરે એમ નાચ્યા કરે.

એક તો માંડ માંડ દૂધ પિવડાવવા માટે ગમે તેમ કરીને ખેંચી લાવી તેની રમતમાંથી ને દમ મારીને બેસાડ્યો બાજુમાં ને જેવી જરીક દૂધ લાવવા રસોડામાં ગઈ કે ભાઈ ગાયબ ! બૂમો પાડી. દોડી પણ કેમે આવે જ નહિ ને ! 'મમ્મી આવું છું હોં ! આવું હોં' કરતો જાય ને એની રમતમાં જ મશગૂલ રહે. મમ્મી સામે જુએ તો એની આંખો દેખી ગભરાય ને ! પણ ગભરાવાનું શીખ્યો હોય તો ને !

બાવડેથી પકડીને ખેંચી લાવી અંદર. એના સાથીદારો તો બધા રફુચક્કર, પણ આ ભાઈ ! એ તરત એમ હાર સ્વીકારે ? એ તો મંડ્યો પગ પછાડવા ને ધમાધમ કરવા : 'મારે દૂધ નથી પીવું જા ! કોઈ દી નહિ પીઉં હવે. એવી ખરાબ છે ! મારો દાવ...' રડતો જાય ને બોલતો જાય.

પણ હું પણ વીફરી હતી આજ તો. એનું કશુંય ગણકાર્યું નહિ. ને ખેંચી ગઈ રસોડાની બહારના ઓરડા સુધી પણ જેવો દૂધનો પ્યાલો લીધો કે ભાઈ તોફાને ચડ્યા. 'ઊંહ ઊંહ' કરતો જાય ને નાચતો જાય, 'નથી પીવું જા, નથી પીવું જા' કરતો કરતો.

ને હું તે દૂધને સંભાળું કે એને ? બેય ગયાં. હાથમાંથી દૂધ ઢોળાઈ ગયું ને પ્યાલો નીચે પછડાતાં ધબ્બ કરીને ફૂટી ગયો. ને બંટુડો ? હાથમાંથી છૂટ્યો ને દોડવા લાગ્યો. પણ પાંચ વરસનો છોકરો એમ દોડી દોડીને કેટલેક જાય ? હું પણ એની પાછળ દોડી ને પકડી પાડ્યો. ખેંચતી ખેંચતી એને પાછી લાવી. ને માંડ બેસાડ્યો ત્યાં બોલ્યો : 'બીજું દૂધ પણ ઢોળી નાખીશ.'

'જોઉં છું હું હવે તું કેમ ઢોળે છે એ' મેં કહ્યું. ત્યાં તો એણે મારા ખોળામાં દાબી રાખ્યો હતો. ત્યાંથી જ લાત ઉછાળી 'આમ' કહેતાં. પ્યાલો તો ત્યાં નહોતો કે એને વાગે પણ એની લાતથી મારા સાડલાની પાટલી છૂટી ગઈ અને મારા ઉપરથી મારો કાબૂ પણ છૂટી ગયો.

ધડ દઈને એક લાફો ચોડી દીધો એના નાનકડા ગાલ પર, તેવો જ એ તો કાબૂ બહાર જવા નાચકૂદ કરવા લાગ્યો કે મારાથી ન રહેવાયું. મેં એને જોર કરીને મારી સામે ઊભો કરી દીધો ને ફટાફટ એને મારવા માંડી. 'મમ્મીને પણ મારતાં શીખ્યો, કાં ? આજે તારી બધી ખો ભૂલાવી દઉં નહિ, તો હું તારી મમ્મી નહીં.' કહી ફટાફટ તમાચા ને ઘુમ્મા હું લગાવવા માંડી. પહેલાં તો એ સામો થવા લાગ્યો, પણ પછી એનું જોર કેટલું ચાલે ? રડ્યો, પણ પછી તો એ રડી પણ શકે નહિ, ને હું એને મારતી અટકી પણ શકું નહિ.

બેસી પડ્યો બાપડો જમીન પર, મારા સામે ભયભરેલી આંખે જોતો; પણ હું એને કહેતી જાઉં 'આજ હું તને જરી પણ છોડવાની નથી. જોઉં હું તું કેમ મારું માનતો નથી એ' ને ફરી બે સપાટા.

ઊંહ ઊંહ થાય, પણ રડી ન શકે, ને હું એને મારતી અટકી શકું નહિ.

અમારી એ ધમાચકડી બાજુના ઓરડામાં પણ સંભળાઈ હશે એટલે એ દોડી આવ્યા 'શું છે, શું છે આ બધી રડારોળ ને ધમાલ ?' કરતા કરતા.

એમનો અવાજ સાંભળી મારા હાથ અટક્યા. ને મારું ધ્યાન એમની તરફ ખેંચાયું. બંટુડો તો નીચે લાંબો થઈને પડ્યો હતો ને ડૂસકાં સિવાય બીજું કશું કાઢતો નહોતો. એના તરફ આંગળી ચીંધી મેં કહ્યું:

'જુઓ આ તમારા કુંવરનાં પરાક્રમ. હવે મને પણ લાતો મારતો થયો છે, ને દૂધના પ્યાલા પણ ફોડી નાખે છે.'

એમણે પડેલા ગ્લાસ તરફ જોયું. ને મારી સાડીની અસ્તવ્યસ્ત હાલત તરફ પણ જોયું. ને એ લાલચોળ થઈ ગયા. લેટી ગયેલા બંટુને એક ઝાટકો મારીને એમણે ઊભો કરી દીધોને પોતાની તરફ ખેંચતાં બોલ્યા :

'મમ્મીને મરાય ?'

અર્ધા ડૂસકાભર્યાં કંઠે એણે એનું આંસુભર્યું મોઢું હલાવ્યું ને ગરદનથી જ ના પોકારી.

ત્યાં તો એને ઢંઢોળી નાખતાં એ બોલ્યા : 'હરામખોર. ક્યાંથી શીખ્યો આવું બધું ? દઈ દઉં બે થપ્પડ ?' મેં જોયું કે બંટુ ધ્રૂજતો હતો અને એમના હાથમાંથી છૂટવા તરફડતો હતો. પણ એ પણ હવે રંગમાં આવી ગયા હતા. માર્યો નહિ એમણે એને, પણ એવો દમ ભિડાવ્યો કે બંટુ બાપડો તદ્દન શિયાવિયા થઈ ગયો.

હવે મને એની દયા આવી ગઈ. ફૂલ હતું બિચારું. એને મેં આટલું બધું કચડી નાખ્યું ? અને હવે એ એના ઉપર પગ દબાવી રાખે છે ! દયા બતાવતી હોઉં તેમ મેં કહ્યું : 'હવે છોડો એને.' ને એને કહ્યું : 'કરીશ હવે કોઈ દી તોફાન ? ને મમ્મીને સાથે થઈશ કોઈ દી એ ?' તેનું ગળું અને મોઢું બન્ને રૂદનથી એટલાં ભરેલાં હતાં કે, એ મોંએથી હા કે ના કશુંય બોલી શકે તેમ ન હતો. તેણે દયા આવે એવી રીતે ગરદન હલાવીને ના પાડી. ને મોઢું પાછું, રડી ન શકાતું હોય છતાં રડ્યું હોય એવું કરી દીધું.

દયા આવતી હતી મને, પણ એમ દયા બતાવી મારે એને બગાડવો નહોતો એટલે મેં ફરી ડરામણા સ્વરે પૂછ્યું :

'હવે ચુપચાપ દૂધ પી લેવું છે ?'

એ મારું કહેવું કંઈ સમજ્યો કે નહિ તે ખબર ન પડી પણ પાછું એનું મોં એવી જ દયામણી રીતે 'ના' માં ફેરવાતું રહ્યું.

'બી ગયો છે બાપડો' મને થયું ને આવા દુ:ખમાંયે મને હસવું આવી ગયું, કહ્યું :

'તો જા છાનોમાનો, ને મોઢું બોઢું ધોઈ આવ.' ને ઉમેર્યું :

'ને જો હવે પછી તોફાન કર્યું છે ને મારી સામે...'

'તો તારું ચામડું ફાડી નાખીશ, હરામખોર.' એ બરાડ્યા ને એને ધક્કો મારતાં બોલ્યા : 'જા !'

માંડ માંડ બચીને એ બાથરૂમમાં ઘૂસી ગયો. હાંફતો હાંફતો, ને માંડ શ્વાસ ખાતો ને ડૂસકું શમાવતો.

એ અંદર ગયો કે અમે એકબીજાની સામે જોયું. બાથરૂમનું બારણું ફટાક દઈને બંધ થઈ ગયું હતું ને અંદરથી એકધારા ડૂસકાભર્યા રુદનનો અવાજ આવતો હતો.

હું ઊભી થવા જતી હતી એ બારણું ખોલવા, ત્યાં એમણે મને રોકી. 'એને હમણાં બોલાવ મા. રોઈ લેવા દે પૂરું.'

'બહુ વધારે થઈ ગયું, નહિ ?' મેં તરડાતે અવાજે પૂછ્યું.

'મારાથી ધક્કો જોરથી મરાઈ ગયો' એમણે કહ્યું, પણ મારી સામે જોયું નહિ.

હુંય એમની સામે જોઈ શકી નહિ. નીચે બેસી મારા નખથી જમીન ખોતરવા લાગી. અંદરથી હવે જોરજોરથી રડવાનો અવાજ આવતો હતો.

પણ અમે બંને એકબીજાંને ચૂપ રહેવાની નિશાની કરી મૂંગાં બેસી રહ્યાં. મારો જીવ તો એવો વલોવાતો હતો, પણ હવે એમને કે કોઈનેય ન ગમે એવું કશું કરવાની મારી હિંમત નહોતી રહી. અંદરના રોવાના અવાજની સાથે મારી આંખમાંથી અવાજ કર્યા વિના આંસુ સરી રહ્યાં હતાં. અને જરા જોઉં છું તો એમના નીચા નમી ગયેલા ચહેરા ઉપર માત્ર ગમગીની ભરી હતી.

'આવડો ગુસ્સો, ને એ પણ આવડા નાના છોકરા ઉપર' એ ગણગણતા હતા, ને હું મને પોતાને મારી નહોતી શકતી એટલે બિચારા બંટુના શરીર ઉપર પડેલા મારનો વ્યાધિ મારા શરીરમાં ભોગવી રહી હતી.

પણ ત્યાં... નસીબદાર! અંદર રોવાનો અવાજ બંધ થયો. અમે બેઉએ એકબીજા સામે જોયું, ને 'હાશ' એવી કંઈક લાગણી અનુભવી. ત્યાં તો અંદરથી નળ ખુલવાનો અવાજ આવ્યો, ને ચાલુ રહ્યો કેટલીયે વાર સુધી! કેટલું બધું પાણી ઢોળી નાખે છે આ છોકરો. એવું થયું તો ખરું પણ કશું બોલવાની હિંમત આવી નહિ. માત્ર મારી નજર એ બાથરૂમના બંધ બારણા તરફ ચોંટેલી રહી.

કેટલીયે વાર થઈ ગઈ કોણ જાણે એ નળ બંધ થતાં તો, ને તોય બંટુ નીકળતો નહોતો બહાર. હું ઊભી થઈ બારણું ઠોકવા જતી'તી, કેટલીય વાર પછી, ત્યાં ઓચિંતુ જ બારણું ઊઘડ્યું ને બંટુભાઈ બહાર આવ્યા.

રોતા રોતા નહિ, હસતા હસતા. મોં બરોબર સાફ કર્યું હતું ને વાળ બરોબર ઓળ્યા હતા. ને કપડાં ઉપર પણ ઈસ્ત્રી કરતો હોય તેમ હાથ ફેરવ્યો હશે એટલે એ પણ બહુ ચોળાયેલાં નહોતાં લાગતાં.

એવો રૂપાળો લાગતો હતો બંટુડો! મને તો જઈને એને ભેટી પડવાની ઈચ્છા થઈ, પણ હવે એ શું કરે છે એ જોવાનું એટલું મન થયું કે એ ઈચ્છાને મેં માંડ માંડ રોકી.

એ તો જાણે કશું જ ન બન્યું હોય તેમ, દોડતો હોય તેમ મારી પાસે આવી ગયો ને મને વળગી પડ્યો. મેં હેતથી તેને ગાલે હાથ ફેરવી તેને જુદો કર્યો. કે એણે પોતાને ગાલે હાથ ફેરવ્યો, ને માથે વાળ સરખા કરતો હોય તે રીતે ત્યાં પણ હાથ ફેરવ્યો. પછી મારી સામે ઊભો રહ્યો. ટટ્ટાર, આંખમાં આનંદ ભરીને, ને મને કહ્યું :

'જોવો મમ્મી, મને ? સરસ થઈ ગયો છું, નહિ ?'

હું તો એને વળગી જ પડીને એને એમ બાથમાં લઈને ધબ્બ કરતી જમીન ઉપર બેસી ગઈ. ત્યાં તો એ એના પપ્પા સામે જોઈને બોલ્યો : 'જોવો પપ્પા મને ? કેવો લાગું છું હવે ?''

'અપ-ટુ-ડેટ' પપ્પા હસવાનો પ્રયત્ન કરતાં માંડ માંડ બોલ્યા, પણ મારાથી તો રોવાઈ જ ગયું.

બંટુ તરત મારા ચહેરા તરફ ફર્યો ને એક પળ આશ્ચર્યથી જોઈ રહ્યો. પછી એની નાનકડી, સુંવાળી સુંવાળી આંગળી મારી પાંપણો ને ગાલ ઉપર ફેરવતાં આશ્ચર્યભર્યા અવાજે કહે :

'મમ્મી, તું રડે છે ?'

'હા, બેટા,' હું માંડ માંડ બોલી. 'તને કેટલો બધો મારી લીધો મેં ?'

તે હસી પડ્યો કહે : 'એમાં રોવે છે તું ? એમાં શું ?'

'કેમ ભાઈ, એમાં શું એટલે ?' એને ફરી મારી બાથમાં જકડતાં મેં પૂછ્યું.

'તો મમ્મી તો મારે જ ના ? એમાં મમ્મી રડે કંઈ ?'

અમે બન્ને હસી પડ્યાં. એના પપ્પાએ હસતાં હસતાં પૂછ્યું : 'મમ્મી તો મારે, બંટુ પણ પપ્પા શું કરે ?'

'ધમકાવે.' ને પછી ચાળા પાડતાં : 'હવે આવું કર્યું છે તો માથું ફાડી નાખીશ, હરામખોર.' ને એવું એવું કહે.

એ એટલું બોલી રહ્યો ત્યાં અમારા બન્ને વચ્ચે એને પોતાની પાસે ખેંચી લેવાની ખેંચતાણ થઈ પડી. ને ત્યાં, અર્ધો એમના હાથમાં અને અર્ધો મારા ખોળામાં ઝૂલતો ઝૂલતો બંટુડો બોલ્યો :

'મમ્મી દૂધ પાને. એવી ભૂખ લાગી છે.'

સાતે સ્વર્ગના દરવાજા અમારી સામે ખૂલી ગયા.

✱✱✱

## પ્રણામ



જો તું હાજર રહેવાનો હોય,
તો જ પાછા દરવાજા ખોલાવજે....!!
બાકી, ખાલી મૂર્તિ જોવા હું હવે, ધક્કો નહીં ખાવ....!!!!
પ્રભુનો જવાબ....
તને જો ભરોસો હોય કે અંદર હું છું જ, તો જ આવજે...
બાકી શંકા સાથે દરવાજા ખખડાવતો નહીં...
મંદિર સુધી પહોંચવું એ શરીરનો વિષય છે...
પરંતુ ઈશ્વર સુધી પહોંચવું
એ મનનો વિષય છે....

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

## શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય–નાલાસોપારા
## શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન–નાલાસોપારા

☐ દિલીપભાઈ એ. શાહ

રૂડી ધર્મઆરાધના સાથે ચાર્તુમાસની પુર્ણાહુતિ સભા સંચાલિત ઉપરોક્ત ઉપાશ્રયમાં સાધુમાર્ગી સમ્પ્રદાયના (આગમદાતા) પ.પૂ. રામલાલજી મ.સા.ના આજ્ઞાનુવર્તી શિષ્યા પ.પૂ. કલ્પનાશ્રીજી મ.પ.પૂ. સ્થિતપ્રજ્ઞાશ્રીજી, પ.પૂ. જયઘોષાશ્રીજી મ. ના સાંનિધ્યમાં પુ. સતીરત્નોની પ્રેરણા અને ઘરે બેઠા પણ ધર્મપ્રેમી ભાઇ બહેનો વિવિધ આરાધનાઓમાં જોડાઇને ચાર્તુમાસને સફળ બનાવેલ.

ગુરુદેવ શ્રી નાનાલાલજી મ.સા.ની પુણ્યતિથિ તથા પ.પૂ. રામલાલજી મ.સા. આચાર્યપદવી પ્રદાન નિમિત્તે ૩/૧૧/૨૦ ને મંગળવારે ઉપાશ્રયમાં આયંબિલ કરાવવામાં આવેલ. કુલ ૧૦૦ થી ઉપરે આયંબિલ થયેલ ઘરે રહીને પણ આયંબિલ કરેલ. ઉપાશ્રયમાં ૬૫ વ્યક્તિઓએ આયંબિલ કરેલ.

મહાવીર નિર્વાણ કલ્યાણક નિમિત્તે છઠ આરાધના કરાવવામાં આવેલ. અનુમોદના સોનલબેન શાહ બોરીવલી તરફથી આપવામાં આવેલ છે.

તા.૧૫/૧૧/૨૦ રવિવારે ભ.મ.ની અંતિમ દેશના ઉત્તરાધ્યયન સૂત્રની ૨૦૦૦ ગાથાનો મૂળ સ્વાધ્યાય પ.પૂ. સ્થિતપ્રજ્ઞાશ્રીજી મ.ના. સ્વમુખેથી ૩૫ અધ્યયન સાંભળવાનો અણમોલ લહાવો પ્રાપ્ત થયેલ. પ. કલ્પનાશ્રીજી મ.એ. ૩૬મું અધ્યયન સંભળાવેલ. સારી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈબહેનો પધારેલ.

નૂતન વર્ષની સવારે પ.પૂ. સતીરત્નોના સ્વમુખેથી હિતશિક્ષાઓમાં આશીર્વચન સાથે માંગલિક ફરમાવેલ. સંઘવતી પ્રીતિબેન ડી. શાહે આવનારુ નવુ વર્ષે દ્રવ્ય અને ભાવ આરોગ્ય સાથે ધર્મમાં વૃદ્ધિ કરાવનારું બને એવી સદ્‌ભાવના સાર્થે પોતાના ભાવ રજૂ કરેલ.

જ્ઞાનપાંચમના વ્યાખ્યાનમાં પૂ. મહાસતીજીએ જીવનમાં જ્ઞાનનું શું મહત્વ છે ફરમાયેલ. બપોરે બાળકો માટે 'જ્ઞાન-આરાધના કલાસ' રાખવામાં આવેલ. બાળકોને રૂા ૨૦ ની પ્રભાવના તથા સ્પર્ધામાં ઇનામ સોનલબેન શાહ હાલ બોરીવલી તરફથી આપવામાં આવેલ.

૩૦ થી કે તેથી વધુ અલગ-અલગ નિયમોના માસક્ષમણ કરનારને રૂા.૧૫૦/- અનુમોદના નીતાબેન સતીષભાઇ કામદાર, બોરીવલી તરફથી આપવામાં આવેલ.

રક્ષાબંધન પર્વથી કારતક સુદ પૂનમ સુધીના આત્મરક્ષા કાજે ૧૫ આરાધના કરનારને રૂા-૧૫૦/- અનુમોદના સોનલબેન શાહ બોરીવલી તરફથી આપવામા આવેલ.

તા ૨૩/૧૧ના રોજ સાધુમાર્ગી સંપ્રદાયના રાષ્ટ્રીય અધ્યક્ષ ગૌતમચંદજી જૈન, સમતાભવનના પ્રમુખ શ્રી દિલીપજી જૈન, મંત્રીશ્રી મહાવીરજીસૂર્યા, ખજાનચી સચેન્દ્રજી છાજેડ, ઉમરાવ સીમજી ઓસવાલ, સુરેન્દ્રજી દસાણી વિ..મહાનુભાવો, પદાધિકારીઓ આ સ્થાનકમાં પધારેલ. સાધુમાર્ગી સંપ્રદાય તરફથી તમામ તપસ્વીઓ, વર્ષાતપ આરાધકોનુ ચાંદીના સિક્કા આપી બહુમાન કરેલ.

ત્રણેય સતીરત્નોએ જિનવાણીની ગંગા વહાવી. કાર્યક્રમનું સચાલન પ્રીતિબેન ડી. શાહે કરેલ. દિલીપભાઇ શાહે મહાનુભાવોને આવકારી કોરોના કાળથી વિકટ પરિસ્થિતિ પણ માત્ર ૨૪ કલાકમાં જ ચાર્તુમાસ ને મંજૂરી આપનાર રાષ્ટ્રીય અધ્યક્ષક મંત્રીનો આભાર વ્યક્ત કરેલ. પ.પૂ. રામલાલજી મ.સા.ની આજ્ઞા કૃપાદષ્ટિએ ચાર્તુમાસ પ્રાપ્ત થતા ગુરુદેવ પ્રત્યે અહોભાવ સાથે ઋણ અદા કરેલ.

રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી કાલિમચંદજી તેમજ પ્રમુખ શ્રી દિલીપજી જૈનનું બહુમાન શ્રી દિલીપભાઇ શાહે કરેલ.

મંત્રી શ્રી મહાવીરજી સૂર્યાનું બહુમાન શ્રી રાજુભાઇ શાહે કરેલ.

ખજાનચી શ્રી સચેન્દ્રજી છાજેડનુ બહુમાન શ્રી પ્રીતિબેન ડી. શાહે કરેલ. તેમ જ દિલીપભાઇ છાજેડનું જીતુભાઇ શાહ અને ઈશ્વરભાઇ ભંડારીનું રાજુભાઇ તુરખિયાએ બહુમાન કરેલ.

સાધુમાર્ગી સંપ્રદાયના મહાનુભાવોએ પણ દિલીપભાઇ શાહ તેમજ પ્રિતિબેન ડી. શાહનું બહુમાન કરેલ.

સાધુમાર્ગી સંપ્રદાય તરફથી ચાર્તુમાસ નિમિત્તે ઉપાશ્રય ફંડમાં રૂા. એક લાખ એક હજાર મળેલ છે. સંઘવતી દિલિપભાઇ શાહે આભાર વ્યક્ત કરેલ.

બહારથી પધારેલ દરેક મહેમાનો માટે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ.

સાધુમાર્ગી સંપ્રદાયે ઉપાશ્રયના રાજેન ભૈયાજીને રૂા. ૧૦,૦૦૦/- નુ કવર આપી સન્માન કર્યુ.

દિવાળીથી કારતક સુદ પૂનમ સુધી ૧૫ દિવસ ''ગાથા સ્વાધ્યાય નવલખોનું આયોજન કરવામાં આવેલ છે'' ઘેર બેઠા ૧ સામાયિકમા રોજ ૬૦૦ ગાથાઓનો સ્વાધ્યાય'' જેમાં ૧૨૦ ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાયા છે. આ આરાધકોને અનુમોદના રૂા. ૧૦૦/- ભારતીબેન કલ્પેશભાઇ ગોપાણી હાલ કાંદિવલી તથા રૂા.૫૦/- જયસુખલાલ લહેરચંદ શાહ નાલાસોપારા તરફથી આપવામાં આવેલ છે.

વિદાય છઠ (કારતક સુદ ચૌદસ-) કરનારને અનુમોદના કૃપાબેન નરેશભાઇ શાહ (બોરીવલી) તરફથી આપવામાં આવશે.

કારતક સુદ પૂનમના દિવસે ત્રિરંગા કરનારા પાખી પ્રતિક્રમણ કરનારા સધર પૌષધ કરનારને અનુમોદના હર્ષાબેન નરેશભાઇ શાહ તરફથી આપવામા આવેલ છે.

**કોરોનાની વિકટ પરિસ્થિતિમાં ઉદાર દિલના દાતાઓએ સ્વધર્મી સહાયક બની પ્રશંસનીય કાર્ય કર્યુ છે. સંઘવતી ખૂબ આભાર- ધન્યવાદ...**

શ્રી નંદલાલ તારાચંદ વોરા ઝાલાવાડી જૈન ઉપાશ્રયના માધ્યમથી આર્થિક રીતે જરૂરીયાતવાળા પરિવારોને પોતાના બેંક

ખાતામાં જમા આપવામાં આવેલ છે.

૧. શ્રીમતી અરુણાબેન અરવિંદભાઇ સુખી ચીંચપોકલી રૂા. ૧/-લાખ વાપરી પરિવારોને રૂા.૨૦૦૦/- ખાતામાં આપેલ છે.

૨. 'Jito' તરફથી રૂા. ૩૦૦૦/- ખાતામાં તથા અનાજની કીટબેગ આપેલ.

૩. ઝાલાવાડ મિત્ર મંડળ અંધેરી તરફથી રૂા. ૩૦૦૦/- ખાતામાં આપેલ.

૪. જૈન જાગૃતિ સેન્ટ્રલ બોર્ડ તરફથી રૂા. ૩૦૦૦/- ખાતામાં.

Jito માટે વિજયભાઇ અજમેરા અને ઝાલાવાડ મિત્ર મંડળ અંધેરી માટે મુકેશભાઇ ચશ્માવાળાનો સારો સહકાર તેમજ પ્રતિસાદ મળેલ.

કોરાનાના કેરમાં સર્વિસમાં આવક ઘટતા જરૂરિયાતમંદ પરિવારોને નીચેના દાતાઓ તરફથી અનાજની કીટબેગ (ટોકન) આપવામાં આવેલ સંઘવતી દાતાઓનો ખૂબ ખૂબ આભાર...

૧. શ્રી અરુણભાઇ (પ્રભુદાસ લીલાધર શેઠ) અંધેરીવાળા તરફથી દર બે મહિના રૂા. ૧૦૦૦/- નું ટોકણ આપી અનાજની કીટ ૩૧ પરિવારને બે વરસથી આપવામાં આવે છે.

૨. શ્રીમતી શ્રુતિબેન મયંકભાઇ શાહ અંધેરી જુહુસ્કીમ તરફથી અનાજની કીટબેગ આપવામાં આવેલ.

૩. ઝા. સભા ની મદદથી દાતા પરિવાર દ્વારા રૂા. ૧૦૦૦/- અનાજની કીટ બેગ આપવામાં આવેલ. જેમા પ્રવિણભાઈ જી. શાહ અને અનિલભાઇ સંઘવીનો સહકાર મળેલ.

૪. રીટાબેન યોગેશભાઇ સપાણી ઘાટકોપર ની પ્રેરણા અને સહકારથી ૫૫ પરિવારને રૂા ૫૦૦/- ની કીટબેગ આપવામાં આવેલ.

૫. માતુશ્રી કાન્તાબેન નંદલાલ તારાચંદ વોરા પરિવાર તરફથી અનાજની કીટબેગના ટોકન આપવામાં આવેલ.

૬. સ્વ. હીરાલાલ દાલચંદ જૈન મારવાડીની પુણ્યતિથિ નિમિત્તે ૫૫ પરિવારને રૂા.૨૫૦ની કીટબેગ

૭. સાધુમાર્ગી મહિલા મંડળ તરફથી ૮૦ પરિવારને રૂા ૮૦૦/- ની કીટબેગ.

૮. રાજેમતિ મહિલા મંડળ માટુંગા તરફથી ૬૦ પરિવારને રૂા. ૫૦૦/- આપેલ

૯. ઉજ્જવલ ધર્મ મહિલા મંડલ ગારોડીયાનગર તરફથી ૬૦ પરિવારને મીઠાઇ અને ફરસાણ.

✱✱✱

# ટકટક



હેમલ વૈષ્ણવ

આ વૈદેહી તો, પેલા બીજા હારે ભાગી જવાની હતીને ? કે આ ઇ જ છોરો છે ? 'ચાલુ ટીવી સિરિયલે નિર્મળાબહેને રોજિંદી પૂછતાછ શરૂ કરી દીધી.

'બા, આમ વચ્ચે પૂછ પૂછ કરીને અમને પણ ટીવી શાંતિથી જોવા નથી દેતા. એક આ બપોરનો સમય માંડ શાંતિનો મળે છે, પણ એક આ સિરિયલ પણ ટકટકારાને કારણે નિરાંતે ના જોવાય.' વૃદ્ધ સાસુમા પર માધુરી ચિડાઇ.

'આમેય, હવે આ ટીવીમાં એવું બધું બતાવે છે કે અમને તમારી સાથે બેસીને જોતાં પણ સંકોચ થાય. તમે તમારા રૂમમાં પડયાં રહેતા હો તો ?' માધુરીનો મિજાજ આજે હદ બહાર ગયો હતો.

'બેટા, આંખે પૂરું કળાય નહીં, રૂમમાં એકલી બેસીને શું કરું ? અહીયાં ટીવીનો અવાજ હોય તો વસ્તારા જેવું લાગે.' નિર્મળાબહેને પોતાનો બચાવ કરતાં કહ્યું.

ત્યાર પછી સિરિયલ પૂરી થઇ ગઈ ત્યાં સુધી નિર્મળા બા ચૂપચાપ બેસી રહ્યાં. વચ્ચે થોડું ના સમજાણું, પણ વહુ ચિડાશે એવા ડરથી ચૂપ જ રહ્યાં.

સામાન્ય માંદગીમાંથી સમય લંબાઇ ગયો હતો. આજે હોસ્પિટલમાં દસમો દિવસ હતો. બપોરે ટિફિન લઇને આવેલી માધુરીના મોઢા પર થાક અને અણગમો બન્ને ડોકાતા હોય એવું નિર્મળાબહેનને લાગ્યું. ઓઝપાયેલા મનથી કોળિયા ભરી રહેલાં નિર્મળાબહેનને અચાનક અધૂરી રહી ગયેલી ટીવી સિરિયલ યાદ આવી ગઇ. 'પછી વૈદેહીનું શુ થયું ?' નિર્મળાબહેનના હોઠ સુધી આવેલા શબ્દો, માધુરીના ગુસ્સાની કલ્પના કરતાં અટકી ગયા.

'આ હોસ્પિટલના દોડા ધક્કા પાછળ ટીવી જોવાનો પણ ક્યાં ટાઇમ મળે છે.' ખાલી ટિફિનના ડબ્બા એકઠા કરતાં માધુરી બોલતી હતી.

'મેં તો બધા એપિસોડ્સ ટેપ કરી રાખ્યા છે, એક વાર તમે ઘરે આવી જાઓ પછી નિરાંતે જોઇશ. આમ પણ મને શાંતિથી જોવા જોઇએ.' માધુરી ટિફિન થેલામાં મૂકતા બોલી રહી હતી.'

બારણાં સુધી પહોંચેલી માધુરીએ દુપટ્ટો સરખો કરવાના બહાને ગરદન પાછળ ઘુમાવી અને બોલી, 'ટેપ કર્યા હોય એટલે તમે વચ્ચે પડપૂછ કરો તો પણ રોકી શકાય, કંઇ ચૂકી ના જવાય.' એક આછું સ્મિત એના હોઠ પર ફરકતું હતું.

માધુરી રૂમની બહાર નીકળી ગઇ હતી અને નિર્મળાબહેનને અચાનક લાગ્યું હતું કે હવે જલ્દી સાજા થઇ જવાશે.''

✱✱✱

# નાનકડો બદલાવ



જહાજોના જમાનો હતો ત્યારની વાત છે. એડન બંદરેથી એક જહાજ હિન્દુસ્તાનની દિશામાં નીકળ્યું હતું. જહાજના ખલાસીઓ અને તેનો કેપ્ટન અત્યંત અનુભવી અને હોશિયાર હતા. લાંબો પ્રવાસ હતો તેથી જહાજની ઝીણામાં ઝીણી બાબતો પર દિવસોથી ધ્યાન રાખવામાં આવી રહ્યું હતું અને તેના પર કાબૂ પણ રાખવામાં આવી રહ્યો હતો.

જહાજના કેપ્ટને હોકાયંત્ર પર એક માણસને બેસાડ્યો હતો અને તેને સૂચના આપી હતી કે ભાઈ હોકાયંત્રની સોય તેની જગ્યા બદલે એટલે તારે મને તરત જાણ કરવી.

આવી મોટી જવાબદારી સોંપાઈ એટલે એ ભાઈ તો પ્રાઉડ પ્રાઉડ થઈ ગયા હશે. પરંતુ ભાઈ પાછા અલગારી પણ હોવા જોઈએ. કેમ ? તો કે થોડા કલાકો પછી હોકાયંત્રની સોય ઈંચના વીસમાં ભાગ જેટલી ખસી હતી, પરંતુ

*હોકાયંત્રની સોય ઈંચના વીસમાં ભાગ જેટલી ખસી હતી,*
*પરંતુ ભાઈને એમ થયું હશે કે આટલું અમસ્તું ખસ્યું છે તો એમાં શું કેપ્ટનને જાણ કરવાની?*

ભાઈને એમ થયું હશે કે આટલું અમસ્તું ખસ્યું છે તો એમાં શું કેપ્ટનને જાણ કરવાની? કંઈક નોંધપાત્ર ખસે તો કહીશું, બાપડા કેપ્ટનને કંઈ એક જ કામ થોડું હશે ?

પેલી ઈંચના વીસમા ભાગ જેટલી સોય ખસી પછી તો જહાજે ખાસ્સું અંતર કાપી નાખ્યું અને એ દરમિયાન સોય તેની જગ્યાએથી ખસી પણ નહીં એટલે પેલા ભાઈ તો એમની મસ્તીમાં જ ગુલતાન રહ્યા.

પણ આખરમાં જ્યારે હિન્દુસ્તાનનો કિનારો દેખાવાનો શરૂ થયો ત્યારે મોકાણ થઈ, કારણ કે જે કિનારો દેખાતો હતો એ મુંબઈનો નહોતો ! એટલે હોહા મચી કે મુંબઈનું બંદર ક્યાં ?

તો કોઈક લોકલે તેમને કહ્યું કે મુંબઈ તો પાંચસો માઈલ ઉત્તરે રહી ગયું. કેપ્ટનને ખ્યાલ આવી ગયો કે નક્કી આવું હોકાયંત્રવાળાની ગફલતને લીધે જ થયું છે. એટલે તે તો મારતે ઘોડે હોકાયંત્રવાળા પાસે ગયા. કેપ્ટને હોકાયંત્ર જોયું તો તેમને જણાયું કે હોકાયંત્રનો કાંટો ઈંચના વીસમા ભાગ જેટલો ખસેલો હતો. એટલે તેમણે પેલા માણસને ખખડાવ્યો કે કાંટો ખસ્યો તો તેં મને જણાવ્યું કેમ નહીં ?

તો પેલો ભોળિયો એમ કહે સહેજ જ ખસ્યો ત્યાં તમને ક્યાં દોડાવું ? બાપડા કેપ્ટને કપાળ કૂટ્યું કે, ભાઈ વાસ્તવમાં આ કાંટો સહેજ નહીં, પરંતુ પાંચસો માઈલ જેટલો ખસી ગયો છે ! અને તું જો વધુ ખસવાની રાહ જોતો તો કાંટો પાંચ હજાર માઈલ જેટલો પણ ખસી જાત !

પ્રસંગ તો અહીં પતી જાય છે, પરંતુ બોધ એ છે કે સાવ નાનકડી, નોંધપાત્ર ન લાગતી બાબત પણ ઘણું બધું મહત્ત્વ ધરાવતી હોય છે. આપણી લાઈફમાં પણ આપણે ધ્યાન રાખવાનું છે કે ઈંચના વીસમા ભાગ જેટલા ફેરફારને પણ આપણે નજરઅંદાજ નથી કરવાનો. નહીંતર પાંચસો માઈલ જેટલો લાંબો અને આફતરૂપ પ્રવાસ કરવો પડશે !

✱✱✱

# મૂલ્ય છે, સ્વચ્છ-ગ્રાહ્ય હૃદયનું

☐ હરીન્દ્ર દવે

એક વાર એક રાજાના દરબારમાં ચીન અને ગ્રીસ દેશના કલાકારો આવ્યા.

રાજાએ પૂછયું : ''તમારામાંથી વધારે કુશળ કલાકાર કોણ ?''

ચીનાઓ કહે : ''અમે''

ગ્રીક કહે : ''અજમાવી જ જુઓ તો !''

રાજાએ બંનેને સામસામા ખંડો આપ્યા અને કહ્યું :

''તમારે જોઇએ એ સાધનો માગો, પણ તમે અદ્‌ભુત કલાકૃતિ સરજો.''

ચીનાઓએ કંઇક સો જાતના રંગો માગ્યા અને પચાસ જાતની પીંછીઓ માગી.

ગ્રીક કલાકારોએ કહ્યું : 'અમને તો દીવાલ ઘસવાનાં ને ઉજાળવાનાં સાધનો આપો. બાકીનું બધું આપમેળે આવી જશે.'

રાજાને નવાઇ તો લાગી, પણ તેણે તો જેને જે કંઇ, જોઇતું હતું એ આપ્યું.

સમય વીત્યો પેલા ચીની કલાકારોએ કહ્યું કે, 'અમારી કલાકૃતિઓ તૈયાર છે.

ગ્રીક કલાકારોએ કહ્યું : 'અમારી રચનાઓ પણ તૈયાર છે.'

રાજા સૌપ્રથમ ચીની કલાકારોના ખંડમાં ગયો.

ચીની કલાકારોએ પોતાનો કમાલ પૂર્ણપણે પ્રગટ કર્યો હતો. દિમાગ ચકરાઇ જાય એવાં ચિત્રો હતાં. દીવાલ પર રંગો તેની પૂર્ણ કળાએ ખીલી ઊઠયા હતા.

રાજાને થઇ ગયું કે આથી સારી કલાકૃતિ અશક્ય છે, અસંભવિત છે.

હવે ચીની કલાકારોના દ્વાર ખુલ્લા હતાં. પછી ગ્રીક કલાકારોનો કમરો ખૂલ્યો. રાજાએ તેમાં પ્રવેશ કર્યો. હળવેથી પ્રિયતમા સાથે પ્રથમ યાત્રિએ તેનો પ્રિયતમ છૂટ લે એવી નજાકતની, એટલા લાડથી પેલા ગ્રીક કલાકારોએ પોતાની દીવાલ વસ્ત્રના પડદાને ઠેસવ્યો.

પડદો હટયો અને રાજા ચકિત થઇ ગયો. આમ જુઓ તો ત્યાં કશું જ ન હતુંઃ માત્ર ચકચકિત દીવાલ હતી. દીવાલને ઘસીને, પોલિશ કરીન, એટલી સુંદર બનાવાઇ હતી કે સામેની દીવાલમાંના ચીની કલાકારોનાં ચિત્રો એ દીવાલમાં પ્રતિબિંબિત થઇ ઊઠયા હતા.

રાજા આફરીન પોકારી ઊઠયો.

જાણીતા સૂફી મૌલાના રૂમીએ આ વાત કહી છે.

દુનિયામાં ગમે તેટલી સુંદર ચીજો ભલે હોય, પણ જ્યાં સુધી એ સઘળાંને પોતાનામાં સમાવી લે એવું સ્વચ્છ, ગ્રાહ્ય હૃદય ન હોય ત્યાં સુધી એનો અર્થ નથી. ભગવાન સુંદર છે; પણ ભગવાનને પોતામાં ઝીલી શકે એ હૃદય વધારે સુંદર છે. જ્ઞાનીઓ ભગવાનની આકૃતિ ચીતરવામાં રંગો વેરી રહ્યા છે ત્યારે, ભકતો પોતાના હૃદયને સાફ કરવામાં, સામેના પ્રતિબિંબને ઝીલી લે એવું ચકચકિત બનાવવામાં રત હોય છે.

## ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન સંસ્થાની શૈક્ષણિક ઉત્કર્ષ યોજનાના દાતાઓ તરફથી તા. ૧૫-૧૦-૨૦૨૦ પછી મળેલ રકમની વિગતો

| | |
|---|---|
| શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ લીંબડી નિવાસી (હાલ -સાયન) | ૩૦,૦૦,૦૦૦/- |
| માતુશ્રી હિરાબેન સ્વરૂપચંદ સંઘવી જોરાવરનગર નિવાસી (હાલ-સાયન)<br>હ. ભરતભાઈ - દિલીપભાઈ | ૧,૦૦,૦૦૦/- |
| ચેતનભાઈ ચંપકલાલ શાહ ચોટિલા નિવાસી (હાલ સાંતાક્રુઝ) | ૧,૦૦,૦૦૦/- |

## સાભાર સ્વીકાર

સ્વ. શ્રી જયંતિભાઈના સ્મરણાર્થે હ. શ્રી કિશોરભાઈ સી. શાહ સ્વધર્મી સહાય ફંડ ૧૫૦૦૦

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **આકાશ — અંકિતા** | | |
| શ્રી પરાગભાઈ જયંતિલાલ શાહના સુપુત્ર જોરાવરનગર નિવાસી (હાલ-મુંબઈ) શ્રી પિયુષભાઈ નરસીદાસ ભાયાણીની સુપુત્રી લાઠી નિવાસી (હાલ-ઘાટકોપર) | ૧૦૧૧ | ૧૦૧૧ |
| **પાર્થ — વિધી** | | |
| શ્રી અતુલભાઈ વુન્દાવન પબારીના સુપુત્ર દ્વારકા નિવાસી (હાલ -કાંદિવલી) શ્રી પરેશભાઈ કાન્તીલાલ શાહની સુપુત્રી લખતર નિવાસી (હાલ-બોરીવલી) | ૨૫૦ | ૨૫૦ |
| **દિપેશ — કૃપા** | | |
| શ્રી ગિરીશભાઈ શાંતિલાલ વસોના સુપુત્ર વંથલી નિવાસી (હાલ-મુલુંડ) શ્રી કેતનભાઈ રમેશચંદ્ર તુરખિયાની સુપુત્રી સુદામડા નિવાસી (હાલ-કાંદિવલી) | ૫૦૦ | ૫૦૦ |
| **સાગર — લબ્ધિ** | | |
| શ્રી પ્રકાશભાઈ મુળજીભાઈ વોરાના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ -અંધેરી) શ્રી હર્ષદભાઈ વાડીલાલ શાહની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ-મલાડ) | ૫૦૦ | ૫૦૦ |
| **મુંજાલ — પ્રેક્ષા** | | |
| શ્રીમતી દીપ્તીબેન તથા ભરતભાઈ વિજયભાઈ પંડિયાના સુપુત્ર જામનગર નિવાસી (હાલ-કાંદિવલી) શ્રીમતી હીનાબેન તથા સુનીલકુમાર અરુણભાઈ સંઘવીની સુપુત્રી ધ્રાંગધ્રા નિવાસી (હાલ-કાંદિવલી) | ૫૧૧ | ૫૧૧ |
| **રોહન — દિવ્યતા** | | |
| શ્રી નયનકુમાર ગિરધરલાલ શેઠના સુપુત્ર લખતર નિવાસી (હાલ-મુલુંડ) શ્રી પંકજભાઈ પી. ખારાની સુપુત્રી દામનગર નિવાસી (હાલ-નવી મુંબઈ) | ૫૧૧ | ૫૧૧ |
| **આકાશ — કેજલ** | | |
| શ્રી હિતેશભાઈ મોહનલાલ વોરાના સુપુત્ર જાફરાબાદ નિવાસી (હાલ-અંધેરી) તથા શ્રી અતુલભાઈ બાબુલાલ શાહની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ-ઘાટકોપર) | ૫૦૧ | ૫૦૧ |
| **કૃણાલ — મહેક** | | |
| શૈલાબેન દિનેશભાઈ ત્રંબકલાલ શાહના સુપુત્ર પાળિયાદ નિવાસી (હાલ-ભાયંદર) તથા હર્ષાબેન નવિનચંદ્ર ઈન્દુલાલ શાહની સુપુત્રી ભાવનગર નિવાસી (હાલ -બોરીવલી) | ૫૦૧ | ૫૦૧ |
| **નમન — પૃષ્ટિ** | | |
| દિપાબેન સુરેશભાઈ રસીકલાલ શાહના સુપુત્ર ખંભાત નિવાસી (હાલ-કાંદિવલી) તથા મીતાબેન અતુલભાઈ વોરાની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ-મલાડ) | ૭૫૧ | ૭૫૧ |

**શુભ મંગલ મૅરેજ બ્યુરો**

વૈષ્ણવ, જૈન તથા અન્ય ગુજરાતી જ્ઞાતિઓનાં યુવક-યુવતી અને છૂટાછેડા લીધેલા ઉમેદવારના લગ્ન માટેનું સચોટ અને ઉત્તમ મેરેજ બ્યુરો સંચાલક.

**નીપા શાહ**

૯૮૩૩૧૧૮૭૩૪

૮૭૭૯૧૯૯૮૨૬

## વાચકોની વિચારગોઠડી

# મારું વહાલું બાલમંદિર

**સંધ્યા,**

નવેમ્બરની પત્રિકામાં પ્રગટ થયેલો સુરેન્દ્રનગરના બાલમંદિરનો લેખ બહુ જ ગમ્યો. આ લેખ દ્વારા એવું લાગ્યું કે ઘડિયાળનો સમય વર્ષો પાછો લઈ ગયા હોય અને બાલમંદિરમાં એડમિશન લીધું હોય. મને લાગે છે કે જીવન જીવવાની કળાનો પાયો નાખ્યો હોય તો તે બાલમંદિર હતું. સર્વાંગી વિકાસમાં,મા બાપ બાદ કોઈનો ફાળો છે તો તે બાલમંદિરના શિક્ષકનો કહી શકાય. ભણતર ઉપરાંત સંગીત, વ્યાયામ, રમતો, ગૃહઉદ્યોગ , નાટ્યકલા, વકૃત્વસ્પર્ધા, લીડર તરીકેના ગુણ. કરકસર, સેલ્સ, આમ જીવનના દરેક ગુણનો ભંડાર એટલે બાલમંદિર. 'વિના સહકાર નહિ ઉધ્ધાર' એ પણ પાયામાં હતું. તેં સુંદર રજૂઆત દ્વારા ઋણ ચૂકવવાનો નાનો સરખો પ્રયાસ કર્યો તે માટે કોટિ કોટિ અભિનંદન. હું માનું છું કે આ નાનો પણ સુંદર લેખ આપણી સાથે ભણતા જે કોઈ જોડે સંપર્કમાં હોય તેને જરૂરથી મોકલવો જોઈએ. શ્રેષ્ઠ સમય એ બચપણ છે. તને એક્સિડન્ટ થયો હતો તે મારી સ્મૃતિમાંથી વિસરાઈ ગયેલ જે તાજુ થયું. ખૂબ ખૂબ ધન્યવાદ, આભાર, વિસરાઈ ગયેલી યાદો ને તરોતાજા રાખવા માટે બિગ થેંક યુ.

**સુબોધ તુરખિયા -અમદાવાદ**

---

કોને નમું ? કોણ પદે ઢળું જઈ
કે સ્તોત્ર કોના રહુ ગુંજી ગાઈ ?
હું તેમને આજ સ્મરી, નમી લઉં
જેમણે કર્યું જીવન જીવવા સમું...


**પ્રણામ સંધ્યાબેન,**

નવેમ્બરની પત્રિકામાં બાલમંદિરનું લેખ વાંચી સ્કૂલની યાદો તાજી થઈ ગઈ મેં પણ સ્કુલમાંથી એક કવિતા લખી છે. મારી લાગણી પણ પત્રિકામાં પ્રગટ કરવા વિનંતી.

**કો**ઈક દિવસ આવીશ આ સ્કૂલે,
એવું ક્યાં કદી વિચાર્યું હતું ?
**ઠા**રશે મુઝ હૃદય,મન અને આત્મા,
એવું ક્યાં કદી જાણ્યું હતું ?
**રી**મઝીમ અંતર ભીંજાયું દીવાલે
ને બાળપણ ખીલ્યું તત્કાલે,
**બા**દબાકી ને સરવાળા સાથે અહીં
જીવનનું ગણિત સૌ ગણતા હતા
**લ**ઈ દફતર ને પાટી પેન,
ઢોકળા ને ખીચું માણતા હતા
**મં**દિર જેવા મંગલ વાતાવરણમાં
કેવા સૌ સાથે બેસી ભણતા હતા
**દિ**લથી આભાર તે ગુરુજનોનો,
જેમણે આ અર્ધ્ય ધર્યા હતા
**ર**હી રહીને વાગોળું એ સ્મરણો,
જેણે જીવન બાગ મહેકાવ્યા હતા
પહેલો અક્ષર જ વાંચો તો અમારી
સ્કૂલનું નામ છે.

**કોઠારી બાલ મંદિર**

**શ્વેતા શેઠ - ઘાટકોપર**




**સંધ્યા શાહ,**

બાલમંદિરનો લેખ બહુ ગમ્યો.

બહુ સરસ લખાણ અને વિચારો છે. મારું બાળપણ પણ કોઠારી બાલમંદિરમાં પસાર થયું છે. તેને કેમ ભુલી શકાય ? એ દિવસોમાં હું નાસ્તામંત્રી હતો. સૌથી છેલ્લે નાસ્તો લેવાની મજા કંઈક જુદી જ હતી, ડિશમાં નાસ્તો વધારે મળતો હતો કારણકે હું નાસ્તામંત્રી હતો.

વાહ, સ્મરણીય છે આ દિવસો !

**કિરીટ - વડોદરા**

Dhimant Shah
+91 90295 21575

Er. Aakash Shah
B.E Automobile, A.D.A.M., C.D.E. (Mercedes Benz)
+91 89766 69545

AUTO WORLD
Complete Car Solutions

F-5, Nisarg Heaven CHSL, Pawandham Lane, Mahavir Nagar, Kandivali (W), Mumbai - 67.
+91 93242 06784 / +91 89766 33099
"Now also at Borivali"
Ahead of BPCL Petrolpump, I.C. Colony, Link Road, opp. Metro Pillar No. 144, Borivali (W) Mumbai- 103
+91 9321463225

- CAR REPAIR & SERVICES
- CAR PARTS & ACCESSORIES
- CAR SCANNING
- CAR DIAGNOSTIC CENTER
- INSURANCE & RTO CONSULTANTS
- CASHLESS INSURANCE CLAIMS **
- INTERIOR CLEANING & POLISHING
- CAR A/C. INSTALLATION & REPAIR
- COMPUTERISED KEY MAKING
- TIRE & BATTERIES
- DENTING & PAINTING
- CAR MODIFICATION
- NEW CAR BOOKING
- PRE OWNED CARS
- CAR FINANCE
- TOWING SERVICE AVAILABLE

SPECIALIZED IN PREMIUM CAR REPAIRS
Special Discount on labour for Members upto 20%*
customer.autoworld@gmail.com www.autoworldindia.in

# BIO-DATA



| | |
|---|---|
| **NAME** | : **SHREYANS SANJAYKUMAR DOSHI** |
| Father | : Sanjaykumar Hasmukhlal Doshi |
| Mother | : Maltiben Sanjaykumar Doshi (Housewife) |
| Grandfather | : Late Hasmukhlal Shantilal Doshi (Khatdivala) |
| Grandmother | : Rasilaben Hasmukhlal Doshi |
| D.O.B & Time | : 7th December 1994 9:14 PM, Surendranagar |
| Religion | : Visha Shrimali Sthanakvasi Jain |
| Height & Weight | : 5'-8" & 72 Kg. |
| Education | : B. Tech in Computer Engineering, Nirma University |
| Profession | : Software Engineer at Flow Traders, Amsterdam, Netherlands. |
| Email & Ph. No. | : Shreyansdoshi.94@gmail.com +310622316192 |
| Hobbies | : Hiking, Travelling & Reading |
| Father's Occupation | : Cloth Merchant (Vaibhav Cutpiece Centre - Jawahar Road) & LIC Agent (+919428474873) |
| Permanent Address | : 16 Shrenik, Arvind Soc, Nr Dalmill Road, Surendranagar |
| Siblings | : 1. Shraddha Kunal Sheth (Rajkot) +919429045256<br>2. Shreya Viral Bhavsar (Jamnagar) +917600950918<br>3. Saloni Pratik Vora (Surendranagar) +919429376547 |
| Uncle | : Shrenik Hasmukhlal Doshi (Silvasa) +919099082108 |
| Faiba | : 1. Sharmilaben Mukeshkumar Shah (Surendranagar) - +919427180879<br>2. Sonalben Nikhilkumar Shah (Mumbai) - +918879198155 |
| Mosal | : Bhailalbhai Sanghvi (Kondh)<br>Hiteshbhai Sanghvi -+919879877900 |

(Advt.)

# BIO-DATA



| | |
|---|---|
| **NAME** | : **DEVANSHI DEEPAK SHAH** |
| D.O.B. | : 27-06-1997 |
| Birth Time | : 5:48 PM |
| Birth Place | : Ahmedabad |
| Native Place | : Ranpur |
| Height | : 5.3" |
| Caste | : Visha Shrimali Sthanakvasi Jain |
| Qualification | : B.Com (Balbharti College)<br>Ecced (Safal Teacher Training Institute) |
| Profession | : Preprimary Teacher (Smt. Jayshreeben Vinubhai Vasani High School) |
| Hobbies | : Dancing, Singing, Watching Movies |
| Residence | : 3/201, Discovery Bldg., Opp. J.B. Khot School, Borivali (East), Mumbai - 400 066. |
| Email ID | : sdevanshi27@gmail.com |

**FAMILY**

| | |
|---|---|
| Father | : Deepak Navinchandra Shah |
| Occupation | : Manufacturing & Trading in Thread and all kinds of Tailoring Material |
| Mobile No. | : 9320644166 |
| Mother | : Bhavisha Deepak Shah (Home Maker) Mobile No. 9320644165 |
| Sister | : Nirali Deepak Shah |
| Education | : Student (Pursuing M.Com) |

**PATERNAL FAMILY**

| | |
|---|---|
| Grandfather | : Navinchandra Shantilal Shah |
| Grandmother | : Smt. Pratimaben Navinchandra Shah |

**Uncle**

1. Nileshbhai Navinchandra Shah (9987124125)
2. Jayeshbhai Navinchandra Shah (9320644167)
3. Hiteshbhai Navinchandra Shah (9867888108)

**MATERNAL FAMILY**

| | |
|---|---|
| Grandfather | : Rajnikant Ramanlal Gopani |
| Grandmother | : Late Rasilaben Rajnikant Gopani(Mosal) |

Dhanesh Rajnikant Gopani (Ahmedabad) (9825483837)

(Advt.)

# અભિનંદન... અભિનંદન... અભિનંદન...







## ચિ. ઋષિત હેમાંગ શાહ

**(દેદાદરા નિવાસી — હાલ વડોદરા)**

**શ્રીમતી નેહલ તથા શ્રી હેમાંગ શાહના સુપુત્ર**

**ઋષિત Architectની Entrance Examમાં 185/200 marks સાથે**

**All India First આવેલ છે.** તેણે મેળવેલ આ સિદ્ધિ બદલ

સર્વ કુટુંબીજનો તરફથી અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે

શુભકામનાઓ અને અંતરના આશીર્વાદ...

દાદા – નવીનભાઈ રાયચંદ શાહ

દાદી – સ્વ. વિલાસબેન નવીનભાઈ શાહ

કાકા – નિમિષભાઈ નવીનભાઈ શાહ


કાકી – વૈશાલીબેન નિમિષભાઈ શાહ

ભાઈ – ધરીન નિમિષભાઈ શાહ

(Advt.)

# ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ

## વઢવાણ નિવાસી • હાલ બોરીવલી



**સ્વ. હસમુખલાલ ચુનીલાલ શાહ**
**અરિહંતશરણ**
**તા. ૧૪-૧૨-૨૦૧૯**



**સ્વ. સવિતાબેન હસમુખલાલ શાહ**
**અરિહંતશરણ**
**તા. ૧૪-૦૨-૨૦૦૪**



**સ્વ. જયેશ હસમુખલાલ શાહ**
**અરિહંતશરણ**
**તા. ૨૪-૧૧-૨૦૦૦**

જ્યાં જ્યાં નજર અમારી ઠરે,
યાદી ભરી ત્યાં આપની,
આંસુ મહીં એ આંખથી
યાદી ઝરે છે આપની!
જન્મ, જીવન અને મૃત્યુ; આ ત્રણ પડાવમાં વહેંચાયેલું શરીર,
દૃષ્ટિથી ભલે દૂર થાય; અને શ્વાસની ભલે ગેરહાજરી વર્તાય,
પણ સ્મૃતિ સદાય જીવંત રહે છે; સદકાર્યોની સુવાસ મહેંકતી રહે છે.
આપ નિરંતર અમારા પ્રેરણાસ્રોત રહ્યા છો,
તમારી સ્થૂળ ગેરહાજરીથી અમારા અંતરમાં જે ખાલીપો સર્જાય,
તે તમારા આશીર્વાદથી અને યાદોથી ભરાઈ જાય,
અમને ક્યારેય એકલા પડવા ન દે અને મુશ્કેલ પરિસ્થિતિમાં માર્ગદર્શન આપે.
ગયેલ કોઈ ક્યાં પાછા ફરે છે.
બસ, મહેંકે છે ફૂલ બની યાદોના ઉપવનમાં,
તમારી યાદોનો ગુલદસ્તો અર્પણ કરીએ
શ્રધ્ધાંજલિ રૂપે અમે.

**લિ. આપના વહાલા પરિવારજનો**

| | | |
|---|---|---|
| ચેતન – રેખા | ગીતાબેન વિનોદકુમાર | ઝીલ, પલક, |
| આશા–જયેશ | સ્મીતાબેન | દીપ, દિગંત |
| અતુલ – ફાલ્ગુની | આરતીબેન | કેવીન |

Advt.

# પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ
તા. ૦૭-૦૫-૧૯૩૫

અરિહંતશરણ
તા. ૨૨-૧૦-૨૦૨૦

## સ્વ. કાંતિલાલ નંદલાલ તુરખીયા (શાહ)

મૂળ વતન : સુદામડા — હાલ : ગોરેગામ (મુંબઈ)

પરિવર્તનનો નિયમ સખત છે. શરીર ફક્ત એક સાધન છે.
આપની હયાતિ અમારી પ્રેરણા હતી. આપનું સરળ જીવન,
ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને અમે ક્યારેય ભૂલીશું નહીં.
આપનું પાર્થિવ શરીર પંચમહાભૂતમાં વિલય પામ્યું
પણ સંસ્મરણ રૂપે આપ હંમેશાં અમારા હૃદયમાં જીવંત રહેશો.
ઉડાન ચાહી હતી જેણે સ્વપ્નોના આભે, અનાયાસે ઉડાન આ કેવી ભરી ચૂક્યા !
આપના પવિત્ર આત્માને
જન્મોજન્મ જૈન ધર્મનું શરણ અને નવકાર મંત્રનું સ્મરણ રહે.

**શ્રદ્ધા સુમન અર્પનારા**

**ધર્મપત્ની : શ્રીમતી મંજુલાબેન કાંતિલાલ તુરખીયા (શાહ)**
**પુત્રો - પુત્રવધૂઓ : દિપક - રાજુલ, જીનેશ - રશ્મિ, ધર્મેશ -ભાવિની**
**પૌત્ર - પૌત્રીઓ : શ્રુતિ - કિન્નરી, માનસી - હર્ષલ, પ્રિયંકા - પ્રક્ષાલ**

**સ્વ. અંજવાળીબેન નંદલાલ તુરખીયા (શાહ) પરિવાર**
**સ્વ. ચંપાબેન હરગોવિંદભાઈ ભલાણી પરિવાર**
**ના જય જિનેન્દ્ર**

(Advt.)

M.K.ENGINEERING CO.
FORT, MUMBAI, 98921 51930

DEEPAK ENGINEERING SYNDICATE
GOREGAON WEST, 97698 49168

# પ્રથમ માસિક પુણ્યતિથિ



**જન્મ**
**૨૧-૯-૧૯૪૮**

**અરિહંતશરણ**
**૧૨-૧૧-૨૦૨૦**

## અ.સૌ.ચંદ્રિકાબેન વિક્રમભાઈ શાહ (માથકિયા)

*અહીં સુદેવ-સુગુરુ-સુધર્મનું સાચું શરણ પામનારા એ પુણ્યશાળી આત્મા એ શરણને યથાશક્ય સ્વીકારીને નિગોદથી નિર્વાણની અનંતની યાત્રાના આ પડાવે (મુકામે) ભવિતવ્યતા અનુસારે જે પામવાનું હતું તે પામીને આગળની અનંતની યાત્રાએ પ્રયાણ કરી ગયાં છે. હવે પછીની યાત્રામાં પણ સુદેવ-સુગુરુ-સુધર્મનું સુશરણ પામતાં રહો અને ઉત્તરોત્તર ઊંચી ને ઊંચી સાધના કરતાં રહી પરંપરાએ શરણ લેનારા તેઓશ્રી શરણ આપનારા સ્વયં પરમાત્મા પદે વિરાજમાન થઇ ભવાન્ત સાધી લોકાગ્રશિખરે સિદ્ધપદે શાશ્વત સ્વરૂપસ્થતાને પામી સચ્ચિદાનંદમાં રમમાણ રહો ! એવી અમ પરિવારની પારિવારિક પ્રાર્થના છે !*

તત્સમયની તથાપ્રકારની પર્યાયને પામીને દેહપરિવર્તન થયેથી, વર્તમાન પંચ મહાભૂતનો બનેલ પાર્થિવ દેહ પંચ મહાભૂતમાં ભળી જઈને અસંખ્યપ્રદેશી જ્ઞાનાનંદી પ્રેમસ્વરૂપી ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા એના અદેહી પરમાત્મ પદને પામવા અનંતની યાત્રાએ સુખરૂપ પ્રયાણ કરી ગયેલ છે.

**સ્વસુર : સ્વ. વસંતલાલ વૃજલાલ શાહ – સ્વ. સવિતાબેન – ધ્રાંગધ્રા**
**પિયર : સ્વ. જયંતીલાલ નારણભાઈ સંઘવી – સ્વ. તારાબેન – સાણંદ**

વૈશાલી (ડોલી ) પરાગ દોશી - દીકરી, જમાઈ
નેહલ પ્રીતેશ શાહ - દીકરી, જમાઈ
દોહિત્રી - સુહાની
વિશાલ - પુત્ર પૃથા - પૌત્રી
નેહા - પુત્રવધૂ ધ્રુવી - પૌત્રી

**ભાઈ-ભાભી**
ઈંદીરાબેન- સ્વ. ગૌતમભાઈ
ઈલાબેન- યોગેશભાઈ

**નણંદ- નણદોઈ**
રંજનબેન-નવિનભાઈ શાહ
માલતીબેન-વિજયભાઈ દોશી

**પિયર પક્ષ :** ભાઈ-ભાભી
સ્વ : જસવંતભાઈ ભાભી: હંસાબેન
દિલીપભાઈ ભાભી : હેમાંગીબેન
ભરતભાઈ ભાભી : હર્ષાબેન
કેતનભાઈ ભાભી : પારુલબેન

**બેન - બનેવી**
કૈલાશબેન: વિનોદકુમાર ગોપાણી
સ્વ. રસીલાબેન જગદીશકુમાર ગાંધી
લીનાબેન : અનિલકુમાર સંઘવી

**વેવાઈ :**
દિલીપભાઈ દોશી - પૂનમબેન
સ્વ. જયસુખલાલ શાહ - મૃદુલાબેન
વાસુદેવભાઈ નાયક - માલતીબેન

**લિ૦**

**એ ભવ્યાત્માની પુણ્યસ્મૃતિને હૃદયાન્કિત કરનારા**
**વિક્રમભાઈ..... શાહ., વિશાલ શાહ અને સમસ્ત શાહ પરિવાર**

(Advt.)

# અશ્રુભીની શ્રદ્ધાંજલિ
# પુણ્યતિથિ



## સ્વ. કાંતિલાલ હીરાચંદ શાહ

**જન્મતારીખ : ૨૭-૩-૧૯૩૧**
**અરિહંતશરણ : ૨૯-૧૧-૨૦૦૬**

રહેવા સદાય દુનિયામાં કોઈ આવતું નથી,
વિદાય એવી લીધી કે મન હજી માનતું નથી.
દરેકને ઉપયોગી થયા, ઝઝૂમતા રહ્યા.
જીવન પથના કાંટા સહન કરી,
અમારા માટે ફૂલ પાથરી ગયા.
મમતા જેનું મંદિર હતું, કર્મ જેનું કર્તવ્ય હતું,
પરિવાર જેને પ્રિય હતો, સ્નેહ જેની શક્તિ હતી
એવા અમારા પપ્પા
આપને હરઘડી યાદ કરનાર આપના વહાલા સ્વજનો...

**આપના સદૈવ ઋણી**

| | | |
|---|---|---|
| પુત્ર, પુત્રવધૂ તથા પૌત્ર | : | આશિષ, સોનલ, ધ્રુવ |
| દીકરી-જમાઈ | : | ભારતી સુનીલકુમાર શાહ |
| | | આરતી ભૂપેન્દ્રકુમાર શાહ |
| | | આશા જયેશકુમાર શાહ |
| દોહિત્રી-જમાઈ | : | વૈશાલી ઋષભકુમાર સખીદા |
| | | પાયલ પરિમલકુમાર કામદાર |
| | | તૃપ્તિ જીનેશકુમાર સોગઠી |
| | | રૂપલ અંકિતકુમાર શાહ |
| દોહિત્ર-દોહિત્રી | : | અંકુર, આયુષ, ઝીલ, દીપ |
| | | આર્વીયા, મનન, પુષ્ટિ, આર્યન |

હીરાચંદ જયમલભાઈ શાહ પરિવાર
નાગરદાસ ઉજમશીભાઈ સલોત પરિવાર

Advt.

# ૨૩મી પુણ્યતિથિએ
# ભાવભીની શ્રદ્ધાંજલી



## સ્વ. વિમળાબેન રમણીકલાલ સંઘવી

**જન્મતારીખ : ૧૦-૭-૧૯૪૬**
**અરિહંતશરણ : ૨૬-૧૨-૧૯૯૭**

*જીવન જીવ્યા તમે ખુમારીથી, સંબંધો નિભાવ્યા સહજતાથી હૈયે સૌના વસતા રહ્યા, સજ્જનતા તમારી સુવાસ હતી, પરોપકાર તમારું જીવન હતું, પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી, આંખોમાં ભક્તિનું અંજન સ્વભાવમાં સંસ્કારનું ચંદન અને ભીતરમાં ત્રિશલાનંદનને વંદન કરી વટવૃક્ષ જેવા વિશાળ કુટુંબમાંથી તમારી વિદાય એ અમને અજંપો લાગે છે.*

આપનું જીવન ધર્મભાવના, કુટુંબભાવના અને સમાજભાવનાનો ત્રિવેણી સંગમ હતું. આ ત્રિવેણી સંગમમાંથી અમે જ્ઞાનભક્તિ અને પ્રેરણાના જળનું ખોબે ખોબે આચમન કરેલ છે. આપના આશીર્વાદ અમારી મૂડી છે. આપના આદર્શો અમારા જીવનની દીવાદાંડી છે. આપનો પ્રેમાળ સ્વભાવ અમારો વિસામો છે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરશાંતિ આપે અને જૈન ધર્મનું શરણું પ્રાપ્ત કરી ભવાંતરે મોક્ષ ગતિ થાય એ જ મંગળ પ્રાર્થના.

**લિ**

**રમણીકલાલ રતિલાલ સંઘવી**

| | | |
|---|---|---|
| પુત્રો | : | કલ્પેશ, તુષાર, નીરવ |
| પુત્રવધૂ | : | પારુલ, ફાલ્ગુની, દર્શીતા |
| પૌત્રો-પૌત્રી | : | ભવ્ય, આયુષ, નિયતી, સિદ્ધાંત, મહેક તથા મોક્ષ |

સ્વ. શાંતાબેન રતિલાલ સંઘવી પરિવાર
સ્વ. રંભાબેન ગાંડાલાલ પારેખ પરિવાર
સરનામું : ૬૦૭/૬૦૮ સંભવનાથ ટાવર, સુધા પાર્ક, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

Advt.

# વાર્ષિક પુણ્યતિથિ



## સ્વ. રસિકલાલ દલસુખભાઈ સંઘવી

**જન્મતારીખ : ૨૦-૫-૧૯૪૦**
**અરિહંતશરણ : ૧૦-૧૨-૨૦૧૯**
**મૂળ વતન : ગુંદીયાળા • હાલ : બોરીવલી**

❁

તમારું જીવન અમારી પ્રેરણા હતું
તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા
તમારા સરળ જીવન દયાળુ સ્વભાવ
ભાવનાશીલતાને ક્યારેય નહિ ભૂલીએ
પરમાત્મા આપના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

❁

**※ શ્રદ્ધાંજલિ અર્પતા ※**

**સ્વ. સમજુબેન દલસુખભાઈ સંઘવી પરિવાર**

❁

**※ આપના સદેવ ઋણી ※**

**પત્ની વનિતાબેન રસિકલાલ સંઘવી**

પુત્ર, પુત્રવધૂ : જીતેન્દ્ર, તેજલ
પૌત્ર : વત્સલ, દિયાન
પુત્રી-જમાઈ : સંધ્યા ડિજેશકુમાર દોશી
પુત્રી-જમાઈ : કલ્પના પરેશકુમાર ખંધાર
દોહિત્ર : હર્ષિલ, કુશલ, ખુશ્બુ, મીત
સસરા : પાનાચંદ લહેરચંદ ગાંધી (હારીજવાળા)

Advt.

જૂના-જાણીતા જૈન વિનુભાઈ લીંબડીવાળાનું પ્રખ્યાત

**કાળા તલનું કચરિયું**

લીંબડી અને સુરેન્દ્રનગરમાં પણ મળશે.

**SINCE 1980**

**શેઠ કિંજલકુમાર વિનુભાઈ**

શોપ નં. ૩, ૪ શ્રીજી કોમ્પલેક્ષ,
યુરો કિડસ સ્કૂલની બાજુમાં, જીનતાન રોડ,
મહાવીર સ્વામી દેરાસરની બાજુમાં,
સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨
મોબા.: ૯૮૯૨૯૨૭૩૪૧

**શેઠ કિંજલકુમાર વિનુભાઈ**

બાહેલાપરા, ચબુતરા પાસે, લીંબડી - ૩૬૩૪૨૧
મોબા.: ૯૮૬૭૦૮૭૩૫૪ / ૯૯૨૪૧૮૭૩૩૦

નોંધ : બહારગામ માટે કુરિયર સર્વિસ મળશે.
કાળા તલનું તેલ ૧૫ કિલો મળશે.

(Advt.)

૧. છેલ્લું કવર પેજ (Four Colour Printing )
૧૮૦ મિ.મી. x ૨૦૫ મિ.મી — રૂા.૧૦૦૦૦/-

૨. કોઈપણ કલર પેજ
(Four Colour Printing )
૧૮૦ મિ.મી x ૨૪૨ મિ. મી. — રૂા. ૮૦૦૦/-

૩. આખું પાનું ૨૧x૧૭ સેન્ટિમીટર
(Black & White Printing) — રૂા. ૪૧૦૦/-

૪. અર્ધું પાનું (ઊભી સાઈઝ)
૨૧x૮ સે. મી. (Black & White Printing) — રૂા. ૨૧૦૦/-

૫. પા પાનું (Black & White Printing)
૧૦x૮ સે. મી. — રૂા. ૧૧૦૦/-

૬. પેનલ (Black & White Printing)
૬x૫ સે.મી. — રૂા. ૬૦૦/-

**Please send Artwork in JPEG Format Only**

# દ્વિતિય વાર્ષિક પુણ્ય તિથિએ ભાવભરી શ્રધ્ધાંજલી ના સુમન

જન્મ
તા. ૧૭.૦૨.૧૯૩૬



અરીહંત શરણ:
તા. ૨૮.૧૧.૨૦૧૮

## પૂજય પિતાશ્રી સ્વ.નવીનચંદ્ર શીવલાલ શાહ (રાયચુરવાળા)

**(વતન: વઢવાણ-હાલ: વિલેપાર્લા)**

વડીલ ગુમાવ્યાની વ્યથા શબ્દોમાં સમાતી નથી, હરહંમેશા હેતની લાગણી વિસરાતી નથી,
વસ્યા છો દૂર, છતા કૃપા આપની વરસતી રહેશે, આપના સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરતી રહેશે.

---

આપનુ જીવન અમને સદાય પ્રેરણા આપે, આપનો શાશ્વત પવિત્ર આત્મા જ્યાં પણ હોય
ત્યાં જિન શાસનનું શરણ મળે અને સર્વ કર્માનો નાશ કરી મોક્ષગામી બને
એજ પ્રભુ પાસે મંગલ પ્રાર્થના.

## ભવો ભવના ઋણી
## સ્વ. શાંતાબેન શિવલાલ શાહ પરિવાર

| | | | |
|---|---|---|---|
| ધર્મ પત્નિ | : સ્વ. ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ | પુત્રી-જમાઈ | : વત્સલા પ્રફુલભાઈ ગાંધી<br>પૂર્ણિમા પંકજભાઈ જોબાલીયા<br>અલ્પા નિલેશભાઈ દોશી<br>શિલ્પા હેમાંગભાઈ ડગલી |
| પુત્ર-પુત્રવધુ | : કમલેશભાઈ - નીપા | | |
| પૌત્ર-પૌત્રી | : યશોવર્ધન - જહાન્વી | | |
| ભાઈ-ભાભી | : અ.સૌ. ચારૂલતાબેન રજનીકાંત (રતનમુનીશ્રીજી મ.સા) શાહ | દોહિત્રા-દોહિત્રી | : મોના - પ્રતિક - સાગર - પૂજા<br>દેવાંગી-ધર્મિન-કશીશ-પૂણ્યા |
| બહેન-બનેવી | : ગં.સ્વ. પદમાબેન ગુણવંતલાલ શાહ | ભત્રીજી-ભત્રીજા | : વિશાલ, પૂર્વી, મિતુલ, કવિન |

Advt.

# શ્રધ્ધા સુમન



જન્મ
૦૨.૦૩.૧૯૩૭

અરિહંતશરણ
૧૩.૧૦.૨૦૨૦

## સ્વ. બાબુલાલ હિંમતલાલ સખીદાસ

### (લીંબડી નીવાસી હાલ બોરીવલી)

પરિવાર જેનુ મંદિર હતું, સ્નેહ જેની શક્તિ પરિશ્રમ જેનુ કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભક્તિ એવા એ દિવ્ય આત્મા ને શત શત નમન

આપની વાત્સલ્યતા, લાગણીશીલ, સ્વભાવ, નિસ્વાર્થ પ્રેમ સદા હસતો ચહેરો,
કુટુંબ પ્રત્યે નો પ્રેમ ધર્મ પ્રત્યેની શ્રધ્ધા વિ. સદાય અમને પ્રેરણા આપતા રહેશે.

આપના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે એવી અમારી પરમાત્માને પ્રાર્થના :

**શોકાતુર પરિવાર**

**ર્ધમપત્ની :**
શ્રીમતી સુશીલાબેન બાબુલાલ સખીદાસ

**પુત્ર પુત્રવધુ**
નીશા-પિયુષભાઇ બાબુલાલ સખીદાસ

**દીકરી જમાઇ**
સ્મિતાબેન જયેશભાઇ શેઠ
કવિતાબેન નીખીલભાઇ શાહ

**પૌત્ર - દોહિત્ર**
પ્રિત - પાર્થ - નીધી - દર્શક - ફેમીલ - જીનલ - હીનલ

**સ્વ. હિમંતલાલ ચુનીલાલ સખીદાસ પરિવાર**

**સ્વ. કાળીદાસ માણેકચંદ વોરા પરિવાર**

Advt.

# ત્રીજી પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ

અવનિ અવતરણ
૦૨ / ૧૨ / ૧૯૩૪



અરિહંતશરણ:
૦૩ / ૧૨ / ૨૦૧૭

## સ્વ. કિશોરકુમાર વાડીલાલ શાહ

છોડી સ્વજનોનો સાથ
તમે વસ્યા પ્રભુને પાસ
નથી હયાત પણ છો સાથ,
એવો અમને રહેશે ભાસ
શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે,
અંજલિ આપતા હૈયુ તૂટે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે
એ જ પ્રભુ પાસે પ્રાર્થના

### શ્રધ્ધાસુમન અર્પણ કરનાર

ધર્મપત્ની : અરૂણાબેન કિશોરકુમાર શાહ
પુત્ર : તેજસ
પુત્રવધુ : દીપ્તિ
પૌત્ર : લવ્ય

Advt.

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રધ્ધાજંલિ



# ધર્માનુરાગી સ્વ. કમળાબેન વાડીલાલ વોરા

(દેવધરી વાળા)

પૂજ્ય બા. આપના વાત્સલ્યના વિયોગને એક વર્ષ પૂર્ણ થયુછે. આપની હયાતી અમારી પ્રેરણા હતી. આપના આદર્શ અમારું માર્ગદર્શન હતા. આપનું સાદગી ભર્યુ નિ:સ્વાર્થ જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ તથા લાગણીશીલતા અમો જીવનભર ભુલીશુ નહી.

ચંદનસમુ જીવન જીવીને, સુખ સહુને આપી ગયા. ખૂદ ઘસાઈ અમ કાજે, સૌરભ થઈ પ્રસરી ગયા. તમારી સચ્ચાઈ, મહેનત, હિંમત, સહનશક્તિ અને ધર્મભક્તિ ને વંદન નમસ્કાર. જીવન એવુ જીવી ગયા કે ભૂલાય નહિ, વિદાય એવી લીધી કે કદી વિસરાય નહિ. મળે આપને શાશ્વતા સુખ એજ જીનેશ્વર ભગવાનને પ્રાર્થના.

માતાના હૈયાના આશીર્વાદજ સંતાનોની સાચી મૂડી છે.
સદાય આપે શાતા અને હૂંફ એજ જન્મદાતા છે. ઉપકારો જેના અગણિતછે. માવતર જીવનનુ અમૃત છે. સંતાનો માટે વ્હાલની મુરત છે. આપની વિદાયને એક વર્ષ પુરૂ થઈ ગયુ. અમી ભરેલી છત્રછાયા ગુમાવી. ''મધર ઈન્ડીયા'' નો રોલ કરીને દુ:ખના દિવસો ખૂબ વિતાવ્યા. સુખ નજીક આવતા અંતિમ યાત્રાએ નીકળી ગયા. આપનો આત્મા જ્યાં પણ હોય ત્યાં જન્મોજન્મ જૈનધર્મ અને નવકાર મંત્રનું સ્મરણ પામો એવી પરમ કૃપાળુ પરમાત્માને વોરા પરિવાર વતી પ્રાર્થના.

**સ્વ. વોરા વાડીલાલ અભેચંદભાઈ પરીવાર**
**(કમળા વાડી)**

શૈલેશ, મનિષા, મૌલિક, સોનમ, શારવ, હીરક
મહેન્દ્ર, રૂપા, જીમીત નેહા
વિમલેશ, સ્વાતિ, રૂચિત, સ્વાતિ, ઝીલ
સંજય પીના, ડોલી રાહી
જયેશ, કીરપા મૌસમ, જૈનમ
ભારતીબેન - નિલેશ - રાજુ - અલ્પા - ભાવિકા - મિહિર
કોકીલાબેન - પ્રવીણભાઈ, વિરાંગ, અપેક્ષા, હેતવી,
તારક, બ્રીજેશ - ચાર્મી

Advt.

## શ્રી ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

### દ્વિમાસિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

જન્મ :
તા. ૧૨-૦૫-૧૯૩૭



અરિહંતશરણ :
તા. ૨૧-૦૯-૨૦૨૦

## શ્રીમતી પુષ્પાબેન સી. દોશી (ઉંમર વર્ષ ૮૪)

અરિહંતશરણ : પ્ર.આસો સુદ - ૫, સોમવાર તા. ૨૧.૦૯.૨૦૨૦

**મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ...**
**એથી મીઠી તે મોરી માત રે...**
**જનની ની જોડ સખી ! નહીં જડે રે લોલ...**

મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે,
મૃત્યુ પામે છે માનવી પોતે પણ તેના સત્કર્મો જીવે છે...
આપના સુમધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં...
આપના સત્કર્મોની સુવાસ છે અમારા શ્વાસોમાં...
દૃષ્ટિમાં હજુયે રમે છે આપનો વાત્સલ્ય સભર ચહેરો...
અંતરમાં હજુયે પડઘાય છે આપની સ્મૃતિના ધબકારા...

| | |
|---|---|
| પતિ | : સ્વ. ડૉ. સી. પી. દોશી |
| પુત્ર - પુત્રવધુ | : ડૉ. અતુલ - પારૂલ, મનીષ - જાબાલી |
| દીકરી - જમાઇ | : દિવ્યા - અતુલકુમાર |
| પૌત્ર - પૌત્રી | : ડૉ. આદિત્ય, ડૉ. મેઘા, ડૉ. અનુજ |
| દોહિત્ર - દોહિત્રવધુ | : અક્ષય - દીયા |
| દોહિત્રી | : સ્નેહા |
| દીયર - દેરાણી | : સ્વ. મહેન્દ્રભાઇ - મંજુલાબેન, જશવંતભાઇ - સ્વ. સરોજબેન, સ્વ. રમેશભાઇ - સ્વ. સુનિતાબેન, જયસુખભાઇ - જયશ્રીબેન, સ્વ. જીતેશભાઇ |
| નણંદ - નણદોઇ | : સ્વ.લીલીબેન - સ્વ.કાંતિલાલ સંઘવી, સ્વ.રંજનબેન - જયપ્રકાશ શાહ |
| માતુશ્રી - પિતાશ્રી | : સ્વ.મરઘાબેન - સ્વ.ધારશીભાઇ કેશવલાલ શાહ |

Advt.

# ભાવભીની શ્રધ્ધાંજલિ



જન્મ:
૨૩-૦૯-૧૯૬૫

**સ્વ. અ. સૌ. મિતાલીબેન અતુલભાઈ શાહ**
મૂળવતન: લીંબડી (અંકેવાળિયા), હાલ: ગોરેગામ (મુંબઈ)

અરિહંતશરણ:
૨૨-૧૦-૨૦૨૦
આસોસુદ ૭, ગુરૂવાર

વૈભવ મળશે, કીર્તિ મળશે, મળશે સઘળા સુખ
જનાર માતા હવે કદીયે નહી મળે એજ છે મોટુ દુ:ખ,
સપનામાં લાગે છે મારી દુનિયા ખોવાય છે.
આજ પણ આંખ ખોલીને જોવું તો મારી માં 'જ' ખોવાય છે
અમારી સુખ દુ:ખની પ્રત્યેક પળોમા આપની પ્રેરણા અને
આશીર્વાદ વરસતા રહે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ
આપનો આત્મા જ્યાં હોય ત્યાં શાશ્વત શાંતિ પામે
જન્મોજન્મ જૈન ધર્મ અને નવકારનું શરણ પામે
એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે અમારી પ્રાર્થના છે.

## તમારા વિયોગમાં શોકાતુર પરિવાર

| | |
|---|---|
| સાસુ-સસરા | : સ્વ. કોકીલાબેન અમૃતલાલ શાહ |
| પતિ | : અતુલભાઈ અમૃતલાલ શાહ |
| પુત્ર | : માનવ અતુલભાઈ શાહ |
| જેઠ-જેઠાણી | : દિલીપભાઈ-રૂપલબેન |
| દેર-દેરાણી | : ભાવેશભાઈ-અલ્પાબેન |
| ભત્રીજા-ભત્રીજાવહુ | : નિશ્ચલ-શ્રેયા |
| ભત્રીજો | : વત્સલ |

પિયર પક્ષ
**સ્વ. કુંદનબેન રતિલાલ મહેતાના સુપુત્રી**
મૂળ વતન: મોરબી હાલ ઘાટકોપર
**શાહ પરિવાર અને મહેતા પરિવારનાં**
**જય જિનેન્દ્ર**

Advt.



ઉદય:
૦૧-૦૧-૧૯૬૫

અસ્ત:
૨૮-૧૨-૧૯૯૫

ચુડા નિવાસી

# અ.સૌ. પૂર્વી જયેશ ખંધાર

''ખોવાઇ છે 'મા' અમારી
કરજો જાણ જો હોય કોઇને ભાળ 'મા'ની''

''જગનો આધાર એની આંગળી રે લોલ
કાળજામાં કંઈક ભર્યા કોડ રે, મારી જનની જોડ જગે નહિ જડે રે લોલ''

મા તને કયાં ખોળુ ? સંતાકુકડીનો દાવ રમાડીને તુ કયાં છુપાઇ ગઈ મા ? ના કોઈ ચિઠ્ઠી આપી ના કોઈ તારું સરનામુ આપ્યુ, ના છેલ્લીવાર મળવાનો મોકો આપ્યો અને તને ગળે લગાવી શકીએ એવી પળ પણ ન આપી. કયાં ખોળુ તને ? રોજ તુ કાંઈક ખરીદી કરવા જાય અમે તારી રાહ જોતાં, પણ એ દિવસે જે ખોટ હતી એ ભેટ અમને આપી હજુ એનો મરમ વ્યક્ત થાય ત્યાં તો પળવારમાં તું મોઢુ ફેરવીને ચાલી નીકળી. તારી પાછા આવવાની ઘણી રાહ જોઈ પણ આજ સુધી તો પાછી ફરી નથી. પા પા પગલી શીખવી જીવન સંસારની રાહ પર એકલા મૂકી તું એટલી દૂર ચાલી ગઈ, દુનિયાના દરેક ખૂણે તારી શોધ કરી પણ અમે નિષ્ફળ રહ્યા. તારો દિકરો 'મા' બોલે અથવા તારો ચહેરો નીરખે એ પહેલા તું ખોવાઈ ગઈ, એની આંખોએ, એની કાલી ઘેલી ભાષાએ તને ખૂબ ખોળી પણ તું ના મળી. આંસુ લૂછવા માટે તારો પાલવ પણ ના રહ્યો અને પળવારમાં બધું સરી ગયુ.
એક વાર તો સ્વપ્ને આવજે માડી.

ભીની ભીની શ્રધ્ધાનાં સુમન અર્પણ કરતા
લાડકડી અ.સૌ. પ્રિયલ પૂરવ શાહ, લાડકડી અ.સૌ. શ્વેતા કૌશલ શાહ
લાડકવાયો શ્રેયક જયેશ ખંધાર

સ્વ. શ્રી નવનીતલાલ જગજીવનદાસ તારાચંદ વોરા
સ્વ. શ્રી ચંદ્રાબેન નવનીતલાલ વોરા
શ્રી જયેશ નવનીતલાલ વોરા
શ્રીમતી સોનલ જયેશ વોરા
શ્રી નિલેશ નવનીતલાલ વોરા
શ્રીમતી રક્ષા નિલેશ વોરા
સ્વ. શ્રીમતી જયમાલા કૌશીક ઉપાધ્યાય
અ. સૌ. હિમા જીગર દોશી
અ. સૌ. ઊર્મિ નીલ શાહ
ચિ. રાજ નિલેશ વોરા
ચિ. દિવા જીગર દોશી

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2018-20. WPP Licence No. MR/Tech/WPP- 341/south/2018-20. Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

# પચ્ચીસમી સ્વર્ગારોહણ તિથિ

આગમન
૦૧.૦૧.૧૯૬૫



પ્રસ્થાન
૨૮.૧૨.૧૯૯૫

ચુડા નિવાસી
**અ.સૌ. પૂર્વિ જયેશ ખંધાર**

## પાંપણ ભીની સ્મરણાંજલિ....

પૂર્વિ તારા સ્નેહનું ઝરણું, મુજ હૈયા માં વહ્યા કરે,
મળે તુજને પ્રભુ શરણું એવી ભાવના નિત્ય રહે... પૂર્વિ

ગુણ થી ભરેલી પ્રિય પૂર્વિ, હૃદિયે મારા કાયમ રહે,
તુજ દિવ્ય આત્માને, વંદન મારા અવિરત રહે... પૂર્વિ

પ્રિયલ, શ્વેતા, શ્રેયકની રાહબર બની ઉભી રહે,
આશિષ કેરી અમીવર્ષા, સતત તું વરસાવતી રહે... પૂર્વિ

ખંધાર કુટુંબની આ કુળવધુની નામના કાયમ અમર રહે,
ભલે, ના હો તું માનવ દેહે, સ્મૃતિ સદાય તારી રહે...પૂર્વિ

જિન પ્રભુના ચરણોમાં સાશ્વત સુખ તું પામે,
ભવો ભવના આ બંધનમાંથી મુક્તિ પૂર્વિ તુજને મળે.

તારો 'જયુ'

### સાસુ-સસરા
**અ.સૌ. સ્વ. લીલાવંતીબહેન મગનલાલ ખંધાર**
**સ્વ. મગનલાલ મોહનલાલ ખંધાર**

### જન્મદાતા
**અ.સૌ. સ્વ. સવિતાબહેન ધીરજલાલ શાહ**
**સ્વ. ધીરજલાલ મોહનલાલ શાહ**

### ભવોભવનો ભરથાર
**જયેશ મગનલાલ ખંધાર**

પનોતો પુત્ર : **શ્રેયક**

### લાડકવાયી દિકરી/જમાઈ
**અ.સૌ. પ્રિયલ પૂરવ શાહ**
**પૂરવ અશ્વિનભાઈ શાહ**
**અ.સૌ. શ્વેતા કૌશલ શાહ**
**કૌશલ હરેશભાઈ શાહ**

દોહિત્રી : ત્રિશા

### નણંદ/નણંદોઈ
**અ.સૌ. હર્ષા રમેશચંદ્ર શાહ**
**રમેશચંદ્ર શાંતિલાલ શાહ**
**અ.સૌ. ચેતના નરેશભાઈ કામાણી**
**નરેશભાઈ ગુલાબદાસ કામાણી**

Advt.

Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah